
વર્ષ : ૫૦ ❖ અંક : ૦૪
એપ્રિલ-૨૦૨૬

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ




સંસ્થા સંચાલિત
વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ
ના વિદ્યાર્થીઓ

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૪૨૬. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૯ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૪૨૬. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

## સંસ્કાર-સિંચન, શિક્ષણ અને સર્વાંગી જીવનવિકાસની

# વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ

**જૂન-૨૦૨૬ થી પ્રારંભ થતા સત્રથી, આપણી સંસ્થાના નવનિર્મિત, શૈક્ષણિક સુવિધાઓથી યુક્ત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરૂકુળ' માં ધોરણ-૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઇ શકશે, જેની કેટલીક વિગતો નીચે મુજબ છે :**

(૧) વિદ્યાર્થીઓને પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના આશીર્વાદ તેમજ ગુરુમાતા પૂજ્ય શર્મિષ્ટાબેન અને પૂ. સુરેશજીનું સાન્નિધ્ય તથા મુમુક્ષુ ભાઈ-બહેનોના વાત્સલ્યનો લાભ પ્રાપ્ત થશે.
(૨) વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૮,૦૦૦/- (અઢાર હજાર પૂરા) રહેશે.
(૩) પ્રતિભાસંપન્ન જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માં યોગ્ય કન્સેસન મળશે.
(૪) માત્ર વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ મળશે.
(૫) મોટા સ્વચ્છ રૂમમાં પલંગ, કબાટ, ટેબલ, નાઇટલેમ્પ, કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય સહિત આવાસની સગવડ.
(૬) શુદ્ધ, સાત્ત્વિક, રુચિકર, આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત દૂધ-છાશની સુવિધા.
(૭) અનુભવી, બાળપ્રેમી, પૂર્ણ સમયના ગૃહપતિ તથા ગૃહમાતા તેમજ પ્રાઇવેટ ટ્યુશનની સગવડ.
(૮) ચાલુ શિક્ષણ ઉપરાંત,
(A) રમત-ગમતના સાધનો
(B) ઇતર વાચનની પ્રવૃત્તિ
(C) પ્રેરણાદાયી વાર્તાઓનું આયોજન
(D) ધર્મ અને નીતિનું શિક્ષણ
(E) શાંત, પર્યાવરણસભર, સ્વચ્છ, કુદરતી વાતાવરણ (સાબરમતી નદીથી નજીક)
(૯) વિદ્યાર્થીના ઓછામાં ઓછા ૬૦% (ટકા) ગુણ હોવા જરૂરી છે.
(૧૦) પ્રવેશફોર્મ તા. ૧ એપ્રિલ થી સંસ્થાના કાર્યાલય તથા ગુરુકુળમાંથી ઉપલબ્ધ થઇ શકશે.
(૧૧) પ્રવેશફોર્મ ટપાલ દ્વારા / રૂબરૂ મેળવીને, માહિતી ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું.
(૧૨) વિદ્યાર્થીઓએ તા. ૧૭/૦૫/૨૦૨૬ ના રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે મૌખિક ઇન્ટરવ્યુ માટે વાલી સાથે ઉપસ્થિત રહેવું.

**મૌખિક ઇન્ટરવ્યુ**
**તા. ૧૭/૦૫/૨૦૨૬, રવિવાર**
**સવારે ૯-૦૦ વાગ્યે**

**સંપર્ક સૂત્રો :** (૧) સંસ્થા કાર્યાલય (મો) ૯૪૨૮૬૬૨૩૮૬ (૨) ગૃહપતિશ્રી (મો) ૬૩૫૫૭૨૧૭૯૫ (૩) શ્રી નીતાબેન લોઢીયા (મેનેજરશ્રી) - (મો) ૯૭૨૩૩૫૦૩૬૯

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (પ્રકાશન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૧૦૦૦

પાંચ વર્ષ રૂા. ૧૫૦૦

**પરદેશમાં**

ત્રિ-વાર્ષિક : $-120 / £-100

પાંચ વર્ષ માટે : $-170 / £-150

આજીવન લવાજમ પ્રથા પોસ્ટના નવા નિયમો મુજબ નાબૂદ કરેલ છે.


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ.............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) ભગવાન મહાવીરનો જીવનસંદેશ... પૂજ્યશ્રી આત્માનંદજી ... ૬

(૩) શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ....... બા.બ્ર.પૂ.શ્રી સુરેશજી...... ૯

(૪) જીવો અને જીવવા દો.. પૂ. આર્યિકા જિનરાજશ્રી માતાજી . ૧૩

(૫) શક્તિતઃ તપ ભાવના ........ બા.બ્ર. કપિલભૈયા ... ૧૭

(૬) કર્મ વિશે વિચાર-૨ ....પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ.. ૨૦

(૭) શ્રી પૂજ્યપાદ આચાર્ય ...... પ્રા. ચંદાબહેન પંચાલી ......૨૩

(૮) 'જ્ઞાનસાર' શાસ્ત્રનું..... શ્રી રમેશભાઈ ખંધાર ..... ૨૬

(૯) ભાવના-પ્રભાવના .......... બા.બ્ર.બિન્દુદીદી ...... ૨૯

(૧૦) ચોવીસમા તીર્થંકર ... શ્રી પારુલબેન ગાંધી....... ૩૨

(૧૧) કર્મનો ખેલ ...... શ્રી ભાનુબેન શાહ ..... ૩૫

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૯



**વર્ષ : ૫૦ એપ્રિલ - ૨૦૨૬ અંક-૦૪**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૪૨૬ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (પ્રકાશન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** HDFC Bank Ltd.

**Branch :** Sughad, Gandhinagar - 382426.

**A/c. No. :** 50200070731240 • **IFSC Code :** HDFC0003067

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216

**SWIFT CODE :** SBININBBA104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2026-2027**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઇલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૪૨૮૬૬૨૩૮૬


**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, "રાત્રિ વ્યતિક્રમી ગઇ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો."

આપ પરમજ્ઞાની જાણતા જ હતા કે અમે અલ્પમતિ જીવો ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરી શકીએ એટલા સક્ષમ નથી. તેથી એની સફળતા માટેના સૂચનો 'નિત્યક્રમ' ના રૂપમાં, અમારે માટે આપે-અમારા હિતને માટે - દર્શાવ્યા પણ છે અને પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવે અમને એ પ્રમાણે કરવાની આજ્ઞા પણ આપી છે. તે ઉપરાંત આપે બતાવેલ સત્સંગનું માહાત્મ્ય, સત્‌શાસ્ત્રનું વાંચન અને 'આત્મસિદ્ધિ' નું અવગાહન મોહનિદ્રાને ટાળવા માટે ઉપકારક છે.

જેમ સૂર્યોદય થતાં જીવો પોતપોતાના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે, તેમ આપનો જ્ઞાનપ્રકાશ અનાદિના અમારા મોહાંધકારને દૂર કરવા લાગ્યો છે. સંસારમાં પ્રવર્તતી અમારી વૃત્તિ અને પ્રવૃત્તિ ઓછી થતી જાય છે, નિવૃત્તિની ઇચ્છા વધતી જાય છે અને આસક્તિ ઘટતી જાય છે ! આપની અમારા માટેની અપરંપાર કરુણા માટે તો શું કહીએ ?

અમારા પ્રભાતને સુપ્રભાત બનાવી, મોહનિદ્રા ટાળી, અમને શાશ્વત સુખમાં સ્થિત કરવાની અમે આપને પ્રાર્થના કરીએ છીએ. આશિષ આપશો.

"પ્રભુજી આપની જ્ઞાનદૃષ્ટિએ, અમ પામરના હિત પરખ્યાં,
શુભ ચરણોમાં આશ્રય આપ્યો, ભાગ્ય અમારા ઝળક્યાં;
આપ જ માતા, આપ જ પિતા, આપ જ અમારા ગુરુ છો,
અનન્ય શરણ છે આપનું અમને, આપ જ અમારું જીવન છો."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# શ્રી સદ્ગુરુપ્રસાદ


## શ્રીમદ્ રાજચંદ્રજી

**પત્રાંક-૧૭૦**

**મુંબઈ, કારતક સુદ ૧૪, ૧૯૪૭**

પરમ પૂજ્ય શ્રી,

આજે આપનું પત્ર ૧ ભૂધર આપી ગયા. એ પત્રનો ઉત્તર લખતાં પહેલાં કંઈક પ્રેમભક્તિ સમેત લખવા ઇચ્છું છું.



આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે. અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તુંહિ તુંહિ' વિના બીજી રટણા રહે નહીં; માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં. એ એકવાર જો યથાયોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર-વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી. પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. તેનું કરેલું સર્વ સવળું છે. આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો-પરમાર્થ પ્રકાશવો-ત્યાં સુધી નહીં. અને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે. નિર્વિકલ્પતા તો છે જ; પરંતુ નિવૃત્તિ નથી, નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યાર પછી ત્યાગ જોઈએ, અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઈએ.

મહાન પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે, શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે; અને એ જ પ્રગટ માર્ગ કહેવા દેવાની ઈશ્વરી ઈચ્છાનું લક્ષણ જણાય છે.

આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઈચ્છા થતી નથી. આપની ઈચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે; અથવા ઘણા પરિચયમાં આવેલા યોગપુરુષની ઈચ્છા માટે કંઈક અક્ષર ઉચ્ચાર અથવા લેખ કરાય છે. બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ કરવાની ઈચ્છા બાંધી રાખી છે. તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.

આટલાં કારણથી દીપચંદજી મહારાજ કે બીજા માટે કંઈ લખતો નથી. ગુણઠાણાં ઈત્યાદિકનો ઉત્તર લખતો નથી. સૂત્રને અડતોય નથી. વ્યવહાર સાચવવા થોડાંએક પુસ્તકોનાં પાનાં ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે. તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ, પંચમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઈચ્છા લાગે છે.

**(અનુસંધાન પાના નં. ૨૨ પર)**

# ભગવાન મહાવીરનો જીવનસંદેશ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



૨૬૦૦ વર્ષ થયાં ! હજુ મહાવીર સ્વામીને કેમ યાદ કરીએ છીએ? વિશ્વને સત્ય, અહિંસા ને પ્રેમનો પૈગામ આપ્યો. તેઓશ્રી માત્ર જૈનોના નહિ, સારીયે દુનિયાના ધર્મદીપક થયા. જૈન કુળમાં જન્મ થયો એટલે જૈન નહિ પણ પાંચ ઈન્દ્રિયો ને મન જીતે તે જૈન. બધા જૈન બની શકે છે. ત્યાં કોઈ પક્ષ નથી, વાડો નથી. જૈન ધર્મ વિશ્વધર્મ છે. સહુ કોઈનો છે.

ભગવાને આખા વિશ્વને એક અપૂર્વ ને અલૌકિક ધર્મનો સંદેશ આપ્યો. તે છે 'ચેતન આત્મા.' પ્રાણી માત્રમાં આવો આત્મા સદાય વિલસી રહ્યો છે. સર્વના દેહદેવળમાં રહેલો આ આત્મા એક છે, સમાન છે. પર્યાય દૃષ્ટિથી ભલે જુદો જણાય પણ આત્મદૃષ્ટિથી સહુનો એક જ છે. તો સૌમાં સમતાભાવ - એકતાભાવ ને સમભાવ રાખો ને આમ ભગવાને આખો વિશ્વપ્રેમ બતાવી દીધો ! ધર્મનું મૂળ બતાવ્યું. કોઈને દુઃખ ગમતું નથી, માટે ન આપો. સહુને સુખ ગમે છે, માટે આપો. સહુ જીવવા ઈચ્છે છે, મરવું કોઈને ગમતું નથી. માટે 'જીવો અને જીવવા દો' ની ભાવના બતાવી ને સર્વ આત્મામાં સમદૃષ્ટિ રાખવાનું કહ્યું. કોઈ મને અપમાન કરે - ઘૃણા કરે કે હલકો ગણે, તે મને નથી ગમતું, તો હવે બીજાને પણ એવું ન કહું. બધાં મારા છે ને હું એમનો છું એવી આત્મીયતા સદાય રાખું. આવા ઉત્તમ ધર્મનો માર્ગ ભગવાને બતાવ્યો. જીવન જીવવાની કળા બતાવી. અંતરસંશોધનની રીત બતાવી.

વેપારી જેમ વર્ષને અંતે, નફા-ખોટાનો ચોપડો તપાસે છે, તેમ આપણે પણ જીવનનો ચોપડો અવશ્ય તપાસવો પડે. જીવન વધારે સારું થયું? ઉન્નત થયું? વિષય-કષાય ઘટી ઉપશમભાવ આવ્યો? જીવનશુદ્ધિ- આત્મશુદ્ધિ થઈ ? દિવ્ય જીવન થયું? તો ધર્મ સાચો. બાકી વ્યર્થ. આત્મજાગૃતિ રાખવાની છે.

આખું વર્ષ તો ગમે તેમ જીવન ચલાવ્યું, હવે સત્સંગ કરી-સંતની આજ્ઞા પાળી - જીવનમાં ઉતારી - ગુણો પ્રગટાવી જીવન સંસ્કારી - સદ્‌ગુણી - સાત્ત્વિક - સમૃદ્ધ ને વિકાસશીલ કેમ બને તે જોવાનું છે. જીવન સર્વગુણસંપન્ન ને ઉત્કૃષ્ટ બનાવવું છે. ચીલાચાલુ જીવન ખૂબ જીવ્યાં તેનો કંઈ અર્થ નથી. હવે સક્રિય લાભ થાય તેવું કરવું છે ને બનવું છે.

આને માટે પ્રથમ ધર્મ પ્રત્યે પ્રેમ ને રુચિ જગાડવા પડે. પછી કામ થાય. કહેવું ન પડે. જીવન સમજી - સુધારી - ઉન્નત બનાવી - માનવતા પ્રગટાવી - મુમુક્ષુ બની ભવ્ય ને દિવ્ય જીવન બનાવવું છે. જીવન આને માટે જ છે. અને તે ત્યારે જ શક્ય બને કે જ્યારે આપણી સંસાર તરફની ચાહ - પકડ ને આસક્તિ ઓછાં થાય. ટૂંકમાં જીવન સાદું - સુંદર - સરળ - સદાચારી ને સંયમી બનાવવાની પ્રથમ જરૂર છે. મૂળ પાયો આ જ છે. પછી આગળ વધી આત્મજ્ઞાન મેળવીએ તો પરમશાંતિ મળે.

રોજ આપણે ગાઈએ છીએ ને -

"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે."

જીવન ધર્મમય બનાવવા ભગવાન આવા ઉત્તમ ભાવની પ્રેરણા આપે છે ! વળી શ્રીમદ્‌જી કહે છે કે -

'આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિ કોય.'

ધર્મ પામવાનો એક જ વિધાયક માર્ગ હોય,

ફેર ન હોય. કારણ ધર્મ શાશ્વત છે.

ભગવાને જીવનશુદ્ધિ ને પછી આત્મજ્ઞાન મેળવવા માટે ચાર મંગલ ભાવના બતાવી - (૧) મૈત્રી ભાવના, (૨) પ્રમોદ ભાવના, (૩) કરુણા ભાવના, (૪) માધ્યસ્થ ભાવના. તો ચાલો, આ ચાર ભાવના જીવનમાં ઉતારી, જીવનને ધર્મમય બનાવી - મોક્ષ તરફ જઈ સાચાં સુખ, શાંતિ ને આનંદ મેળવી જીવન ધન્ય બનાવીએ - જીવન દીપાવીએ.

**મૈત્રી ભાવના :** જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ - પ્રેમભાવ - સમતાભાવ.

જૈન કેવો હોય ? J - એટલે Just - ન્યાયી હોય. A એટલે Affectionate - પ્રેમાળ હોય. I એટલે Interospective - અંતરદર્શી - અંતરજ્ઞાની હોય N - એટલે Nobel - નમ્ર - વિવેકી - ઉમદા સ્વભાવવાળો હોય. ચાલો, આપણે આવા બનીએ ને નિર્વૈરબુદ્ધિ રાખીએ. સૌ સરખાં, કોઈ ઊંચ નહિ, કોઈ નીચ નહિ. કોઈના પ્રત્યે વેરભાવ - દુષમભાવ કે મલિનભાવ નહિ. સૌ પ્રત્યે સમભાવ. સૌ મારા ને હું એનો, એવા ઉત્તમ ભાવ રાખીએ. સૌના આત્માને જોઉં, બહારના પુદ્ગલને ન જોઉં. સૌને વિવેકથી જોઉં. આવી ઊંચી મિત્રતા અવશ્ય મોક્ષે પહોંચાડે. આવા ભાવ પ્રગટે ક્યારે કે જ્યારે આપણું જીવન સંસ્કારી ને સદ્ગુણી હોય ! આખું વિશ્વ મારું એવી વિશ્વબંધુત્વની ભાવના ખીલી હોય ! સૌના દુઃખે દુઃખી ને સુખે સુખી-આવી ઐક્યભાવવાળો હોય.

**પ્રમોદ ભાવના :** બીજાના ગુણ જોઈને આનંદ- ઉલ્લાસભાવ જાગે ને તે ગુણો પોતામાં પ્રગટાવવા પ્રયત્ન કરે. કાયમ બીજાના ગુણ જુએ ને પોતાના દોષ જુએ. આમ, નિર્દોષ બનવા કોશિશ કરે. નિર્દોષ દૃષ્ટિ બધે નિર્દોષ જ જુએ એવો નિયમ છે. પૃથ્વી 'બહુરત્ના વસુંધરા' છે. અનેક ગુણોથી ભરપૂર અનેક સંતો છે. ત્યાં પ્રમોદભાવ લાવી - પ્રેરણા લઈ, પોતે તેવા થવા હર્ષ - ઉલ્લાસ અનુભવે ને ગુણીને તન-મન-ધનથી ભાવ સાથે સહકાર આપે. પોતામાં ગુણની રુચિ ને પ્રેમભાવ કેમ જાગે તેવો પુરુષાર્થ કરે. ગુણીનું બહુમાન કરે - પ્રશસ્ત ભાવ ભાવે - ઉપકાર ભૂલે નહિ ને કાયમ યાદ કરી જાતને અજવાળે. આવો સરળ ને સહજ હોય !

**કરુણા ભાવના :** જગતના લોકોને દુઃખી જોઈ પોતાનું દિલ દ્રવે ને તે દુઃખો દૂર કરવા કટ્ટીબદ્ધ થાય. સૌ લોકો કેમ સુખી થાય ને પ્રેમ - સંપ - ઐક્ય ને શાંતિથી રહે તેવી શુભ ભાવના કાયમ ભાવે ! બધા જ મારા છે ને આપણે સૌ એક છીએ એવી સર્વ આત્મામાં સમદૃષ્ટિ રાખે. સર્વ જીવ પ્રત્યે તેમનું હૃદય કૂણું - લાગણીશીલ - ભાવ - વિભોર ને દયાવાળુ હોય છે. કરુણાનો ભાવ આવે પછી વિષમતા ક્યાં રહી ? અંતર હળવું ને શાંત બની જાય. કરુણા આત્મવિકાસ માટે ખૂબ ઉત્તમ છે.

**માધ્યસ્થ ભાવના :** દીન-ક્રૂર ને ધર્મવિહોણા લોકો જ્ઞાનીને હલકાં પાડે - દુઃખ આપે - વિષમભાવ રાખે - પજવે - હેરાન કરે છતાં જ્ઞાની તો કાયમ સમતાભાવમાં જ રહે. આ તેમની ધૈર્ય ને શાંતિની કસોટી છે. હસતાં હસતાં પાળતા હોય ! તેમનો સ્નેહભાવ - પ્રેમભાવ જરા પણ ડગે નહિ. એવો ને એવો અકબંધ રહે. લોકોને ધર્મ સમજાવવા કોશિશ કરે ને સમજે તો ઠીક છે, નહિતર આગ્રહ નહીં. કાયમ સમભાવમાં જ રહે. લોકો ધર્મવિરુદ્ધ ખોટી વાતો કરે - દુશ્મન જેવું કામ કરે - અનાદર કરે - ખોટો વર્તાવ કરે છતાં જ્ઞાની પોતાના સ્વભાવમાં જ રહે છે. ડગતા નથી.

હવે ભગવાનના જીવનના પ્રસંગ લઈએ. ભગવાન ત્રણ જ્ઞાન સાથે આવેલા. પ્રથમ નામ તેમનું વર્ધમાન હતું કારણ માતાના ગર્ભમાં હતા ત્યારથી જ રાજ્યની જાહોજલાલી ને રિદ્ધિ-સિદ્ધિ અખૂટ વધતાં જ ચાલ્યાં તેથી તેમનું નામ વર્ધમાન પાડેલ. પછી બારવર્ષ ઉગ્ર તપ કરી સર્વ કર્મને બાળી પરમપદને પામ્યા એટલે મહાવીર કહેવાયા. છ વર્ષની ઉંમરે મિત્રો સાથે રમતાં સાપ નીકળ્યો. મિત્રો સૌ ભાગી ગયા પણ પોતે સાપને લઈ સલામત જગ્યાએ મૂકી દીધો. આથી તેઓ નિર્ભય ને સાહસિક

કહેવાયા !

ભગવાન પેકીંગને ન જોતાં, પણ અંદરના માલને જોતા. ખાલી ખોખાને ન જોતાં પણ અંદરના ભાવને જોતા. પેકીંગથી છેતરાઈ જવાય. અંદરના માલ જોવાની ભગવાનની અદ્‌ભુત દૃષ્ટિ હતી ! આને કારણે ભગવાને ચંડકોશિયાનો ઉદ્ધાર કર્યો ને ચંદનબાળાનો ઉદ્ધાર કર્યો.

ધર્મની વાતોને બહુ બુદ્ધિથી ચકાસનારા નયના આગ્રહી - એકલા તત્ત્વજ્ઞાનમાં રાચનારા ને શંકા કરનારા માત્ર પોતાની કુબુદ્ધિનું જ પ્રદર્શન કરે છે. અભિમાન પોષે છે. સરળ બની સ્વીકારી લેવું એ જ હિતાવહ છે.

તો ચાલો, સૌ સાથે પ્રેમ કરીએ - દયા પાળીએ - ક્ષમા આપીએ - વિવેક વધારીએ - હળવા બનીએ - તનાવ તોડીએ - બહાર નુક્સાનીનો ધંધો ઓછો કરી અંદર કમાણીનો ધંધો વધારીએ ને આમ જીવનને સફળ બનાવીએ. પ્રભો ! સૌને સન્મતિ આપે !

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

## જ્ઞાનશાસ્ત્રનું 'તૃપ્તિ અષ્ટક'...

**પાના નં. ૨૮ પરથી ચાલુ...**

આવરણને તોડવામાં વપરાય તો તે સંવર-નિર્જરારૂપ અબંધ દશા જાણવી.

**ગાથા-૪**

**लिप्तताज्ञानसंपातप्रतिधाताय केवलम।**
**निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥ ११॥४॥**

(**શબ્દાર્થ : लिप्तताज्ञान**= લિપ્તપણાનું (આત્મા કર્મથી લેપાય છે, આત્મા કર્મબદ્ધ છે એવું) જ્ઞાન, **संपात**= આગમન, **प्रतिधाताय**= રોકવા માટે, **केवलम**= કેવળ, **निर्लेपज्ञान**= નિર્લેપપણાનું જ્ઞાન, આત્મા નિર્લેપ છે એવું જ્ઞાન, **मग्नस्य**= એમાં મગ્ન થયેલાને, **क्रिया**= ક્રિયા, **सर्वा**= સર્વ બધી, **उपयुज्यते**= ઉપયોગી થાય છે.)

**ગુજરાતી ગદ્યાનુવાદઃ** 'આત્મા નિર્લેપ છે' - એવા નિર્લેપપણાના જ્ઞાનમાં મગ્ન થયેલાને બધી આવશ્યક આદિ ક્રિયાઓ કેવળ 'આત્મા કર્મબદ્ધ છે' એવા લિપ્તજ્ઞાનના આગમનને રોકવા માટે ઉપયોગી થાય છે.

**વિશેષાર્થઃ** લિપ્તજ્ઞાન એટલે આત્મા કર્મથી બંધાય છે, લેપાય છે એવી મિથ્યા માન્યતા. વિભાવદશાથી આત્મા બંધાય છે. નિશ્ચયનયથી આત્મા પુદ્‌ગલોના સંયોગથી બંધાતો નથી, જેવીરીતે સ્ફટિક લાલફૂલના સંગે ઝાંય પડવા છતાં બંધાતો નથી. નિર્વિકલ્પ અવસ્થામાં આત્મા નિર્લેપજ્ઞાનમાં મગ્ન છે તેથી બાહ્ય આવશ્યક ક્રિયાની જરૂર નથી. બધું વીર્ય આત્માના ગુણોના આવિર્ભાવમાં પ્રવર્તે છે, પણ ધ્યાનદશામાંથી બહાર આવે ત્યારે વ્યૂત્થાન દશા પ્રાપ્ત થાય છે. ત્યારે શુભ અથવા અશુભમાં જીવ પ્રવર્તી શકે છે. આવશ્યક ક્રિયાઓ કરવાથી જીવ અશુભ દશામાં જતો અટકે છે. આવશ્યક ક્રિયા ન કરે તો સાંસારિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય અને પરભાવના વિશેષ પરિચયથી વ્યામોહ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. અનાદિની વૃત્તિઓનો સંપૂર્ણ ક્ષય થયો નથી. કર્તવ્ય - ફરજરૂપ ક્રિયા કરતી વખતે સ્વ-પરના વિવેકપૂર્વક કોઈ પ્રતિકાર વિના પ્રારબ્ધ ઉદયનો શાંતભાવે સ્વીકાર કરી ઉદયને આટોપવા. આ વિવેકપૂર્વકના શાંત સ્વીકારભાવમાં છયે આવશ્યકો અંતરગર્ભિત છે. અંતરપરિણતિમાં વિવેકરૂપ આત્મજાગૃતિ સતત રહેવી અનિવાર્ય છે. તેથી પ્રમાદને અવકાશ રહેતો નથી.

ક્ષયોપશમરૂપ વિભાવ દશાવાળું જ્ઞાન હોવાથી ભૂમિકા અનુસાર આવશ્યક ક્રિયા કરવી રહી. પાક લણ્યો નથી ત્યાં સુધી કાંટાળી વાડની જરૂર રહે છે. પાક લણી લીધા પછી જરૂર રહેતી નથી.

આવશ્યક ક્રિયા આત્માની વિશુદ્ધિ માટે જરૂરી છે, પરંતુ તે ધર્મક્રિયા આત્મધર્મ નથી, આત્માનું સ્વરૂપ નથી, શુભ એવી યોગક્રિયા છે. તેથી પુણ્યબંધનો હેતુ છે. દોષ લાગે છે ત્યાંસુધી ક્ષમાયાચના દ્વારા નિર્જરા અને સંવરનો હેતુ છે.

■■■

(ક્રમશઃ)

# શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

## ગ્રંથકર્તા : પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી (ક્રમાંક-૨૦)

❋ ❋ ❋ ❋ **ટીકા : આત્મપ્રબોધિની ટીકાકાર :બા.બ્ર.પૂ.શ્રી.સુરેશજી** ❋ ❋ ❋ ❋

**ઉત્થાનિકા-** હવે શ્રીગુરુ આત્માર્થીનો પરમાર્થમાર્ગ અને તેને યોગ્ય વ્યવહાર વિષયક કેવો દૃષ્ટિકોણ હોય છે - આ તથ્યને પ્રગટ કરનાર ગાથાસૂત્રને અવતરિત કરે છે :-

**ગાથા-૩૬**

**મૂળ ગાથા**

**એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ॥૩૬॥**

**હિન્દીગાથા**

**एक होता तीन काल में, परमारथ का पंथ;**
**प्रेरे जो परमार्थ की ओर, वह व्यवहार समंत ॥३६॥**

**ગાથાર્થ :-** ત્રણેય કાળમાં પરમાર્થ પ્રાપ્તિનો માર્ગ એક જ છે અને તે પરમાર્થ પ્રાપ્તિના માર્ગ તરફ જે પ્રેરિત કરે તે વ્યવહાર યોગ્ય માનવો જોઈએ.

**આત્મપ્રબોધિની**

**શિષ્ય :-** આ ગાથામાં આત્માર્થીના કયા કયા લક્ષણો દર્શાવ્યા છે?

**શ્રીગુરુ :-** સનાતન - શાશ્વત પરમાર્થમાર્ગ અને તેને યોગ્ય વ્યવહારમાર્ગનો નિશ્ચય - આ બે લક્ષણો આ ગાથામાં દર્શાવ્યા છે.

**શિષ્ય :-** ત્રણેય કાળ સંબંધી એક શાશ્વત પરમાર્થનો પંથ કયો છે?

**શ્રીગુરુ :-** પોતાના ભગવદ્ સ્વરૂપનો નિશ્ચય કરવો, તેની સુદૃઢ પ્રતીતિ કરવી અને સમસ્ત રાગાદિ વિકલ્પજાળથી મુક્ત થઈને સ્વયંમાં તલ્લીન રહેવું તે શાશ્વત પરમાર્થમાર્ગ છે. અર્થાત્ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની એકતા જ શાશ્વત મોક્ષમાર્ગ છે.

**શિષ્ય :-** આ શાશ્વત પરમાર્થમાર્ગને પ્રાપ્ત કરવામાં સહાયક યોગ્ય વ્યવહારમાર્ગ કયો છે?

**શ્રીગુરુ :-** મોક્ષમાર્ગના જ્ઞાતા શ્રી સદ્ગુરુદેવના આશ્રયમાં રહીને મન- વચન- કાય ત્રણેય યોગોથી તેઓની આજ્ઞાનું આરાધન કરવું તે યોગ્ય વ્યવહાર માર્ગ છે.

**શિષ્ય :-** ભિન્ન ભિન્ન દેશ- કાલાનુસાર મોક્ષમાર્ગને ભિન્ન ભિન્ન માનવામાં શો દોષ છે?

**શ્રીગુરુ :-** દેશ-કાલાનુસાર મોક્ષમાર્ગને ભિન્ન માનવામાં મિથ્યાત્વ દોષ છે કેમકે જે જેવું નથી તેને તેવું માનવું તે મિથ્યાત્વ છે. નિશ્ચય મોક્ષમાર્ગ ત્રણેય કાળમાં એક જ છે. 'શા માટે? એવું જો તમે પૂછો તો તેનો ઉત્તર છે - સર્વજ્ઞદેવે કહેલું નિર્વિવાદ સત્ય હોય છે. છતાં પણ તમે મિથ્યામતિના કારણે સર્વજ્ઞ અને તેઓના આગમોને સ્વીકારતા નથી તો અમે તમને ન્યાય દ્વારા સિદ્ધ કરી બતાવીએ. તે આ રીતે - ત્રણેય કાળમાં બંધનો માર્ગ એક છે એટલે તેનાથી મુક્તિનો માર્ગ પણ એક જેવો જ હોવો જોઈએ. તેનું વિજ્ઞાન જણાવે છે - સ્વભાવથી પરિશુદ્ધ જીવદ્રવ્ય રાગ અને દ્વેષના બંધનને પ્રાપ્ત થાય છે. અર્થાત્ અશુદ્ધ થાય છે. રાગ-દ્વેષનું કારણ 'પોતાનાથી ભિન્ન જડ-ચેતન પદાર્થો મારા સુખ-દુ:ખના કારણ છે'- આ પ્રકારની મિથ્યામતિથી ઉત્પન્ન જડ-ચેતન પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણાનો વિશ્વાસ છે. આ મિથ્યા વિશ્વાસ (શ્રદ્ધા)ને આગમભાષામાં મિથ્યાદર્શન કહે છે. આ મિથ્યાદર્શનના પ્રભાવથી જીવનું જ્ઞાન કે જેનો રાગદ્વેષ રહિત સ્વપરને જાણવાનો સ્વભાવ છે તેમાં સ્વ અને પરના સ્વરૂપ સંબંધી સંશય, વિમોહ અને વિભ્રમ નામના દોષો ઉત્પન્ન થતાં સ્વ-પર યથાર્થ વિવેકનો વિનાશ થઈ જાય છે, જેને આગમ ભાષામાં મિથ્યાજ્ઞાન કહે છે. આ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી જીવનો ઉપયોગ કે જેનો સ્વભાવ નિર્વિકલ્પ જ્ઞાતા માત્ર રહીને સ્વરૂપમાં નિશ્ચલ રહેવાનો છે, તે પરદ્રવ્યોના વિકલ્પજાળમાં ફસાઈ જાય છે. તેનાથી શાંત ચેતનામાં ક્ષોભ ઉત્પન્ન થાય છે અર્થાત્ ચેતન ચંચળ થઈ જાય છે. તેને આગમભાષામાં મિથ્યાચારિત્ર કહે છે. આ પ્રમાણે રાગ અને દ્વેષના કારણે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર હોય છે. રાગ-દ્વેષ એ બંધમાર્ગ છે અને તેના કારણે

મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે. માટે રાગદ્વેષથી રહિત થવું તે મુક્તિમાર્ગ છે અને રાગદ્વેષથી રહિત વીતરાગ થવાનું કારણ આ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપરિત સ્વભાવવાળા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોય તે સ્વયંસિદ્ધ છે. આ ત્રણેયની એકતા તે મોક્ષમાર્ગ છે. જીવ સુષમાકાળમાં હોય કે દુષમકાળમાં અથવા દેવાદિ કોઈપણ ગતિમાં હોય, કોઈ પણ ક્ષેત્રમાં હોય પરંતુ મિથ્યાદર્શન- જ્ઞાન-ચારિત્રના પ્રભાવથી રાગદ્વેષ કરશે તો બંધનમાં પડશે અને તેના પ્રભાવથી મુક્ત થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન - ચારિત્રના પ્રભાવથી વીતરાગ રહેશે તો મુક્ત થશે. માટે ત્રણેય કાળમાં રાગદ્વેષ અને તેના કારણ મિથ્યાદર્શન-જ્ઞાન - ચારિત્ર જ બંધમાર્ગ છે અને તેનાથી વિપરીત વીતરાગતા અને તેના કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન - ચારિત્ર જ મોક્ષમાર્ગ છે. આ શાશ્વત સનાતન બંધમાર્ગ અને મોક્ષમાર્ગ શ્રી સર્વજ્ઞ વીતરાગદેવે જોયો છે, અનુભવ કર્યો છે અને નિરપેક્ષ ભાવથી કહ્યો છે.'

**શિષ્ય :-** ગાથામાં આવેલ 'તે વ્યવહાર સમંત' પદનું તાત્પર્ય શું છે અને વ્યવહારનું શું સ્વરૂપ છે?

**શ્રીગુરુ :-** અત્રે 'તે વ્યવહાર સમંત'નું તાત્પર્ય છે કે જે જે વ્યવહાર અર્થાત્ બાહ્ય આચરણ રાગદ્વેષની નિવૃત્તિરૂપ પરમાર્થમાર્ગમાં નિમિત્તરૂપે સહાયક છે તે તે વ્યવહાર કરવા યોગ્ય છે અને જ્ઞાનીઓ દ્વારા તે સંમત છે. તે વ્યવહાર શ્રી સદ્ગુરુદેવના આશ્રયમાં રહીને તેઓની આજ્ઞાનુસાર વર્તન કરવું, વ્રતાદિનું પાલન વગેરે રૂપે છે. શ્રી ગુરુની આજ્ઞાથી યથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મ- તત્ત્વોનું શ્રદ્ધાન કરવું, ગૃહિત મિથ્યાત્વનો ત્યાગ કરવો, શ્રાવક અને મુનિને યોગ્ય વ્રતોને ધારણ અને પાલન કરવાં- આ બધો વ્યવહાર માર્ગ છે. આ વ્યવહારમાર્ગથી નિશ્ચય રત્નત્રયરૂપ પરમાર્થપંથની ભૂમિકા તૈયાર થાય છે. આવો સદ્વ્યવહારરૂપ શુભોપયોગ અને શુદ્ધોપયોગરૂપ પરમાર્થમાર્ગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**શિષ્ય :-** નિશ્ચયમાર્ગની જેમ વ્યવહારમાર્ગ પણ શું ત્રણેય કાળમાં એક જેવો રહે છે કે દેશકાળ અનુસાર તેમાં કોઈ ફરક પડે છે?

**શ્રીગુરુ :-** સામાન્યરૂપે વ્યવહારમાર્ગ પણ ત્રણેય કાળમાં એક જેવો રહે છે. હિંસા, જૂઠ, ચોરી વગેરે પાપભાવો અને પાપક્રિયાઓ દરેક કાળમાં એકસરખી વર્તે છે અને તેના નિવારણના ઉપાયો- સત્ય, અહિંસા વગેરે શુભ ભાવો અને ક્રિયાઓ પણ અનાદિથી પ્રવર્તે છે. માટે વ્રતાદિરૂપ વ્યવહારમાર્ગ પણ શાશ્વત માનવો જોઈએ. શ્રાવક અને મુનિ ચોથા કાળમાં જે દેશવ્રતો અને મહાવ્રતોનું પાલન કરતા હતા, આજે પંચમકાળમાં પણ શ્રાવક અને મુનિ આત્મશુદ્ધિ માટે તે પ્રમાણે અને તે પ્રકારના વ્રતાદિનું પાલન કરે છે. સમ્યક્ત્વ માટે ષટ્ અનાયતનોનો ત્યાગ, જીવાદિ તત્ત્વાર્થોનો અભ્યાસ, સાચા દેવ-ગુરુ - ધર્મની શ્રદ્ધા-ભક્તિ વગેરે જે બાહ્ય આચરણ પૂર્વકાળમાં હતા, તેવા આજે પણ છે. તે રીતે દેશવ્રત, મહાવ્રત વગેરેનું પણ તેવું જ અને એટલું જ સ્વરૂપ છે. જેટલી વ્યવહારશુદ્ધિ પૂર્વકાળમાં આવશ્યક હતી, તે જાતની વિશુદ્ધિ માટે આજે પણ તે પ્રમાણેની વ્યવહારશુદ્ધિની આવશ્યકતા છે. જેટલી વ્યવહારશુદ્ધિ થશે તેટલા પ્રમાણમાં નિશ્ચયશુદ્ધિ પણ થશે. આજે પૂર્ણ વ્યવહારશુદ્ધિ અસંભવિત છે એટલે પૂર્ણ મોક્ષ પણ અસંભવિત છે. હા, એટલું જરૂર છે કે વ્રતાદિના વ્યવહારિક પરિપાલનરૂપ ઉપાસના પદ્ધતિઓમાં દેશ-કાળ અનુસાર પરિવર્તન થતું રહે છે. તાત્પર્ય એ છે કે અહિંસા વગેરે વ્રત, અનશન વગેરે તપ, દાન-પૂજા આદિ અનુષ્ઠાન વગેરે વ્યવહારમાર્ગનું અંતરંગ સ્વરૂપ તો ત્રણેય કાળમાં એકસમાન રહે છે, પરંતુ તેની ક્રિયાન્વયની પદ્ધતિઓમાં દેશ-કાળ-પાત્રતા-શક્તિ વગેરેના આધારે ભિન્નતા હોઈ શકે છે.

## ઉપસંહાર

શ્રીગુરુ કહે છે કે ત્રણેય કાળમાં પરમાર્થ પ્રાપ્તિનો માર્ગ એક જ હોય છે. દરેક કાળમાં નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ એકસમાન વર્તે છે. નિશ્ચય મોક્ષમાર્ગ તો પોતાના પરમાર્થ સ્વરૂપનું જ્ઞાન-શ્રદ્ધાન કરીને, એકતાન થઈને તેની ઉપાસના કરવી તે છે અને વ્યવહારમાર્ગ પોતાના સ્વચ્છંદનો નિરોધ કરીને શ્રી સદ્ગુરુદેવની આજ્ઞા અનુસાર પ્રવર્તન કરવું તે છે. અર્થાત્ શ્રી સદ્ગુરુદેવની આજ્ઞા તથા આશ્રયમાં રહીને રત્નત્રયની વિશુદ્ધિ હેતુ જ્ઞાન, ધ્યાન, વ્રત, તપ વગેરેમાં પ્રવર્તન કરવું તે છે. યોગ્ય વ્યવહાર વિના તથાયોગ્ય પરમાર્થની પ્રાપ્તિ અસંભવિત છે. આ પરમ

સત્ય છે. માટે મુક્તિના અભિલાષીએ સમસ્ત જગતની ઉપાધિનો અને વિકલ્પજાળથી મુક્ત થઈને શ્રી સદ્‌ગુરુદેવની આજ્ઞામાં રહીને રત્નત્રય સ્વરૂપ આત્માની ઉપાસના કરવી જોઈએ.

**ઉત્થાનિકા :-** નિશ્ચય અને વ્યવહારનું આવું અનિવાર્ય નિમિત્ત-નૈમિત્તિક સ્વરૂપ જાણીને આત્માર્થીએ સૌ પ્રથમ શું કરવું જોઈએ તે વાતને દર્શાવનાર ગાથાસૂત્ર શ્રી ગુરુ પ્રસ્તુત કરે છે -

**ગાથા-૩૭**

**મૂળ ગાથા**

**એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;**
**કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ॥૩૭॥**

**હિન્દીગાથા**

**एसा विचार अंतर में, शोधे सद्‌गुरु योग ;**
**काज एक आत्मार्थ का, अन्य नहीं मनरोग ॥३७॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે હૃદયમાં વિચાર કરીને આત્માર્થી જીવ શ્રી સદ્‌ગુરુદેવના સમાગમની શોધ કરે અને એક આત્માર્થ સિવાય મનમાં કોઈ પણ પ્રકારની માનસિક ચિંતા અને લૌકિક ઇચ્છા ન રાખે.

**આત્મપ્રબોધિની**

**શિષ્ય :-** આ ગાથામાં શ્રી ગુરુએ આત્માર્થીના કયા કયા ગુણોનો આજ્ઞા-નિર્દેશ કરેલ છે?

**શ્રીગુરુ :-** પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમની તીવ્ર ઇચ્છા અને આજ્ઞામાં રહેવા માટે સત્પુરુષની શોધ કરવી તેમજ આત્માર્થ સિવાય મનમાં કોઈ અભિલાષા રાખવી નહિ- આ બે ગુણોનો નિર્દેશ કર્યો છે.

**શિષ્ય :-** ગાથામાં આવેલ 'એમ વિચારી અંતરે' પદનું શું તાત્પર્ય છે?

**શ્રીગુરુ :-** પરમાર્થમાર્ગની પ્રાપ્તિમાં શ્રી સદ્‌ગુરુદેવનો આશ્રય અને આજ્ઞાધીનપણું એક પરમ આવશ્યક-અનિવાર્ય વ્યવહાર સાધન છે. તેના વિના આજ સુધી ન તો કોઈએ પરમાર્થમાર્ગ પ્રાપ્ત કર્યો છે, ન તો પ્રાપ્ત કરશે. આવો જ પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞામાં રહેવારૂપ વ્યવહારમાર્ગ અને વિશુદ્ધ રત્નત્રયની ઉપાસનારૂપ પરમાર્થમાર્ગનો અનિવાર્ય નિમિત્ત- નૈમિત્તિક સંબંધ છે. આ પ્રમાણે સદ્‌ગુરુની અનિવાર્યતાનો મનમાં સુદૃઢ નિશ્ચય કરવો તે આ પદનું તાત્પર્ય છે.

**શિષ્ય :-** આવો નિશ્ચય કરીને આત્માર્થી શું કરે છે?

**શ્રીગુરુ :-** આત્મજ્ઞાન અને સમદર્શિતા જેઓનું મુખ્ય લક્ષણ છે તેવા શ્રી સદ્‌ગુરુના સમાગમની શોધ કરે છે.

**શિષ્ય :-** સદ્‌ગુરુની શોધ કેવી રીતે કરવી?

**શ્રીગુરુ :-** સર્વપ્રથમ તો શાસ્ત્રો અને વિદ્વાનો દ્વારા વાસ્તવિક સદ્‌ગુરુને યોગ્ય લક્ષણોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું. પછી પોતાના દૈનિક કાર્યોથી યથાસંભવ નિવૃત્ત થઈ, જેઓ ધર્માત્મા અને ધર્મગુરુઓ રૂપે પ્રસિદ્ધ છે તેમનો તથા જેઓ પ્રસિદ્ધ નથી પરંતુ આપણા પરિચિત છે તેઓનો સમાગમ કરવો. પછી આત્મજ્ઞાન, સમદર્શિતા વગેરે સદ્‌ગુરુને યોગ્ય ગુણો તેઓના વચન અને વર્તનમાં થોડા પણ પરિલક્ષિત થાય, તો તેઓનો વારંવાર સમાગમ કરવો. જે ધર્માત્માનો વારંવાર સમાગમ કરતાં, જેટલી વાર સમાગમ થાય છે તેટલી વાર ક્રમશઃ તેઓના અભ્યંતર વ્યક્તિત્વના ઊંડાણની જાણ થાય છે. અર્થાત્ પ્રારંભના સમાગમમાં તેઓ સહજ, સરલ, નિઃસ્પૃહ રહે, આપણને કોઈ પણ પ્રકારે પ્રભાવિત કરવાનો પ્રયત્ન ન કરે, માત્ર નિઃસ્પૃહ રહે છે. ત્યારબાદ સમાગમ વધતાં તેઓમાં અપૂર્વતા ભાસિત થાય, સામાન્ય વ્યવહારમાં સ્વાભાવિક લાગે પરંતુ કોઈ અવ્યક્ત ગહરાઈની જાણ થાય છે. તેઓની વાણીથી આપણું ચિત્ત સ્થિર થતું જાય, આપણી દીર્ઘકાલીન સમસ્યાઓનો ઉકેલ આવતો જાય છે. બહારમાં સહજ-સરળ દેખાય, પરંતુ ભીતરમાં અત્યંત જાગૃત અને ગંભીર માલુમ પડે છે. વારંવાર તેઓની પાસે જવાનું મન થાય છે. આપણું તેમના પ્રત્યે જ્યારે અકારણ આકર્ષણ દેખાય ત્યારે તેઓનો પણ આપણા પ્રત્યે પ્રમોદભાવ જોવા મળે છે. તેઓના સમીપે અવ્યક્ત શાંતિ અને નિર્ભયતાનો અનુભવ થવા લાગે છે. આપણા જેમ જેમ વિનય, ભક્તિ અને સમર્પણ વધતાં જાય તેમ તેમ તેઓનો પણ આપણા પ્રત્યે કરુણાપૂર્ણ વ્યવહાર વધતો જાય છે. તેઓની વાતો અને આચરણમાં મુખ્યત્વે આત્મજ્ઞાન અને આત્મસમાધિ ઝળકે છે. તેઓના પ્રેમપૂર્ણ કરુણામય વ્યવહારમાં પણ એક વિશિષ્ટ પ્રકારનો વૈરાગ્ય અને નિઃસ્પૃહતા પરિલક્ષિત થાય છે. સમાગમ વધતાં તેઓ પ્રત્યે ખેંચાણ પણ નિરંતર વધતું જાય છે. તેઓની દરેક વાત સાચી લાગે છે. તેઓની દરેક આજ્ઞાનું પાલન કરવાનું મન

થાય છે અને અંતે સર્વ સમર્પણ કરીને તેઓના શ્રીચરણોમાં રહેવાનો નિશ્ચય થાય છે. પછી તેઓનો ઘનિષ્ઠ સમાગમ થાય છે. ઘનિષ્ઠ સમાગમના કાળમાં સુખ-દુઃખ વગેરે પ્રસંગોમાં તેઓના મુખમંડળ પર કોઈ ચિંતા દેખાતી નથી, સદૈવ દરેક પરિસ્થિતિમાં તેઓ શાંત, નિરાકુળ, ગંભીર અને સહજ-સરળ દેખાય છે. તેઓ પ્રત્યે સર્વસમર્પણનો ભાવ દર્શાવતા તેઓ તુરંત આપણો સ્વીકાર કરતા નથી, સમય લે છે. શિષ્ય બનાવવાની વ્યાકુળતા કે લોભ તેમનામાં દેખાતા નથી. શિષ્યને પોતાની પાસે રાખવાના ભાવ દષ્ટિગોચર થતા નથી. આપણને પ્રભાવનાના નામે વધારે પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખતા નથી. સદૈવ સ્વરૂપ સમાધિનું લક્ષ્ય કરાવે છે. આપણને તેમના કોઈ ધાર્મિક કે અન્ય પરોપકારપૂર્ણ ધ્યેયની પૂર્તિના સંસાધનના રૂપમાં ઉપયોગ કરતા નથી. આપણે પ્રસન્નતાપૂર્વક પોતાની ઇચ્છાથી તેઓના પુનિત ધ્યેયમાં સહાયક થવાની ભાવના દર્શાવીએ તો પણ સ્વરૂપ સમાધિ તરફ ધ્યાન રાખવાની પ્રેરણા કરે. એવી યોગ્યતા ન દેખાય તો કેટલીક શુભ પ્રવૃત્તિઓ માટે પ્રેરિત કરે. વિશેષ શું કહીએ? જેઓ જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ, સમતા, કરુણા અને પ્રેમની સાક્ષાત્ મૂર્તિ હોય તેઓને જ સાચા ગુરુ નિર્ધારિત કરવા જોઈએ. આ પ્રમાણે સદ્‌ગુરુની શોધ કરવી. સંસારથી મુક્ત થવાની અભિલાષા અથવા આત્મસાક્ષાત્કારની પિપાસા એટલી તીવ્ર બનાવીએ કે તે પિપાસાને બુઝાવનાર ગુરુનો યોગ પ્રકૃતિ (નિયતિ) સ્વયં આપણને કરાવે. અર્થાત્ ગુરુની શોધ કરવા કરતાં એ શ્રેષ્ઠ છે કે પોતાની મુમુક્ષુતાને તીવ્ર બનાવવામાં આવે. તેમ કરવાથી સ્વયં સાચા ગુરુનો યોગ પણ થશે અને તેઓને ઓળખવાની દૃષ્ટિ પણ વિકસિત થશે.

**શિષ્ય :-** શ્રી સદ્‌ગુરુદેવનો યોગ થયા બાદ આત્માર્થી જીવે શું કરવું જોઈએ?

**શ્રીગુરુ :-** શ્રી સદ્‌ગુરુદેવની પ્રાપ્તિ થતાં આત્માર્થીએ સર્વ પ્રકારના આરંભ-પરિગ્રહથી નિવૃત્ત થઈને અથવા તેમને ગૌણ કરીને માત્ર એક આત્મકલ્યાણ સાધવાનો પુરુષાર્થ કરવો જોઈએ અર્થાત્ લૌકિક અભિલાષાઓ તથા ચિંતાઓથી ચિત્તને પરિમુક્ત કરીને, શ્રી સદ્‌ગુરુદેવ દ્વારા બતાવવામાં આવેલ જ્ઞાન, ધ્યાન અને તપમાં મનને અનુરક્ત રાખવું જોઈએ.

**શિષ્ય :-** ગાથામાં કહેવામાં આવ્યું કે આત્માર્થીને ગુરુ મળ્યા બાદ એક આત્માર્થનું જ કામ કરવું જોઈએ. આત્માર્થનું કાર્ય કયું છે અને કેવું છે? તેને કેવી રીતે કરવામાં આવે તેની સ્પષ્ટતા કરવા વિનંતી.

**શ્રીગુરુ :-** આત્મપ્રયોજનને સાધવાનું અર્થાત્ આત્મકલ્યાણના કાર્યને આત્માર્થનું કાર્ય કહે છે. સમસ્ત સાંસારિક કાર્યોના વિકલ્પોથી રુચિ હટાવીને અર્થાત્ અત્યંત ઉદાસીન થઈને આસ્રવ તથા બંધને વધારનારા આરંભ - પરિગ્રહને અત્યંત ગૌણ કરીને પોતાના શુદ્ધ ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણમાં તલ્લીન રહેવું તે આત્માર્થનું કાર્ય છે. શ્રી સદ્‌ગુરુની આજ્ઞાથી નિરંતર આત્માના જ્ઞાન (અનુભવ), શ્રદ્ધાન (રુચિ) અને આચરણ (સમતા) વધારનારા જ્ઞાન, ધ્યાન, તપ અને તેના આનુષાંગિક ભક્તિ, પૂજા, દાન, સંતસેવા, પ્રાણીદયા વગેરેમાં પૂરી શક્તિ અને ભક્તિ-પૂર્વક લાગ્યા રહેવાથી આત્માર્થ કાર્યની સિદ્ધિ થાય છે.

**શિષ્ય :-** ગાથામાં આવેલ 'બીજો નહીં મનરોગ' નું શું તાત્પર્ય છે.?

**શ્રીગુરુ :-** મન સતત અથવા વારંવાર જેમાં અનુરક્ત રહે તેને 'મનરોગ' અર્થાત્ મનનો રોગ કહે છે. અર્થાત્ મન વારંવાર જેની ચિંતામાં ડૂબેલું રહે તે મનરોગ છે. અત્રે શ્રીગુરુ આત્માર્થીને કહે છે કે જો તમારે ખરેખર આત્મકલ્યાણ કરવું છે તો પોતાના મનમાંથી જગતની સર્વ ચિંતાઓ દૂર કરો અને "હું કેવળ દુઃખદાયી સાંસારિક મોહના બંધનથી મુક્ત થઈ સદા માટે શાશ્વત શાંતિને કેવી રીતે પ્રાપ્ત કરું" આ બાબતની ચિંતા કરો અને શ્રીગુરુના આશ્રયથી સદૈવ પુરુષાર્થમાં લાગેલા રહો. આ સિવાય બીજા કોઈ સાંસારિક વિકલ્પોને વધુ મહત્ત્વ અને સ્થાન ન આપો.

**ઉપસંહાર :-** કહેવાનો આશય કે જેમને એવો નિશ્ચય થઈ ગયો છે કે શ્રી સદ્‌ગુરુદેવના આશ્રય વગર પરમાર્થ મોક્ષમાર્ગ પર નિરાબાધરૂપે ચાલવું અસંભવ છે, તેવા આત્માર્થી જીવે સૌ પ્રથમ યોગ્ય ગુરુની શોધ કરવી અને ત્યારબાદ સર્વ પ્રકારની સાંસારિક ચિંતાઓથી મુક્ત થઈને આત્મકલ્યાણના કાર્યમાં પૂર્ણ શક્તિ લગાવવી જોઈએ.

■ ■ ■

(ક્રમશઃ)

## ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશ
# જીવો અને જીવવા દો
## (ક્રમાંક-૭)

પૂ. આર્યિકા જિનરાજશ્રી માતાજી (અલકાદીદી)

અનંતકાળથી સંસાર પરિભ્રમણની યાત્રાથી થાકેલો પથિક વિચારી રહ્યો છે કે આ સંસારમાં ચતુર્ગતિ દુઃખના નિવારણનો ઉપાય માત્ર "જીવો અને જીવવા દો" સૂત્રની પરિપાલના છે.જે બીજાને કષ્ટ આપે અને સ્વયંનું મનરંજન કરે એવા દોષયુક્ત મનોરંજનના પરિહાર માટે પથિક કટિબદ્ધ થયો છે. ગત અંકમાં મદિરાપાન નામના વ્યસનથી થનાર દુષ્પ્રભાવનુ ઊંડું મંથન કરી હવે અન્ય પ્રકારના નશાના કારણે પણ થનારી હાનિઓ પર મંથન ચાલી રહ્યું છે-જે છે તમાકુ, સિગારેટ, બીડી, ગુટખા, ડ્રગ આદિ.

**★ તમાકુસેવન મહાપાપકારી :-**

મનોરંજન માટે તમાકુ, ગુટખા, સિગારેટ આદિ વ્યસન મોટી ઉંમરના લોકોમાં તો જોવા મળે જ છે પરંતુ વર્તમાનમાં મોટાભાગની યુવાપેઢીને નશાની ખરાબ આદત થઈ ગઈ છે. તમાકુસેવન એક સામાજિક કુરીતિ પણ છે. તમાકુના દુષ્પરિણામનું પથિક સ્મરણ કરી રહ્યો છે. તેના પર વૈજ્ઞાનિક ધર્માચાર્ય શ્રી કનંકનંદી ગુરુદેવનું શોધપત્રઃ-

**તમાકુ સ્વ-પર હિંસાકારક તથા પ્રદૂષણકારી :-**

કર્ણાટક, મહારાષ્ટ્રમાં તમાકુની ખેતીમાં જઈને મેં મહિનાઓના પરીક્ષણ-નિરીક્ષણમાં જોયું છે કે તે ખૂબજ હિંસાકારક તથા પ્રદૂષણકારી છે, જેનું વર્ણન પ્રાયઃ મને કોઈપણ પુસ્તક તથા લેખમાં વાંચવા નથી મળતું, તમાકુસેવનથી જે હાનિઓ થાય છે તેનું વર્ણન પ્રાયઃ લેખ, પુસ્તકોમાં હોય છે, તેનાથી પણ વધારે નુક્સાન તેની ખેતી કરવામાં થાય છે. તેની તરફ વૈજ્ઞાનિક, ડૉક્ટર, નશામુક્તિવાળાની દૃષ્ટિ ઓછી ગઈ છે એટલે તેના શોધ, બોધ, પ્રચાર-પ્રસાર તથા પ્રતિબંધ/નિષેધ વધારે થયો નથી. મૂળને નષ્ટ કર્યા વિના માત્ર પ્રશાખાઓ તથા પત્તાઓને તોડવા સમાન કામ થઈ રહ્યું છે.

તેની ખેતીમાં પાણીનો પ્રયોગ ઓછો થવાથી પશુ-પક્ષી, ગાય, ભેંસ, બકરા, બકરી તથા ગધેડા પણ તમાકુના પત્તા ખાતા નથી. વિષાક્ત હોવાથી ચાર પગવાળા પશુ તો નથી ખાતા પરંતુ પોતાને શ્રેષ્ઠ માનનાર બે પગવાળા પશુ (નરપિશાચ) ખાય છે, તથા અર્થકારી હોવાથી તેની ખેતી ખેડૂત વધારે કરે છે. તેમાં જ્યારે તમાકુ યોગ્ય મોટા મોટા પાન આવે છે ત્યારે તે પ્રત્યેક પાનમાં સેંકડો નાના-નાના કીડા જન્મ લે છે, જે તે પત્તાઓને ખાઈને જીવે છે. તેને ધ્યાનથી જોવા માત્રથી પણ આપણે નરી આંખોથી તેમને હરતા-ફરતા જોઈ શકીએ છીએ. આ કીડાઓને મારવા માટે આઠ-દસ દિવસોના અંતરાલમાં ચાર-પાંચ વાર વિષાક્ત રસાયણનો છંટકાવ કરવામાં આવે છે. એક છોડમાં સાત-આઠ પત્તા હોય છે. આમ, માત્ર પત્તાની રક્ષા માટે હજારો કીડાને મારવામાં આવે છે. એટલું જ નહીં. તે વિષાક્ત રસાયણથી જમીનના જીવજંતુ પણ કરોડોની સંખ્યામાં મરે છે અને તે વિષાક્ત પાણી જે નદી, નાળા, તળાવમાં જાય છે, ત્યાં પણ કરોડોની સંખ્યામાં માછલી, દેડકાં, જીવજંતુ મરે છે. તેનું પાણી પીનાર પશુ-પક્ષી, મનુષ્ય પણ રોગી થાય છે તથા મરે પણ છે. તેની સાથે સાથે મૃદા(માટી) પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ થાય છે. તમાકુમાં જે નિકોટીન આદિ ચાર હજાર વિષાક્ત તત્ત્વ છે, તથા વિષાક્ત રસાયણના કારણે તે ખેતરમાં પશુ-પક્ષી તથા વિષધર સર્પ પણ નથી જતા. પરંતુ સર્વાંગ વિષધર મનુષ્ય તેને શોખથી, ફેશનથી ખાય છે. એટલા માટે તો મારી દૃષ્ટિએ **"મનુષ્ય વિશ્વનું અવિશ્વસનીય સત્ય વિચિત્ર પ્રાણી છે."**

પાન પરિપક્વ થતાં તેને તોડીને સૂકવે છે તથા થોડા અંશમાં સૂકાતા તેનો સંગ્રહ કરીને રાખે છે. તે સંગ્રહિત સ્થાનમાં રહેનાર, સૂનારને પણ વિભિન્ન રોગ થાય છે. તમાકુથી બીડી, ગુટખા, જર્દા આદિ જે બને છે તેનાથી પણ વિભિન્ન રોગ થાય છે. જે તમાકુસેવન કરે છે અને જે તે આસપાસ રહે છે તે અનેક રોગના શિકાર થાય છે.

★ **તમાકુસેવન એક મહા અપરાધ :-**

તમાકુ સ્વ-પર ભાવદ્રવ્ય હિંસાકારક, સ્વ-પર રોગકારક, માટી, પાણી તથા વાયુનું પ્રદૂષણકારી, તન-મન-ધન નાશક હોવાથી તમાકુની ખેતી કરનાર, તમાકુથી બીડી, ગુટખા આદિ બનાવનાર, વેચનાર પ્રચાર-પ્રસાર કરનાર, સેવન કરનાર, તેના સંપર્કમાં આવનાર, તેમના બાળકો-પરિવાર આદિ પણ પ્રત્યક્ષ-પરોક્ષરૂપથી હિંસક, રોગી, પ્રદૂષણ ફેલાવનાર છે. તેથી તે બધા સ્વ-પરના દોષો માટે ઉત્તરદાયી, અપરાધી છે.

**- આચાર્ય કનકનંદિજી**

પાણી સ્વભાવથી નીચે જ વહે છે તેમ અનાદિકાલીન કામભોગના સંસ્કારને લીધે મન પણ પતિત પરિણામી જ છે. પરંતુ પથિકને બોધ મળ્યો છે. જીવન ઉત્કર્ષનું જેનું સૂત્ર છે **"જીવો અને જીવવા દો."** તેથી તે આગળ વધી રહ્યો છે ઊંચાઈઓ તરફ. એટલા માટે તો દોષયુક્ત મનોરંજન ન કરવા માટે સપ્ત વ્યસનથી પોતાના સંબંધિત વિશ્લેષણ કરી રહ્યો છે; જેમાં કામાદિ વિકારોના પ્રભાવના કારણે કામી પુરુષ વેશ્યાગમન અને પરનારી સેવન આદિ દુષ્ટવ્યસન (ખરાબ આદત) થી ગ્રસિત થઈ જાય છે. અહો! કેટલું મોટું પાપ છે આ, જે સ્વ-પરના નાશનું કારણ છે. આવા વિનાશથી ભયભીત પથિક હવે આગળ ફરી સંકલ્પ કરી રહ્યો છે.

★ **વેશ્યાગમન, પરનારીસેવનનો પરિત્યાગ કરું છું:-**

અનાદિકાળથી જીવ પર મૈથુન સંજ્ઞા (કામ સેવનની ઈચ્છા) ના સંસ્કાર પડેલા છે. કામસેવનની અભિલાષા દેવ, મનુષ્ય, પશુ બધામાં વિદ્યમાન છે. જ્ઞાનીઓએ મનુષ્ય તથા પશુમાં અંતર બતાવવા કહ્યું છે કે,

"આહાર નિદ્રા ભય મૈથુનં ચ,
સામાન્યમેતદ્ પશુભિઃ નરાણાં;
જ્ઞાનં હિ તેષાં અધિકો વિશેષ,
જ્ઞાનેન હીના પશુભિઃ સમાના."

જ્ઞાન (વિવેક) જ એક એવી વસ્તુ છે કે જે મનુષ્યને પશુથી પૃથક કરે છે. બાકી તો આહાર, નિદ્રા, મૈથુન, ભય આદિ ચારે સંજ્ઞાઓ અનાદિથી બન્નેની સાથે લાગેલી છે. વિકારોને વશીભૂત થઈને પશુ યત્ર-તત્ર ક્યાંય પણ ક્યારે પણ તેનું સેવન કરી લે છે. પરંતુ મનુષ્ય પોતાના મન પર વિવેકનો અંકુશ લગાવીને પ્રત્યેક કાર્ય યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ- અર્થાત્ યોગ્ય સમય, સ્થાન આદિની મર્યાદા અનુસાર કરે છે. તેથી આપણી ભારતીય સંસ્કૃતિમાં મૈથુન સંજ્ઞાના અનર્ગલ પ્રવાહ અને કામવિકારોના અનંત વિસ્તારને સંયમિત કરવા માટે વિવાહ સંસ્કારનું અનુષ્ઠાન બતાવ્યું છે. વિવાહ સંસ્કાર પછી વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. ગૃહસ્થાશ્રમ પણ એક પ્રકારથી સંન્યાસ દીક્ષા જ છે કારણકે તેના માધ્યમથી સ્ત્રી - પુરુષ બન્નેને પોતાના સ્વ-પુરુષ અને સ્વસ્ત્રીને છોડીને અન્ય કોઈની સાથે મન-વચન-કાયાથી કામાદિ (અબ્રહ્મસેવન) ની ઈચ્છાનો પરિત્યાગ થઈ જાય છે, જેનાથી અનેકો પર જનારી કુદષ્ટિને સીમિત કરી માત્ર એકમાં જ સંતુષ્ટ રહે છે. તેથી મહાપાપથી બચી જાય છે તથા જીવનમાં સુખ - શાંતિનો વિસ્તાર થાય છે. પથિક વિચાર રહ્યો છે કે આ મનુષ્યજીવનને સાર્થક કરવા માટે ઈચ્છાઓ પર નિયંત્રણ જ તો પ્રથમ સોપાન છે તેથી આપણા આર્ય મનીષીઓએ શક્તિ અનુસાર પ્રત્યેક પ્રાણી સંયમપાલન કરી શકે એવા અનેક માર્ગ બતાવ્યા છે; જેમાં બ્રહ્મચર્ય પાલન પ્રધાન ઉપાય છે. કારણકે અનાદિથી થી જીવની રુચિ કામ, ભોગ આદિમાં હોવાથી તેનું ચિત્ત સદાય ઈન્દ્રિય વિષયોને આધીન થઈને પાપ-પુણ્યનો વિચાર કર્યા વિના જ અનર્ગલ પ્રવૃત્તિ કરે છે, અબ્રહ્મ સેવનથી લાલાયિત તેની દષ્ટિ કામપોષણના સાધનોને શોધતો રહે છે અને અબ્રહ્મ સેવનની તૃષ્ણામાં વિવેકહીન થઈને ભટકતો રહે છે. તેથી સર્વથા તેનો પરિત્યાગ તો બધા માટે સંભવ નથી. પરંતુ આંશિક ત્યાગ કરી બ્રહ્મચર્યનું આંશિકરૂપથી તો પાલન કરી જ શકે છે. આંશિક શું વૈવાહિક જીવનમાં પ્રવિષ્ટ થઈને સંસારના સમસ્ત સ્ત્રી-પુરુષ આદિની સાથે મૈથુનસેવન માટે પ્રવૃત્તિ ન કરવી અને પોતાની વાસનાને માત્ર એક પ્રત્યે જ સીમિત કરી લેવી. અહો ! તે પણ કેટલો મોટો ધર્મ છે. જીવન ઉત્કર્ષ માટે, સુખ તથા શાંતિ-સમૃદ્ધિ માટે તથા પાપથી બચવા માટે આ વૈવાહિક જીવનમાં પ્રવિષ્ટ થઈને સદ્ગૃહસ્થ જીવન અપનાવવું તે પણ કેટલો સુંદર ઉપાય છે.

★ **બ્રહ્મચર્યનો મહિમા :-**

एकमेवव्रतं श्लाघ्यं त्रैलोक्यं त्रीजगत्यपि ।

यद् विशुद्धि समापन्न पूजिते पूजिते रवि ॥ (ज्ञानार्णव)

ત્રણ લોકમાં તથા સર્વ જગતમાં એક બ્રહ્મચર્ય વ્રત મહાન છે. સર્વાધિક પ્રશંસનીય તથા અનુમોદનીય છે કારણકે સર્વ પ્રકારની વિશુદ્ધિથી તેનું પાલન કરનાર પૂજ્ય પુરુષો દ્વારા પણ તે પૂજનીય થઈ જાય છે.

"નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ પુર ને અધિકાર.
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

## અબ્રહ્મસેવનની હાનિઓ :-

**ધાર્મિક દૃષ્ટિથી હાનિઓ :-**

પથિક સ્મરણ કરી રહ્યો છે ગુરુનો ઉપદેશ કે એકવારમાં જ કરાયેલ સ્ત્રી - પુરુષ દ્વારા મૈથુન સેવનની પ્રક્રિયામાં અસંખ્યાત જીવોની હિંસા થાય છે. જેમકે - ખસખસથી ભરેલી બોરીમાં તપાવેલ લોઢાના સળિયાને નાંખતા જ એક સાથે ઘણા બધા ખસખસના દાણા નષ્ટ થઈ જાય છે, તેવી રીતે એકવારના સંભોગ પ્રક્રિયામાં ઘણા બધા જીવ નષ્ટ થઈ જાય છે, કારણકે સ્ત્રીના શરીરના ગુપ્ત અંગોમાં તથા યોનિસ્થાનમાં અસંખ્યાત સંમૂર્ચ્છન જીવોની ઉત્પત્તિ થતી રહે છે. તેથી અબ્રહ્મ સેવન મહાપાપકારી છે.

**★ શારીરિક હાનિઓ :-**

અબ્રહ્મ (મૈથુન) સેવનથી શારીરિક બળ પણ ઓછું થાય છે. એક મહિના સુધી ગ્રહણ કરાયેલ પૌષ્ટિક પદાર્થોથી શરીરમાં જે ઊર્જા અને શક્તિનો સંગ્રહ થાય છે તે એકવારની મૈથુન ક્રિયાથી નષ્ટ થઈ જાય છે. તેની અતિ થવાથી શરીરમાં વીર્યક્ષમતા ઘટવા લાગે છે, જેથી નિરંતર અશક્તિ, ચીડિયો સ્વભાવ તથા રોગપ્રતિકારક ક્ષમતા ઘટવાથી શરીર અનેક બીમારીઓનું ઘર બની જાય છે. નિરંતર મૈથુન સેવનથી શારીરિક સૌંદર્ય પણ ઘટી જાય છે, ચહેરાનું તેજ નષ્ટ થઈ જાય છે વગેરે...

**★ માનસિક હાનિઓ :-**

અમર્યાદિતરૂપથી અબ્રહ્મ સેવન કરવાથી માનસિક, વૈચારિક ક્ષમતા ઘટવા લાગે છે, મન દુર્બળ થવાથી નકારાત્મકતા વધતી જાય છે, જેના કારણે ચિત્ત પ્રસન્ન નથી રહેતું. સદા નિરાશા યુક્ત રહે છે, કોઈ કામમાં એકાગ્રતા બનતી નથી. સ્મરણશક્તિ પણ ઘટવા લાગે છે. આદિ અનેક તેના દુષ્પરિણામ છે. પથિકનું મન બ્રહ્મચર્યની મહિમાથી આનંદિત થઈ ગયું છે. તેના ગુણ-દોષનો વિચાર કરવાથી તેનો વિવેક જાગૃત થઈ રહ્યો છે. તે પોતાની જાતને કહી રહ્યો છે કે જ્ઞાનીઓએ આ બ્રહ્મચર્યના અભ્યાસ માટે કેટલો સુંદર માર્ગ બતાવ્યો છે. સ્વ પત્ની તથા સ્વ-પતિવ્રત હેતુ વિવાહ સંસ્કારનું સુંદર અનુષ્ઠાન પ્રતિપાદિત કર્યુ છે. તો પણ આ મૂઢ પ્રાણી તેમાં સંતુષ્ટ ન રહીને અન્ય પુરુષ અથવા પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરી કુકર્મ કરે છે. કામ (મૈથુન) ના આવેગ પર નિયંત્રણ ન હોવાથી પોતાની પત્નીને છોડીને પરસ્ત્રીનું અથવા વેશ્યાગમન દ્વારા મહાનાશ રૂપ દ્વાર ખોલે છે.

**★ વેશ્યાગમન તથા પરનારીસેવનના અનેક પ્રકારઃ-**

પ્રાચીન સમયથી રાજા-મહારાજાઓના મનોરંજનાર્થ નગરવધૂ (વેશ્યા) ને નગરમાં રાખવાનું પ્રચલન રહ્યું છે અથવા તેમના અંતઃપુરમાં પણ એવી દાસીઓ રાખવામાં આવતી હતી, જેનાથી તેમના કામભાવોને પોષણ મળતું રહે. જો કે આ બહુ મોટું પાપ છે તો પણ સમાજ, પરિવાર અને પ્રશાસન બધાને માન્ય હતું. વર્તમાનમાં થોડી ગતિવિધિઓ આ પ્રકારની છે, બસ તેનું થોડું સ્વરૂપ અને નામ બદલાયા છે જેમકે-

★ મોટા શહેરોમાં આજ પણ વેશ્યાલય બનેલા છે, જેના ઉપર કાયદાકીય હસ્તક્ષેપ પણ નથી.

★ મોટા-મોટા પબ, ક્લબમાં બધા કામ થવા લાગ્યા છે.

★ અનેકો હૉટેલ તથા પર્યટક સ્થળો પર એવી યુવતીઓને જે પૈસા માટે પોતાના શારીરિક સૌંદર્ય તથા કામક્રીડાઓ દ્વારા પુરુષોનું મનોરંજન કરવામાં ચતુર હોય છે તેમને બોલાવવામાં આવે છે, જેને આજ કાલની ભાષામાં Call Girl કહે છે.

★ આજના યુગમાં સ્ત્રી-પુરુષ બન્ને દ્વારા શારીરિક વ્યવસાય થવા લાગ્યો છે. અર્થાત્ કામાદિ વિકારોના પોષણ માટે શરીરને જ એક સમયસીમા માટે વેચવામાં આવે છે.

★ મસાજ સેન્ટર, બ્યુટી પાર્લર આદિના નિમિત્તથી પણ સ્વરૂપાંતર કરીને આ પ્રકારના અનેકાનેક નિમિત્તોથી આ વ્યસનનું સેવન થવા લાગ્યું છે.

★ પોતાની સ્વસ્ત્રી-પત્નીને છોડીને અન્ય પુરુષની પત્ની અર્થાત્ અન્ય વિવાહિતા સ્ત્રી સાથે સ્વપત્ની તુલ્ય વ્યવહાર (કામસેવન) કરવો પરનારી સેવન છે. વર્તમાન સમયમાં મહિલા સ્વતંત્રતાની ક્રાંતિના કારણે પારિવારિક તથા સામાજિક મર્યાદાઓ ભંગ થવાથી સમાજમાં દોષની બહુલતા થઈ ગઈ છે.

★ વ્યવસાયશીલ મહિલાઓનું પ્રચલન વધવાથી સ્ત્રી-પુરુષ સમાન અધિકાર, વિભક્ત પરિવાર પ્રચલન, અમર્યાદિત વેશભૂષા આદિ અનેકાનેક કારણોથી પરિવારમાં અસંતોષ, પતિ-પત્નીમાં કલહ વધવાથી વિવાહોત્તર સંબંધ (Extra marital affairs) ના કારણે વ્યભિચાર વધવા લાગ્યો છે.

★ કેરિયરનું પ્રલોભન હોવાથી ક્યારેક મહિલાઓ સ્વેચ્છાથી તો ક્યારેક તેમના પર ભાવનાત્મક દબાવ નાંખીને તેમનું શોષણ પણ થવા લાગ્યું છે.

★ પારિવારિક સંબંધોમાં મર્યાદાઓના અભાવને કારણે સ્વચ્છંદતા વધવાથી સંબંધીઓમાં પરસ્પર વ્યભિચાર સામાન્ય થઈ ગયો છે.

★ અન્ય પણ અનેક પ્રકારોથી અપ્રત્યક્ષ રૂપથી પરનારી સેવનરૂપ વ્યભિચાર થાય છે. જેમકે અશ્લીલ ફોટા, ટી.વી સિરીયલ જોવી, અશ્લીલ ચલચિત્ર (ફિલ્મ), અશ્લીલ વેબ સિરિજ, અશ્લીલ વાર્તાઓ, અશ્લીલ ઓડિઓ સિરિજ, અશ્લીલ શોર્ટસ આદિનો ઉપયોગ કરવો વગેરે પરનારીસેવનના અંતર્ગત જ આવે છે.

પથિકનું મન અત્યંત ગ્લાનિ સાથે ખેદયુક્ત થઈ ગયું છે. તે વિચારી રહ્યો છે કે અહો! કેટલી સુંદર વ્યવસ્થા આર્ય પુરુષોએ એક સામાન્ય મનુષ્યનો સુખ-શાંતિપૂર્વક જીવનનિર્વાહ હેતુ પ્રતિપાદિત કરી છે તો પણ આ મનુષ્ય મનોરંજન માટે પશુત્વ ભાવને પ્રાપ્ત થઈને પોતાના હિતાહિતનો વિવેક વિસ્મૃત કરી દે છે, જેથી તેનો આ દુર્લભ મનુષ્યભવ નિષ્ફળ જાય છે, પાપનો મહાપુંજ થઈ જાય છે.

**★ વેશ્યાગમન અને પરનારી સેવનના દુષ્પરિણામઃ-**

શાસ્ત્રોમાં બતાવ્યું છે કે કામી પુરુષના કુળ, જાતિ, ધન અને ધર્મ બધું નષ્ટ થઈ જાય છે. ઉપરોક્ત વ્યસનનું સેવન કરનાર પુરુષ પોતાના આ જન્મને પણ અને પરભવને પણ દુઃખદાયી બનાવે છે. થોડા ક્ષણોના સુખ માટે સર્વસ્વ વિનાશને આમંત્રિત કરે છે. કામી, વ્યસની પુરુષની શું દુર્ગતિ થાય છે તે જગજાહેર છે જ તો પણ સંક્ષેપમાં કહીએ તો તેનો સર્વપ્રથમ તેના જીવનસાથી સાથે જ વિગ્રહ થઈ જાય છે. આ કારણે તેની સમસ્ત પારિવારિક વ્યવસ્થા ડગમગી જાય છે. સમાજમાં અપકીર્તિ થવાથી જીવતા જીવ મરણ સમાન જીવન થઈ જાય છે. આવનારી પેઢી તેનું નામ લેવામાં પણ શરમ અનુભવે છે. ઈત્યાદિ કારણોથી તે શારીરિક, માનસિક, આર્થિક આદિ સમસ્યાઓથી ગ્રસ્ત થઈને દુઃખી અને ત્રસ્ત થઈ જાય છે. આવા જ સંક્લેશ યુક્ત ભાવોથી મૃત્યુ પામી પરભવમાં પણ દુર્ગતિનું ભાજન થઈ જાય છે.

પથિકને સ્વીકાર નથી એવું ઘૃણિત જીવન. આવા જીવનથી તો સ્વયંનો તો નાશ થાય છે પણ પોતાના સંબંધિત અન્ય બધાનું જીવન પણ નષ્ટ થઈ જાય છે. આ એક વ્યસનના કારણે જીવન અન્ય સમસ્ત દુર્ગુણ રૂપ વ્યસનોથી ગ્રસિત થઈ જાય છે, તો પછી કેવી રીતે સંભવિત છે **"જીવો અને જીવવા દો"** સૂત્રનો નિર્વાહ? ધિક્કાર છે આવા મનોરંજનના સાધનોને તથા તેમાં રુચિ રાખનાર પશુતુલ્ય મનુષ્યને.

**★ નિર્દોષ મનોરંજન :-**

જોકે વ્યક્તિને જીવનમાં મનોરંજન અતિ આવશ્યક છે, તથાપિ એવા મનોરંજનનો શો લાભ જે દુર્ગતિનું કારણ બને. તેથી નિર્દોષ મનોરંજન કરવું જોઈએ, જેથી મોટા-મોટા પાપનો બંધ ના થાય, સ્વયંને પણ નુક્સાન ના પહોંચે અને બીજાને પણ નુક્સાન ના થાય. જેમકે - સજ્જન સંગતિ, સારું સાહિત્ય, જીવન ઉપયોગી ટી.વી. સીરિયલ, રાષ્ટ્ર, સમાજ અને ધર્મનું સંરક્ષણ, સંવર્ધન કરનાર કાર્યોમાં સહભાગી થવું, નિર્દોષ હાસ્ય-મજાક, પરિવારની સાથે સમય વ્યતીત કરવો, નિર્દોષ ખેલ-કૂદ, વ્યાયામ, ષટ્ કલાઓનું પ્રશિક્ષણ આદિ અનેક નિર્દોષ મનોરંજનના સાધન છે.

પથિક તો આગળ વધી રહ્યો છે નિર્દોષ મનોરંજનથી "જીવો અને જીવવા દો." ના રસ્તે, આપણે પણ આગળ વધીએ...

■■■

(ક્રમશઃ)

## શક્તિતઃ તપ ભાવના
### (સોળ કારણ ભાવના)

બા.બ્ર. કપિલભૈયા

### ૪. રસપરિત્યાગ તપ

**સ્વરૂપ :- "ચિત્તને તન્મય કરવામાં જે કારણરૂપ છે તેને રસ કહે છે."** પ્રધાનરૂપથી તે બે પ્રકારના છે; એક આત્મરસ જે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં તન્મય કરે છે તથા બીજો કામરસ જે પંચેન્દ્રિયોના વિષય-ભોગોમાં તન્મય કરે છે. આ બીજા પ્રકારના રસની ઇચ્છાનો પરિત્યાગ કરવો રસપરિત્યાગ તપ કહેવાય છે. બધા રસોમાં ભોજનરસ સર્વથી પ્રધાન અને શેષ બધાનો જનક તથા આશ્રયદાતા છે. તેથી ભોજનસંબંધી રસોનો ત્યાગ કરવો જ પ્રધાન રૂપથી રસપરિત્યાગ તપનું ધ્યેય રહે છે પરંતુ શ્રાવક અવસ્થામાં ગૌણ રૂપથી અન્ય ઇન્દ્રિય સંબંધી રસોને પણ સમજી લેવા જોઇએ. જો કે મુનિ અવસ્થામાં ભોજન સંબંધી રસ જ ગ્રહણ કરવામાં આવે છે, શેષ સર્વનો પહેલાથી જ પરિત્યાગ છે, એટલા માટે આ તપમાં ભોજન સંબંધી ષટ્રસોના જ ત્યાગની પ્રધાનતા છે. દૂધ, ઘી, તેલ, મીઠું, દહીં, ખાંડ (ગોળ પણ) આ છ ભોજનના રસ મનાય છે. આ છ રસ ખાટો, મીઠો, તીખો, કડવો અને કસાયેલો(તૂરો) આ પાંચ રસોમાં ગર્ભિત થઇ જાય છે. આ છ પદાર્થોથી ઉત્પન્ન રસ ભોજનમાં રુચિ અને તન્મયતા પેદા કરે છે, જેનાથી આત્મા ચૈતન્યરસને વિસ્મૃત કરી કામરસમાં તન્મય થઇ જાય છે. અનાદિકાળથી પરિભ્રમિત જીવને અનાદિકાળથી આનો જ પરિચય છે તેથી આમાં સહજ જ રુચિ થઇ જાય છે, જેથી ભોજનમાં લુબ્ધ થઇને આ જીવ ઇન્દ્રિયોને મદોન્મત્ત કરનાર પદાર્થોનું સેવન કરી કામ, નિદ્રા, હિંસા, આદિમાં પ્રવૃત્ત થાય છે અને નવીન કર્મોપાર્જન કરી આ દુઃખમય સંસારમાં ભટકતો રહે છે. આ ભટકન (પરિભ્રમણ) સમાપ્ત કરવાના હેતુથી જ શ્રી જિનેન્દ્રદેવે આ છ કામ રસોનો ત્યાગ કરી પોતાના નિજપરમાનંદસ્વરૂપ આત્મરસમાં નિમગ્ન થવાની દેશના આપી છે. આ ધ્યેયની પૂર્તિ આ રસ-પરિત્યાગ તપથી થાય છે.

ભોજનની ઇચ્છા મુખ્યરૂપથી આ રસોના કારણે જ થાય છે અર્થાત્ ભોજનનો વિકલ્પ તો ક્ષુધાવેદનીય કર્મના ઉદયના કારણે આવે છે પરંતુ ભોજનમાં રુચિ આ રસોના કારણે ઉત્પન્ન થાય છે. જો ભોજનમાં આ છ રસોને બાદ કરવામાં આવે તો વ્યક્તિ ભોજન તો કરશે કારણ કે તેને ભૂખ મટાડવી છે પરંતુ રુચિપૂર્વક કરશે નહીં અને "ભોજનમાં રુચિ જ કર્મબંધનું કારણ છે, માત્ર ભોજન નહીં." તેથી જો અબંધ પરિણામોથી ભોજન કરવું હોય તો નીરસ ભોજન કરવું સર્વોત્તમ છે કારણ કે નીરસ ભોજનમાં સહજ જ અરુચિ હોય છે. અહીં અરુચિથી તાત્પર્ય ઉદાસીનભાવથી છે, દ્વેષભાવથી નથી. જો નીરસ ભોજન કરતાં સમયે ભોજન પ્રત્યે દ્વેષભાવ થાય તો ફરી કર્મબંધ ચાલુ રહે છે. ઉદાસીનતાનો અભિપ્રાય એટલો જ છે કે જે રસોના નિમિત્તથી પોતાના સ્વભાવને વિસ્મૃત કરીને ભોજનમાં તન્મય થઇ જવાય છે તે હવે થવાતું નથી કારણ કે તે રસોનો ત્યાગ થતાં તત્સંબંધી તન્મયતા સમાપ્ત થઇને આત્મજાગૃતિપૂર્વક માત્ર આવશ્યકતાનુસાર જ ભોજન ગ્રહણ કરવામાં આવે છે. રસગૃદ્ધિને લીધે જે પેટ ભરી ભરીને ખાતા હતા તે પણ હવે છૂટી જાય છે કારણ કે નીરસ ભોજન સારું ન લાગવાથી વધારે ખવાતું નથી તેથી તેની સાથે-સાથે ઊણોદરી તપ પણ સહજ થઇ જાય છે.

જે પ્રકારે રસોનો ત્યાગ કરવો તપ છે તેવી રીતે જ નીરસ ભોજન કરવું પણ તપ છે કારણ કે નીરસ ભોજન મનને ગમતું નથી. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે કોઇ વ્યક્તિ ભૂખ્યા રહેવું પસંદ કરી લે છે પરંતુ તેની અરુચિનું ભોજન કરવું પસંદ કરતો નથી અર્થાત્ ભૂખ્યું રહેવું આસાન છે પરંતુ અરુચિનું જમવું કઠણ છે. તેનું કારણ એ છે કે તે વ્યક્તિને ન ખાવાની ઇચ્છાનો નિરોધ કરવો પડે છે એટલા માટે નીરસ

ભોજન તે કરી શકતો નથી. ન ખાવાની ઇચ્છાનો નિરોધ નીરસ ભોજન કરવાથી થાય છે. તેથી નીરસ ભોજન કરવું તે પણ એક તપ છે. આ તપમાં બન્ને તરફથી લાભ છે અર્થાત્ ઇચ્છાનિરોધ થાય છે, એક તો રસોનો ત્યાગ કરવામાં અન બીજું નીરસ ભોજન કરવામાં, આ જ તેનું વૈશિષ્ટ્ય છે, જે તેના સ્વતંત્ર નિરૂપણને સાર્થક કરે છે કારણ કે નીરસ ભોજન કરવું તે પણ જો તપ નહોતું તો માત્ર અનશન તપ જ પૂરતું હતું. રસ-નીરસની ઝંઝટ જ સમાપ્ત થઇ જતી પરંતુ નીરસ ભોજનને પણ તપ કહ્યું છે કારણ કે રસોનો પરિત્યાગ તો અનશનમાં પણ થઇ જાય છે પરંતુ રસલુબ્ધતાનો સંસ્કારક્ષય તો માત્ર નીરસ ભોજન કરવાથી જ થાય છે. તેથી કોઇ સાધક ઉપવાસ કરતો હોય, તેણે પણ રસ પરિત્યાગ તપનો અલગથી અભ્યાસ અવશ્ય કરવો જોઇએ. કારણ કે બન્નેથી અલગ-અલગ પ્રયોજનોની સિદ્ધિ થાય છે અને મુનિ અવસ્થામાં તો એક માત્ર ભોજન જ વિષયના રૂપમાં ગ્રહણ કરવામાં આવે છે, તેમાં થોડો ઘણો અબુદ્ધિપૂર્વક રાગ રહેવાની સંભાવના રહે છે. જો તેમાં પણ ભોજનમાં રસપરિત્યાગ કરવામાં આવે તો સમજો તે સંપૂર્ણરૂપથી નિર્વિષયી થઇ ગયા, હવે તેમને બંધનમાં કોઇ નાખી શકે નહીં. તેથી મુનિઓએ પણ અવશ્ય રસપરિત્યાગ કરવો જોઇએ, એવો શ્રી જિનેન્દ્રદેવનો આદેશ છે.

**રસપરિત્યાગ તપની વિધિ :-** આમ તો બધા તપોને વિવેકપૂર્વક, શક્તિતઃ, ગુરુઆજ્ઞાથી જ કરવા જોઇએ કારણ કે આપણું ધ્યેય માત્ર તપ કરવાનું નથી, તેના માધ્યમથી ભાવોની નિર્મળતા કરવાનું છે. જો આત્મવિશુદ્ધિ કે શુદ્ધિ થાય તો તે તપ સમ્યક્ છે, નહિ તો વિચારણીય છે. આ રસ-પરિત્યાગ તપ કરતા સમયે એ ધ્યાન રાખવું જોઇએ કે આવેશમાં આવીને એક સાથે રસોનો ત્યાગ ન કરવો; નહિ તો શરીરમાં વાત, પિત્ત અને કફનું સમતુલન બગડી શકે છે, જેનાથી અનેક પ્રકારના રોગ થવાની સંભાવનાઓ રહે છે. માટે પહેલા તો અઠવાડિયામાં દરેક દિવસે એક-એક રસનો ત્યાગ કરવાનો અભ્યાસ કરવો, પછી એક દિવસમાં બે-બે રસોના ત્યાગનો અભ્યાસ કરવો. આવું કરવાથી ધીરે-ધીરે શરીર તેનાથી અભ્યસ્ત થઇ જશે, પછી બધા રસોનો ત્યાગ પણ જો શક્તિ હોય તો કરવો જોઇએ. રસત્યાગનો અભ્યાસ ગૃહસ્થ અવસ્થામાં વધારે સારી રીતે કરી શકીએ છીએ કારણ કે આપણે ભોજન બનાવનારને યોગ્ય નિર્દેશ સહજતાથી કરી શકીએ છીએ.

**રસત્યાગ તપના લાભ :-**

(૧) રસોની ઇચ્છાનો નિરોધ થાય છે, જે કર્મ-નિર્જરાનું કારણ છે. આ તેનો પરમ લાભ છે.

(૨) રસત્યાગથી ભોજન પ્રત્યે લુબ્ધતા સમાપ્ત થઇ જાય છે.

(૩) નીરસ ભોજન કરવાથી મનને જે અણગમો લાગે છે તે સહન કરવાની આદત પડે છે, જેથી મનનું મનમોજીપણું ઓછું થઇ જાય છે. આ સંસ્કારનો ઉપયોગ અન્ય આવશ્યક આદિમાં પણ કરી શકીએ છીએ અર્થાત્ સામાયિકાદિ આવશ્યકોમાં પણ ક્યારેક નીરસતા લાગે તો તે નીરસતામાં પણ તેને કરવાના સંસ્કાર પડે છે.

(૪) રસપરિત્યાગથી ઊણોદરી તપ સ્વતઃ જ થઇ જાય છે.

(૫) નીરસ ભોજનનું પાચન સહજ જ થઇ જાય છે, જેથી ઉદર સંબંધી વ્યાધિઓથી મુક્તિ મળે છે.

(૬) નીરસ ભોજનથી કામાદિ વિકારભાવ અત્યંત મંદ પડી જાય છે કારણ કે દૂધ આદિ રસ જ તેમના ઉત્તેજનમાં નિમિત્ત હોય છે.

(૭) ઊણોદરી અને વિકારરહિત ભોજનથી શરીર તથા મન હળવા અને પ્રફુલ્લિત રહે છે તથા આળસ, નિદ્રા અને પ્રમાદાદિનો ભય રહેતો નથી.

આશય એ છે કે રસપરિત્યાગનું અચિંત્ય માહાત્મ્ય જાણીને પૂર્ણ શક્તિ લગાવી આ તપમાં પ્રવર્તન કરવું જોઇએ, જેથી અવિદ્યાથી ઉત્પન્ન કામરસોનો પ્રભાવ પ્રક્ષીણ થઇ પોતાના આત્મામાં સહજ સ્ફુરિત પરમશાંત પરમાનંદમય ચૈતન્યરસનો રસાસ્વાદ લઇને સદા માટે આત્મા તેમાં જ નિમગ્ન રહે, આ જ તેનું પારમાર્થિક ફળ છે.

## ૫. વિવિક્તશય્યાસન તપ

**સ્વરૂપ** :- વિવિક્તનો અર્થ અસંગ થાય છે. શય્યાનો અર્થ શયન કરવાથી છે તથા આસનનો અભિપ્રાય ધ્યાન-સ્વાધ્યાયાદિના સમયે યોગ્ય આસન લગાવીને બેસવાથી છે અર્થાત્ "જીવ-જંતુઓના ઉપદ્રવથી રહિત એકાંત નિર્જન સ્થાનમાં રહીને ધ્યાન, સ્વાધ્યાય કરવા તથા થાકી જવાય ત્યારે વિશ્રામ કરવો તે વિવિક્ત શય્યાસન કહેવાય છે" અથવા પરિજન-કુટુંબી, મિત્ર ઇત્યાદિ ચેતન પદાર્થો સાથે રહેવાની તથા ઘર, સોફા, ગાદલા, પાથરણા આદિ અચેતન પદાર્થોનો ઉપભોગ કરવાની ઇચ્છાઓનો નિરોધ કરીને એકાંત-નિર્જન સ્થાનમાં શયનાસન કરવું વિવિક્તશય્યાસન તપ કહેવાય છે. આમાં આપણા પ્રિય જડ-ચેતન પદાર્થોના સંગમાં રહેવાની ઇચ્છાનો નિરોધ થાય છે, માટે આ તપ મનાય છે.

અનાદિકાળથી આ જીવને પર પદાર્થોના સંગનો અભ્યાસ છે, જેનું મૂળકારણ વ્યક્ત-અવ્યક્ત અસુરક્ષાનો ભય છે. આનું મૂળકારણ નિર્ભય, નિ:સંગ, સ્વતત્ત્વ સંબંધી અજ્ઞાન છે. આ જીવ અજ્ઞાનથી અન્ય વિના હું અધૂરો છું અને અન્યથી હું સુરક્ષિત છું એવું માને છે. આ કારણે તે સદાય બીજા સાથે રહેવા ઇચ્છે છે. ધીરે-ધીરે બીજા સાથે રહેતા-રહેતા એટલો નિકટ જતો રહે છે કે પોતાના સ્વતંત્ર અસ્તિત્વથી બેભાન તે અન્યથી જ પોતાનું અસ્તિત્વ માનવા લાગે છે. તેથી જ્યારે પોતાના ઇષ્ટ-જનોથી તે થોડો પણ દૂર જાય તો પોતાને અત્યંત અસહાય, ભયગ્રસ્ત અને અધૂરો અનુભવે છે. આ અજ્ઞાતભયથી જ સમાજ વ્યવસ્થા અને વિશ્વવ્યવસ્થાની નિષ્પત્તિ થઇ છે. આ કાલ્પનિક અજ્ઞાતભયથી જ જીવ એકલો રહેવાથી ડરે છે અને સમાજમાં રહે છે. ત્યાં તેનો રાગ વૃદ્ધિંગત થાય છે. ફળ સ્વરૂપ દ્વેષ - ક્રોધાદિની ઉત્પત્તિ થાય છે. આ રાગ-દ્વેષાદિથી કર્મબંધ કરીને આ દુ:ખદાયી સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે. આ અજ્ઞાત ભય (ભય સંજ્ઞા) ના સંસ્કારોનો સર્વનાશ કરવાનો ઉત્તમ ઉપાય આ વિવિક્તશય્યાસન તપ છે.

એકલા શયન કરવાથી પર પદાર્થોના આશ્રયથી ઉત્પન્ન રાગ-ભાવ ઓછો થાય છે અને ક્રમશઃ જીવનમાં નિર્ભયતા આવતી જાય છે તથા એકાંતમાં ધ્યાનાદિ કરવાથી સંગજનિત વિક્ષેપ થતો નથી, શાંતિ અને નિરાકુળતાપૂર્વક તે એકાગ્ર થઇ ધ્યાનસ્થ થઇ શકે છે. વનાદિમાં એકલા રહેવાથી પહેલાનો જે વન્ય પ્રાણીઓ સંબંધી, ભૂત-પ્રેતાદિ સંબંધી અંદરમાં ભય બેસેલો હતો તે પણ નીકળી જાય છે કારણ કે ભય વાસ્તવમાં અજ્ઞાનનો છે. જ્યાં સુધી પદાર્થ અવ્યક્ત છે કે તેના સંબંધિત અજ્ઞાન રહે છે ત્યાં સુધી જીવ તેના પ્રત્યે જિજ્ઞાસુ અને ભયાન્વિત રહે છે, જ્યારે તે વસ્તુ સામે વ્યક્ત થઇ જાય છે ત્યારે તત્સંબંધી અજ્ઞાન નષ્ટ થઇ જાય છે. ત્યારે તેના પ્રત્યેનો કાલ્પનિક ભય અને વિકલ્પ સમાપ્ત થઇ જાય છે. જેમ કે કોઇ વ્યક્તિએ સાપ જોયો ન હોય અને લોકોથી તેની ભયાનકતા સાંભળી હોય ત્યાં સુધી તે અંદરથી નિરંતર ભયભીત રહે છે, પરંતુ જ્યારે તે સાત-આઠ વાર સાપને નજીકથી જોઇ લે છે અને તેના સ્વભાવનું જ્ઞાન કરી લે તો તે નિર્ભય થઇ જાય છે. તેવી જ રીતે જીવે જંગલી પ્રાણીઓ, ભૂત-પ્રેત આદિની ભયાનકતા સાંભળેલ છે, જેથી મનમાં બીક બેસી ગઇ છે પરંતુ જ્યારે તે જંગલોમાં જઇને તેમનો સાક્ષાત્કાર કરી લે છે અને તત્સંબંધી જ્ઞાન કરી લે છે ત્યારે તે સ્વતઃ જ તેમના પ્રત્યે નિર્ભય થઇ જાય છે. વિવિક્તશય્યાસનતપ આ નિર્ભયતાને વધારવાનો જ અમોઘ ઉપાય છે.

જીવનો મૂળ સ્વભાવ અસંગ છે. તેની સિદ્ધિ પણ આ તપથી ક્રમશઃ થાય છે. સંગદોષથી રાગાદિની ઉત્પત્તિ થાય છે. તેનાથી ચિત્તની ચંચળતા વધે છે, જેથી આત્મસ્વભાવમાં અસ્થિરતા આવે છે. એકાંતમાં રહેવાથી સંગદોષ સંબંધી રાગાદિની ઉત્પત્તિ થતી નથી જેથી સ્વભાવમાં સ્થિર થવામાં સહાયતા મળે છે. આ કારણે આત્મસિદ્ધિના અભિલાષી યોગીજન રાજ-પાટ, સમાજ, ઘર, વસ્ત્રાદિ બધું છોડીને જંગલમાં એકલા નિવાસ કરે છે. આનું નામ જ વિવિક્તશય્યાસન તપ છે.

**(અનુસંધાન પાના નં. ૩૪ પર)**

પરમનો સ્પર્શ-૧૬૭

# કર્મ વિશે વિચાર-૨

## પૂર્વભવોનો પડઘો અને પુનર્જન્મનું પ્રતિબિંબ !

❋❋❋❋❋❋❋❋❋❋ **પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ** ❋❋❋❋❋❋❋❋❋❋

આપણે નીકળ્યા હતા મૃત્યુનો મર્મ શોધવા અને પુનર્જન્મનો ભેદ ખોલવા માટે પણ અધવચ્ચે કર્મવિચારના પગથિયે અટકી ગયાં, કારણ એટલું જ કે વ્યક્તિના મૃત્યુ અને પુનર્જન્મ સાથે એના કર્મનો સીધો સંબંધ છે અને એથી જ કર્મને ઓળખ્યા વિના આપણે આગળ જઈ શકીએ નહીં. અરે ! આ કર્મનો સંબંધ માત્ર આ જીવન પૂરતો જ નથી, પણ એ પૂર્વભવોનો પડઘો છે તો પુનર્જન્મ કર્મની વિચારધારાનું મહત્ત્વ એ છે કે દરેક સંત, સાધક અને અધ્યાત્મ જિજ્ઞાસુઓએ પોતપોતાની રીતે કર્મવિચાર કર્યો છે. જીવનમાં કર્મના પ્રાધાન્યની વાત મળે છે, તે કર્મત્યાગનો વિચાર પણ મળે છે. કેટલાકે એના પ્રકારો જોઈને કર્મના જીવન પરના પ્રભાવ વિશે ચિંતન કર્યું છે.

કદાચ કર્મ વિશે જેટલી વૈવિધ્યમય વિચારધારા જોવા મળે છે, એટલી વૈવિધ્યમય વિચારધારા આપણે અન્ય કોઈ આધ્યાત્મિક તત્ત્વની બાબતમાં મળતી નથી. આ અંગે ભિન્ન ભિન્ન લોકોએ કરેલાં દૃષ્ટિબિંદુઓનો કુમારપાળ દેસાઈએ આપેલો ઉત્તર જોઈએ તો, કર્મને વ્યવહારિક રીતે, નૈતિક રીતે, ધાર્મિક રીતે અને આધ્યાત્મિક રીતે જોવામાં આવ્યું છે અને એટલે બહુ સામાન્ય રીતે જોઈએ તો શ્રીમદ્ ભગવદ્ગીતોએ તો દર્શાવ્યું છે કે હકીકતમાં કોઈપણ કર્મ કર્યા વિના રહી શકતા નથી, કારણ કે માનવ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં સત્ત્વ, રજસ અને તમસ ગુણો દ્વારા પરવશ થઈને કર્મ કરવા માટે એ બાધિત બનતો હોય છે અને આથી જ કર્મમાં કોની કેટલી ભાગીદારી એ વિષયમાં કુરાને શરીફ તો કહે છે કે, તમે એટલું જ કહો કે મારું કામ મારા માટે છે અને તમારું કામ તમારે માટે છે. હું જે કંઈ કરું છું, એમાં તમારી કોઈ જવાબદારી નથી અને તમે જે કંઈ કરો છો, તેમાં મારી કોઈ જવાબદારી નથી. (૧૦/૪૧)

પ્રત્યેક વ્યક્તિનું કર્મ એ એની વ્યક્તિગત જવાબદારી છે અને વ્યક્તિને એ પ્રમાણે ફળ ભોગવવું પડે છે. આથી ચીનમાં પ્રવર્તમાન કન્ફ્યુશિયસ ધર્મના સિદ્ધાંતોનો સંગ્રહ કરનાર 'મેગ-શુ' પરથી એના પુસ્તકનું નામ 'મેગ-શુ' રાખવામાં આવ્યું છે અને આકર્ષક શૈલીમાં લખાયેલું આ બોધપ્રદ પુસ્તક સમકાલીન શાસકોની બુરાઈઓને દૂર કરવાનો પ્રયત્ન કરે છે અને એમાં કન્ફ્યુશિયસનું વ્યવહારિક જ્ઞાન પ્રગટ થાય છે. કન્ફ્યુશિયસની ઇચ્છા હતી કે એના વિચારોને મુક્ત સ્વરૂપ આપીને રાજ્યને સ્વર્ગ સમું બનાવવામાં આવે અને આ સંદર્ભમાં જ એણે લોકવ્યવહાર, શિક્ષણ, રાજનીતિ અને સામાજિક સ્થિરતા પર ઘણો ભાર મૂક્યો છે. એણે સ્પષ્ટ કહ્યું છે,

"મનુષ્યના જીવનમાં સુખ અને દુઃખ આવે છે એ અણધાર્યા, એકાએક કે ભૂલથી આવી પડેલાં હોતા નથી, પરંતુ વિધાતા પોતે માનવીમાં કર્મ અનુસાર એને સુખ અને દુઃખ આપે છે અને એટલે જ અકાળે મૃત્યુ થાય છે, તે વિધાતાને કારણે થતાં નથી, પરંતુ વ્યક્તિના પોતાનાં કર્મને કારણે થાય છે." આ રીતે એણે એ વાત પર ભાર મૂક્યો કે 'વ્યક્તિ પોતે જેવો વ્યવહાર એની સાથે થાય એવું ઇચ્છતો નથી, એવો વ્યવહાર એણે બીજાની સાથે કરવો જોઈએ નહીં' અને અંતે કન્ફ્યુશિયસ ધર્મના 'મેગ-શુ' ગ્રંથમાં સ્પષ્ટપણે કહ્યું છે,

"કોઈ એવું કર્મ ન કરો કે જે કરવું ન જોઈએ. કોઈ એવી ઈચ્છા ન રાખો કે જે રાખવી ન જોઈએ. જો તું માત્ર આટલું કરી શકીશ તો તું તારું કર્તવ્ય પૂરું કરી શકીશ" અને એવી જ રીતે કન્ફ્યુશિયસના ઉપદેશવચનમાં આ જ ગ્રંથમાં કહ્યું છે, "તારે સારાં કાર્યો કરવા જોઈએ અને એનું પરિણામ શું આવશે એની શરૂઆતમાં કોઈ ગણતરી કરવી જોઈએ નહીં. આત્માએ પોતાનું કર્તવ્ય ભૂલવું જોઈએ નહીં અને એ કામ પૂરું કરવા માટે વધુ પડતી ઉતાવળ કરવી જોઈએ નહીં."

જિજ્ઞાસુઓને ખ્યાલ આવશે કે વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મમાં કર્મ વિશેનો વિચાર જેટલાં ઊંડાણથી, ગહન ચિંતનથી અને આત્માનુભૂતિથી કરવામાં આવ્યો છે, એટલી ગહન વિચારધારા કે ઊંડું ચિંતન અન્યત્ર ક્યાંય મળતું નથી. જૈન ધર્મમાં ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ 'શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર'માં સંગ્રહાયેલો છે અને આ 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના તેરમા અધ્યાયની ત્રેવીસમી ગાથામાં કહ્યું છે કે, 'એનું (મૃત્યુ પામનારનું) દુઃખને જાતિના લોકો, મિત્ર, પુત્ર કે બંધુ-બાંધવ વહેંચી શકતા નથી. એ એકલો જ સ્વયં દુઃખનો અનુભવ કરે છે, કારણકે કર્મફળ તો કર્મકર્તાએ જ ભોગવવું પડે છે.'

અને આ સ્વયં ભગવાન મહાવીરના જીવનમાં કાનમાં શૂળ ભોંકવાની ઘટના એમના અઢારમા પૂર્વભવમાં બનેલી ઘટનાનાં કારણ રૂપે જોવા મળે છે. અઢારમાં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શય્યાપાલકની શરતચૂક થતાં એના કાનમાં રાજા ત્રિપૃષ્ઠ વાસુદેવે ગરમાગરમ શિશુ રેડ્યું હતું. એ કર્મનો પ્રભાવ ભગવાન મહાવીરના સત્યાવીસમા ભવમાં પડે છે, જેમાં એમના કાનમાં શૂળ ભોંકવાની ઘટના બને છે.

આથી જ જૈનઆગમ 'શ્રુતકૃતાંગમાં' એક સરસ મજાની ઉપમાથી આ વાત કરવામાં આવી છે. એમાં કહ્યું છે, 'જેમ અગ્નિ સૂકી લાકડીઓને તરત જ બાળી નાખે છે, એ જ રીતે આત્મનિષ્ઠ મનુષ્યે કર્મરૂપી કાષ્ઠને બાળી નાખવું જોઈએ.' (અધ્યાય-૪)

હિંદુ ધર્મ વિશે વિચાર કરીએ તે પહેલાં જગતના અન્ય ધર્મોએ કરેલાં કર્મ વિશેના વિચારો પર દૃષ્ટિપાત્ કરીએ. જાપાનનો રાષ્ટ્રીય ધર્મ શિન્તો ધર્મ કહે છે, 'સારા અને ખરાબ કર્મનું ફળ પડછાયા જેવું છે, જે અવશ્ય પ્રાપ્ત થાય છે.' જ્યારે આ સંદર્ભમાં જરથોસ્તી ધર્મમાં પણ એટલી જ માર્મિક વિચારધારા જોવા મળે છે. જરથોસ્તી ધર્મને સામાન્ય રીતે પારસી ધર્મ કહેવામાં આવે છે, પણ તે યોગ્ય નથી. પારસી ધર્મનો અર્થ છે 'પારસ(ઈરાન)નાં પારસીઓનો ધર્મ' અને આ પારસમાં જરથુસ્તની પૂર્વે પણ ધર્મ હતો અને એ પછી પણ. જોકે જરથોસ્તી ધર્મને પારસી ધર્મ એ માટે કહેવામાં આવે છે કે સાતમી સદીમાં ઈરાન પર ઈસ્લામનું પ્રભુત્વ છવાઈ જતા એના શરણાર્થી જરથુસ્તીઓ ભારત આવ્યા અને તેઓ પારસ (ઈરાન)થી આવેલાં હોવાથી પારસી તરીકે ઓળખાયાં. આ જરથોસ્તી ધર્મના ધર્મગ્રંથ 'જેંદ અવસ્થા'ના ચાર ભાગ ઉપલબ્ધ છે અને એનો પ્રથમ ભાગ તે યસ્ન છે, જેમાં પૂજાવિધિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ધર્મ એમ માને છે કે સતત બે વિરોધી શક્તિઓ નિરંતર સંઘર્ષ કરતી હોય છે. સ્પેતા મઈન્યુ (શુભ શક્તિ) મનુષ્યને સત્કર્મો કરવા માટે પ્રેરે છે અને અગ્રામઈયુ (અશુભ કાર્યો) માનવીને અશુભ કર્મ કરવા પ્રેરિત કરે છે.

એના ધર્મગ્રંથ 'જેંદ અવસ્થા' ના પ્રથમ ભાગ યસ્નમાં કહ્યું છે કે 'ભૂમિ, જળ અને છોડના ઉત્પાદક હે પરમ પવિત્ર આત્મા, પરમાત્મા મને અમરતા અને પૂર્ણતાનું પ્રદાન કરજો. આ બે ઉત્તમ શક્તિઓ પ્રેમ દ્વારા જ પ્રાપ્ત થાય છે. હું ચોક્કસ હે ઈશ્વર ! એનો પ્રચાર કરીશ કે દુઃખ દુષ્ટોની પ્રતીક્ષા કરે છે અને આનંદ ધર્મમાં લીન એવા લોકોની.'

એવી જ રીતે જરથોસ્તી ધર્મના અન્ય ગ્રંથ

'દિના-ઇ-મૈનોગ-ઇ-ખિરત' માં તો સ્પષ્ટ કહ્યું છે કે આત્માને એના કર્મનું ફળ મળશે જ, આથી સારા કર્મનો સંચય કરવા માટે પરિશ્રમ કરતા રહો, જે આત્મિક લોકમાં પણ તમારો સહાયક બનશે.

કર્મવિચાર વિશે ખ્રિસ્તી ધર્મના 'ન્યુ ટેસ્ટામેન્ટ'માં કહ્યું છે કે, 'એ (પરમેશ્વર) સહુ કોઈને એમના કામ અનુસાર બદલો આપે છે. જે સત્કર્મમાં રહીને મહિમા, આદર અને અમરતાની ખોજ કરે છે એને એ અનંતજીવન આપશે, પણ જે વિવાદી છે અને સત્યને માનતો નથી, બલ્કે અધર્મને માને છે એના પર ક્રોધ અને કોપ ઉતરશે, કારણકે પરમાત્મા કોઈ પક્ષપાત કરતો નથી.' આ રીતે ખ્રિસ્તી ધર્મમાં મનુષ્યને કર્મફળ મળે છે, તેની વાત કરવામાં આવે છે, પણ એ કર્મફળ પુનર્જન્મના રૂપમાં હોતું નથી. એમાં કહ્યું છે કે પ્રલયના દિવસે મૃતક ફરી ઊભો થશે અને એના કર્મ અનુસાર સદાને માટે સ્વર્ગ કે નરકમાં રહેવું પડશે.

જ્યારે 'કુરાને શરીફ' તો કહે છે કે, 'જે ભલાઈ લઈને આવશે એને દસ ગણો બદલો મળશે અને જે બુરાઈ લઈને આવશે એને એટલો જ બૂરો બદલો મળશે.'

શીખ ધર્મનાં 'ગુરુગ્રંથ સાહેબ'માં કહ્યું છે કે, 'માણસ માત્ર બોલીને ધર્મી બનતો નથી કે પાપી બનતો નથી. તમે જે કર્મો કરો છો, તેને લખીને સાથે લઈ જાઓ છો. તમે જ તમારા બી વાવો છો અને એનું ફળ ખાઓ છો. હે નાનક ! તમારા જન્મ, મરણ (પોતાના કર્માનુસાર) એ પ્રભુની આજ્ઞાથી થાય છે.'

આ રીતે દરેક ધર્મે કર્મની વાત કરી છે, કર્મના ફળની વાત કરી છે, સારા કર્મનું સારું ફળ અને ખરાબ કર્મનું ખરાબ ફળ એવું એક અવાજે કહ્યું છે. માત્ર એ કર્મોને કારણે આવતાં પરિણામો વિશે ભિન્નતા પ્રવર્તે છે, જે રસપ્રદ બાબત વિશે હવે પછી જોઈશું. ●●●

## શ્રી સદ્ગુરુપ્રસાદ...

**પાના નં. ૫ પરથી ચાલુ...**

તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે... આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઇ જ નથી. આ નિર્ણય ઘણાય વખત થયાં કરી રાખ્યો છે. જોકે તીર્થંકર થવા ઇચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઇ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઇ છે, પણ ચાહીને શમાવવાની ઇચ્છા રાખી નથી.

આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું. અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યું ઘણું કરી જાણશો.

ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમશ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઇ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કંઇ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે.

દશપૂર્વધારી ઇત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરું છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમાં છે. બાકીના ગુફામાં છે. કોઇ કોઇ જાણે છે પણ તેટલું યોગબળ નથી.

કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઇ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે.

એ જ વિનંતી. **વિ.આ.રાયચંદ**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૧૨૫)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

ચૈતન્યતરંગિણી, ચૈતન્ય નગાધિરાજ અને ચૈતન્ય મહાસાગર સમા પરમકૃપાળુદેવ આભ્યંતર પરિણામ અવલોકન-હાથનોંધ-૨ આંક-૭ માં સરસ્વતી વહાવે છે કે "હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે. હે જીવ ! અસમ્યક્દર્શનને લીધે તે સ્વરૂપ તને ભાસતું નથી. તે સ્વરૂપમાં તને શંકા છે, વ્યામોહ અને ભય છે. સમ્યક્દર્શનનો યોગ પ્રાપ્ત કરવાથી તે અભાસનાદિની નિવૃત્તિ થશે. હે સમ્યક્દર્શની ! સમ્યક્ચારિત્ર જ સમ્યક્દર્શનનું ફળ ઘટે છે, માટે તેમાં અપ્રમત્ત થા. જે પ્રમત્તભાવ ઉત્પન્ન કરે છે તે કર્મબંધની તને સુપ્રતીતિનો હેતુ છે. હે સમ્યક્ચારિત્રી! હવે શિથિલપણું ઘટતું નથી. ઘણો અંતરાય હતો તે નિવૃત્ત થયો, તો હવે નિરંતરાય પદમાં શિથિલતા શા માટે કરે છે ?" આ અમૃત રસવર્ધિની સરસ્વતીમાં પરમકૃપાળુદેવની ગહનતા, ગંભીરતા, ગરિમા અને ગૌરવવર્ધિતા છે. સાક્ષાત્ વીરવાણીની પ્રસાદી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય સમાધિતંત્ર ગ્રંથમાં સમાધિની પરિભાષા આપે છે. આ લઘુગ્રંથ મહાગ્રંથની ભૂમિકા આપે છે. મધુરતા સાથે અધ્યાત્મ નવનીતને આ ગ્રંથમાં સમજાવ્યો છે.

આપણે અધ્યાત્મગ્રંથ 'સમાધિતન્ત્ર' નું અમૃત રસપાન કરી રહ્યા છીએ. ગાથા-૯૪ માં વિચાર કર્યો કે જેને શરીરમાં આત્મબુદ્ધિ છે, જે શરીરને આત્મા માને છે તે ભલે સર્વ શાસ્ત્રનો જાણકાર હોય પણ ભેદજ્ઞાનના અભાવે મુક્તિની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે તેમજ આત્મસ્વરૂપના અનુભવનો દૃઢતર અભ્યાસ છે તેવો અંતરાત્મા નિદ્રાવસ્થામાં કે ઉન્મત્ત અવસ્થામાં હોવા છતાં કર્મોની નિર્જરા કરે છે. કારણ કે તેને જ્ઞાનચેતનનું નિરંતર પરિણમન છે. હવે શ્લોક-૯૫ નો અભ્યાસ કરી પરિણમન માટે પુરુષાર્થી બનીએ.

**"यत्रैवाहितधीः पुंसः श्रद्धा तत्रैव जायते ।**
**यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते ॥९५॥"**

**અન્વય :** यत्र एवे पुसः आहितधीः तत्र एव श्रद्धा जायते यत्र एव श्रद्धा जायते तत्र एव चित्त लीयते ।.

**શબ્દાર્થ : यत्र एव** = જ્યાં જ અર્થાત્ કોઇ વિષયમાં જ, **पुसः** = પુરુષની, **आहितधीः** = દત્ત અવધાનરૂપ બુદ્ધિ હોય છે, **तत्र एव** = ત્યાં જ અર્થાત્ તે વિષયમાં જ તેને, **श्रद्धा जायते** = શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, **यत्र एव** = જ્યાં જ, **श्रद्धा जायते** = શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, **तत्र एव चित्तं लीयते** = ત્યાં જ તેનું ચિત્ત લીન થઇ જાય છે.

**ભાષાન્તર :** કોઇ વિષયમાં જ પુરુષની દત્તાવધાન રૂપ બુદ્ધિ હોય છે તે જ વિષયમાં તેની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જે વિષયમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તે વિષયમાં તેનું ચિત્ત તન્મય થઇ જાય છે.

**ભાવાર્થ :** મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાનની પ્રત્યક્ષ દેશના સાંભળી ભરતક્ષેત્રમાં આવનાર શ્રી પૂજ્યપાદ આચાર્ય આ શ્લોકમાં અપૂર્વ રુચિની શ્રદ્ધા થાય તે આત્મનું પરિણમન પામી શકે છે એવી સહજ વાણીથી સમજાવે છે.

જે વિષયમાં બુદ્ધિ પ્રથમ પ્રેરાય છે, પોતાને હિતકારી છે એમ લક્ષ થાય છે ત્યાં જ જીવને રુચિ, પ્રીતિભાવ, શ્રદ્ધા પ્રગટે છે. જ્યાં શ્રદ્ધા થઇ તે જ વૃત્તિના વિસામારૂપ ટકવાનું સ્થાન બને છે. ત્યાં જ વારંવાર વૃત્તિ ખેંચાય છે. ત્યાં જ ચિત્ત ચોંટે છે.

માનસશાસ્ત્રમાં સિદ્ધાન્ત છે કે જે કામ ચિત્તને પસંદ પડે છે, ગમે છે, તે શીખતા વાર લાગતી નથી. જે અભ્યાસ બાળકને કરાવવો હોય તેમાં તેની

રુચિ ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો કરવાથી ઓછી મહેનતે સ્વયં બાળક તે અભ્યાસમાં જોડાઈ જાય છે. તેવી રીતે વૈરાગ્ય સભર મહાપુરુષોના ચરિત્રો, જગતની વિષમતા સાંભળવાથી સાધકને વૈરાગ્યમાં રુચિ ઉત્પન્ન થાય છે. સંસાર પ્રત્યેથી ચિત્ત ઉદાસીન બને છે. વૈરાગ્યભાવ વધુ ઘેરો બને છે. તત્ત્વની વાતનું વારંવાર રુચિથી શ્રવણ કરવાથી પુરુષાર્થ વધુ થાય છે અને અધ્યાત્મમાં આગળ વધે છે.

કોઈ વિષયમાં જ્યારે જીવની બુદ્ધિ ઠરે છે ત્યાં પોતાનું હિત લાગે છે. સ્વાભાવિક છે કે જ્યાં હિત લાગે ત્યાં શ્રદ્ધા થાય છે. જે વિષયમાં શ્રદ્ધા થાય ત્યારે સાધકનું મન વિશેષણે તે વિષયમાં જોડાય છે. શુદ્ધ થયેલા ચિત્તમાં સાધકની પ્રજ્ઞા વિશેષ જાગૃત બને છે. ચિત્ત સ્વસ્થ અને સ્વાધીન બને છે. પછી સાધકની સંસારની પ્રવૃત્તિ, રુચિ મંદ પડતી જાય છે. સંસારભાવથી ઉદાસીન થતો જાય છે. ચંચળ ચિત્ત પવનની જેમ જ્યાં ત્યાં ભમ્યા કરે છે તે બંધન થાય છે. સાધક બહારના વિષયોથી ઉદાસીન થઇ સન્માર્ગમાં આવે છે. અનુક્રમે મોક્ષમાર્ગમાં વૃદ્ધિ પામે છે. અંતે સિદ્ધત્વ પમાય છે.

પ્રથમ જીવને હિતબુદ્ધિ થવી જોઇએ કે આમાં જ મારું હિત છે. આમાં જ મારું સાચું સુખ છે. હિતબુદ્ધિ સાધક તેથી શ્રદ્ધાન્વિત બને છે. રુચિ અને રસ જે પરસન્મુખ હતા તે રુચિ અને રસ હવે સ્વસન્મુખ બને છે. ચિત્ત બધા વિકલ્પોમાં રમતું હતું તે હવે મંદતાને પામે છે. ધર્માત્માને પોતાના આત્મસ્વરૂપમાં હિતબુદ્ધિ હતી તેથી નિદ્રા સમયે પણ શ્રદ્ધા સ્વસન્મુખ રહે છે અને અજ્ઞાનીને બાહ્ય વિષયોમાં હિતબુદ્ધિ છે તેથી બહારના વિકલ્પોમાં લીનતા છે. માટે જ્યાં રુચિ ત્યાં શ્રદ્ધા અને શ્રદ્ધા ત્યાં એકાગ્રતા રહે છે.

સાધકને આત્મામાં એવી હિતબુદ્ધિ રહે છે કે હે આત્મન્, આ જગતમાં બહારમાં મારું ક્યાંય સુખ નથી. ખરેખર સત્સુખ મારા આત્મામાં જ છે. આવો દૃઢ નિર્ણય થાય છે. આવા સાધકની દૃષ્ટિ બીજે સ્થિર થતી નથી. રુચિ અને રસ અંતરમાં જામતા જાય છે. આવી શ્રદ્ધા હોવાથી દૃષ્ટિ અંતરંગમાં સ્થિર થાય છે. સાધકને આત્મામાં રુચિ-શ્રદ્ધા છે તેથી બીજા બાહ્ય વિષયમાં સ્વપ્નેય સુખબુદ્ધિ થતી નથી. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્મામાં સુખબુદ્ધિ રહે છે. 'હું ચિદાનંદ છું, હું જ્ઞાયક છું.' એવી પ્રતીતિનું પરિણમન અંતરાત્માને સતત રહે છે. અજ્ઞાનીને દેહમાં રુચિ, રસ હોવાથી બહારનું પરિણમન રહે છે. સામાન્યપણે વિચારણા કરતાં સ્પષ્ટ સમજાય છે કે જેવો રસ, રુચિ અને હિતબુદ્ધિ તે પ્રમાણે પરિણમન થાય છે.

**દૃષ્ટાન્ત :** એક સુખાનંદ આશ્રમ હતો. તેમાં અનેક શિષ્યો સુખાનંદ સ્વામીની નિશ્રામાં રહેતા હતા. એકવાર ગુરુજીએ ચાર શિષ્યોને એક ઓરડામાં મનના ભાવોની સ્થિરતા, સંકલ્પ-વિકલ્પનું પરિણમન થાય તે માટે સાધના અર્થે મોકલ્યા. દસ દિવસ પછી બહાર આવીને સ્વપરિણમન સદ્‌ગુરુને અનુભવરૂપે કહેવાનું હતું. સ્વામી સુખાનંદજી તો પામી ગયા હતા. કોને કેવો અનુભવ થયો છે. શ્રી સુખાનંદજી બિરાજમાન છે. "ગુરુદેવ ! બધુ બદલાઈ ગયું છે." ગુરુદેવ કહે - "હે વત્સ ! બધું તે પ્રમાણે છે. તું બદલાઈ ગયો છે." બીજા શિષ્યને પૂછ્યું તો જણાવ્યું, "મારું ચિત્ત મારામાં જ રહ્યું છે. ક્યાંય બહાર ગયું નથી." ત્રીજા શિષ્યે પણ એવો ભાવ પ્રગટ કર્યો. ચોથા શિષ્યને પૂછ્યું, "ગુરુદેવ ! મારું મન તો આંબા ઉપર કેરીઓ પાકેલી હતી તેમાં જ જતું હતું." તેથી ખરેખર જેને જેમાં હિતબુદ્ધિ છે, રસ અને રુચિ વર્તે છે, તેમાં વ્યક્તિનું ચિત્ત રહે છે. સ્તવન દર્શાવે છે -

"મનાજિ તું તો જિનચરણે ચિત્ત લાય,
તેરો અવસર વીત્યો જાય
બધી સાહેલી ભેગી મળીને પનઘટ પાણી જાય,
તાલી દીએ ખડખડ હસે તેનું મનડું ગાગરીયા માંય-
રે મનાજી તું તો જિનચરણે ચિત્ત લાય-"

તેવી રીતે નર, સોની વગેરેને જ્યાં રુચિ હોય ત્યાં મન જાય. શ્રી પૂજ્યપાદ આચાર્ય એક શ્લોકમાં મહાસિદ્ધાંત પ્રસ્તુત કરે છે. અંતરાત્મા આત્મામાં રહે છે. અજ્ઞાની બાહ્ય ભાવમાં રહે છે.

રુચિ અને રસ પ્રમાણે જીવ વર્તતો હોય છે.

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય ભેદજ્ઞાનથી આ (ગાથાને) શ્લોકને પ્રસ્તુત કરે છે. જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિ જ્યાં રુચિ-રસ હોય ત્યાં શ્રદ્ધા કરે છે એ વાતને સ્પષ્ટ કરે છે.

**यत्र एव आहितधीः** – દત્તાવધાનરૂપ બુદ્ધિ. અર્થાત્ આત્મહિત બુદ્ધિ. **धीः** = બુદ્ધિ, आहित् અર્થાત્ ઉપકારક બુદ્ધિ. જ્યાં રુચિ હોય ત્યાં શ્રદ્ધા રહે છે.

ભેદવિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે તેનું બળ કોઇ પણ અવસ્થામાં ચાલુ રહે છે. આત્માર્થીએ ભેદવિજ્ઞાનથી આત્મ-સ્વરૂપના સંવેદન માટે આત્મરુચિપૂર્વક એવો અવિરત પુરુષાર્થ કરવો જોઇએ; જેથી આત્મશ્રદ્ધામાં બાહ્ય કોઇપણ પરિસ્થિતિ સાધકને ચ્યૂત કરી શકે નહિ.

જેમ જેમ સ્વ-પર પદાર્થોના ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ સંવેદનમાં વિકસિત થતું જાય છે તેમ તેમ સહજપ્રાપ્ત રમણીય પંચેન્દ્રિયના વિષયો રુચતા નથી. ઉદાસીન બની જાય છે.

હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું ને દેહાદિ અચેતન છે - એમ જ્યાં બંનેની ભિન્નતા જાણી ત્યાં આત્મામાં આત્મબુદ્ધિ થઈ ને દેહમાંથી આત્મબુદ્ધિ છૂટી ગઇ. જેમાં આત્મબુદ્ધિ ન હોય તેમાં લીનતા પણ હોય નહિ. જેને ખરેખર પોતાથી ભિન્ન જાણ્યા તે વિષયોમાં સુખબુદ્ધિ ન રહી. એટલે શ્રદ્ધા તેનાથી પાછી ફરી ગઇ. જેમાં શ્રદ્ધા ન હોય તેમાં લીનતા પણ હોય નહિ. જેમાં સુખ લાગે તેની રુચિ થાય અને તેમાં લીનતા પણ થાય.

મુનિપ્રવર શ્રી કુંદકુંદ આચાર્ય ગ્રંથાધિરાજ 'સમયસાર' માં લખે છે,

"આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે."

આચાર્યશ્રી રુચિ, રસ અને આત્મહિત સમજાવે છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ નોંધે છે કે "સ્વાધીન પુરુષ અંતરથી જોતા સ્વતંત્રપણે વર્તે છે. રાગદ્વેષ રૂપ પરપરિણતિને આધીન થતો નથી અને સ્વપરિણતિમાં રમવાથી પોતાની રિદ્ધિનો ભોક્તા થયો અને ષટ્કારક પોતાના આત્મામાં સઘળા પરિણમ્યા. ત્યારે ત્રણ જગતમાં તે આત્મા પૂજ્યતાને પામ્યો. આઠ કર્મરૂપ પિંજરમાંથી આત્મા છૂટો થયો. સ્વાધીન બન્યો, માટે ભવ્ય જીવોએ આત્મામાં રુચિ ધારણ કરવી જોઇએ."

પરમકૃપાળુદેવની પાવન સરસ્વતી લખે છે કે "ૐ નમઃ સર્વ જીવ સુખને ઇચ્છે છે. દુઃખ સર્વને અપ્રિય છે. દુઃખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે. વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજવાથી તે દુઃખ મટતું નથી. તે દુઃખના આત્યંતિક અભાવનું નામ મોક્ષ કહીએ છીએ. અત્યંત વીતરાગ થયા વિના આત્યંતિક મોક્ષ હોય નહીં. સમ્યગ્જ્ઞાન વિના વીતરાગ થઈ શકાય નહિ. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે. વસ્તુની જે સ્વભાવે સ્થિતિ છે તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજાવી તેને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ. સમ્યગ્જ્ઞાન દર્શનથી પ્રતીત થયેલા આત્મભાવે વર્તવું તે ચારિત્ર છે. એ ત્રણેની એકતાથી મોક્ષ થાય છે. લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાવલંબન છે, રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે. જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવા યોગ્ય કાંઇ દેખાતું નથી"

પ.પૂ. બેનશ્રી ચંપાબેનની અધ્યાત્મ સરસ્વતી લખે છે કે "જેને ખરેખર તાપ લાગ્યો હોય, જે સંસારથી કંટાળેલ હોય, તેની આ વાત છે. વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે નહિ. કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ. જેને જેની રુચિ-રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે. 'રુચિ અનુયાયી વીર્ય.' જ્ઞાયકના ઘૂંટણમાં

**(અનુસંધાન પાના નં. ૩૮ પર)**

# મહોપાધ્યાય યશોવિજયજી વિરચિત
# 'જ્ઞાનસાર' શાસ્ત્રનું 'નિર્લેપ અષ્ટક' (ક્રમાંક-૨૨)

રમેશભાઈ કાંતિલાલ ખંધાર

**નિર્લેપાષ્ટક :**

આત્માના કરણવીર્યની શક્તિથી યોગની ક્રિયા થાય છે. આ કરણવીર્યને પરવસ્તુનાં લક્ષે થતી વિભાવદશાથી પાછું વાળી સ્વભાવદશા સાથે અભેદ કરવી એ જ નિર્લેપતા છે. નિશ્ચયથી તો આત્મા નિર્લેપ જ છે કારણકે અનંતકાળથી વિભાવ કરતો હોવા છતાં તે સ્વભાવરૂપ થયો નથી. પણ તે સ્વભાવરૂપ નિર્લેપ પર્યાયમાં (અવસ્થામાં) પ્રગટે તેની કિંમત છે. પરવસ્તુમાં સુખબુદ્ધિના કારણે પરપદાર્થ સાથે માનસિક જોડાણ કરવું એ જ લેપ છે, લિપ્તતા છે. આ અહં-મમરૂપ માનસિક જોડાણ તૂટે ત્યારે જ્ઞાન ઉપયોગ પરથી વ્યાવૃત્ત થઈ સ્વભાવસન્મુખ થવા માંડે છે.

આનંદની સાથે અનુમોદન સહજ થાય ત્યારે અનુબંધ કર્મ બંધાય, તે સંસ્કારરૂપ થાય. તેથી સાંસારિક ભાવોનું અનુમોદન કરવું જ નહિ. આત્માના ગુણોની તૃપ્તિ ત્યારે જ અનુભવાય કે જ્યારે આત્મા અન્ય ભાવોથી અલિપ્ત હોય. તેથી મહોપાધ્યાયજીએ નિર્લેપ અષ્ટક મૂકેલ છે.

આત્માની વ્યાપકતા, ગ્રાહકતા, કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ શક્તિઓને વિભાવદશામાં-પરભાવદશામાં જતી રોકીને સ્વભાવદશા તરફ વાળવી એ જ નિર્લેપતા છે.

ધનધાન્ય આદિ બાહ્ય પરિગ્રહમાં જે એકત્વ નથી કરતો તેને નૈગમનયથી નિર્લેપતા કહે છે. જીવ સ્વભાવથી જ અન્ય કોઈ પણ પરદ્રવ્ય સાથે એકરૂપ થઈ શકતો જ નથી. જીવની જાતિ ક્યારેય પણ બદલાતી નથી એ અપેક્ષાએ સંગ્રહનયથી જીવ નિર્લેપ છે. દ્રવ્યથી જે જીવ સર્વ પ્રકારના પરિગ્રહને ત્યાગીને મુનિ થાય છે તેઓ વ્યવહારનયથી અલિપ્ત છે. જે મુનિ દ્રવ્યથી અને ભાવથી પણ નિર્લેપ પરિણામવાળા છે તે ઋજુસૂત્ર નયથી નિર્લેપ છે. નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપવાળું જે નિર્લેપપણું છે તે દ્રવ્યને આશ્રયી છે તેથી પ્રથમના ચાર નયો દ્રવ્યાશ્રયી નિર્લેપતા દર્શાવે છે અને નીચે જણાવેલ છેલ્લા ત્રણ નયો ભાવઆશ્રયી નિર્લેપતા છે.

જે સમ્યક્‌દૃષ્ટિ જીવ પરભાવના ત્યાગી અને પરભાવદશાના નિમિત્તભૂત એવા ધન, સ્વજન, ઉપકરણો આદિમાં અનાસક્ત છે તે શબ્દનયથી અલિપ્ત છે, નિર્લેપ છે.

જે સર્વ પ્રકારના અશુભભાવો અને શુભભાવોથી પણ અલિપ્ત છે તેવા બારમે અને તેરમે ગુણસ્થાનકે રહેલા જીવો સમભિરૂઢ નયથી નિર્લેપ છે. કર્મજન્ય સર્વ પર્યાયોથી જે અલિપ્ત છે, નિર્લેપ છે એવા સિદ્ધ પરમાત્માઓ એવંભૂત નયથી નિર્લેપ છે.

**ગાથા-૧**

**संसारे निवसन स्वार्थसज्जः कज्जलवेश्मनि ।**
**लिप्यते निखिलो लोकः ज्ञानसिद्धो न लिप्यते ॥ ११॥१॥**

(**શબ્દાર્થ : संसारे**= સંસારમાં, **निवसन**= રહેતો, **स्वार्थसज्ज**= સ્વાર્થથી સજ્જ, સ્વાર્થમાં તત્પર, **कज्जल**= કાજળ, **वेश्मनि**= ઘરમાં, **लिप्यते**= લેપાય છે (કર્મથી), **निखिलः**= અખિલ, સમસ્ત, **लोकः**= લોક, **ज्ञानसिद्ध**= જ્ઞાન વડે સિદ્ધ, **न**= નથી, **लिप्यते**= લેપાતો)

**ગુજરાતી ગદ્યાનુવાદઃ** 'કાજળના ઘર જેવા સંસારમાં રહેલો, સ્વાર્થમાં તત્પર એવો સમસ્ત લોક (કર્મથી) લેપાય છે. જે જ્ઞાનસિદ્ધ છે તે લેપાતો નથી.'

**વિશેષાર્થઃ** નિર્લેપ એટલે આત્માની વ્યાપ્ય-વ્યાપકતા, ગ્રાહકતા, કર્તૃતા, ભોક્તૃતા આદિ શક્તિઓને વિભાવદશામાંથી રોકીને સ્વભાવદશામાં જોડવી.

પરભાવદશામાંથી છૂટીને સ્વભાવદશામાં લીન થવું તે નિર્લેપતા છે. અન્ય પદાર્થો સાથે મારાપણાના પરિણામથી લેપાયો છે. તે અહં-મમથી

પાછા વળી સ્વભાવદશામાં અહં-મમ કરવું.
**કાજળ :** એકત્વ-મમત્વ (પ્રતિબંધોમાં), સંસારગત વહાલપ, દૃષ્ટિદોષ એ જ કાજળ છે. પ્રતિબંધો કાજળ નથી, પણ પ્રતિબંધ પ્રત્યેની વિપરીત દૃષ્ટિ એ કાજળ છે. અર્થાત્ જીવની પરિણતિમાં - દૃષ્ટિમાં પર પ્રત્યેનું અહં-મમ એ કાજળ છે. દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય છે.
**દ્રવ્યનિર્લેપ** :- અકાર્યકારણત્વ શક્તિ, અન્ય દ્રવ્યરૂપે ન થવું.
**ભાવનિર્લેપ :-** પરભાવમાં મારાપણાના પરિણામ ન થવા. સાક્ષીભાવ, જ્ઞાતાભાવ. કોણ લેપાય છે? જે સ્વાર્થપરાયણ છે, બહિર્મુખ છે, પરમાં સુખબુદ્ધિ છે, અને જેને સ્વ-પરનો વિવેક નથી. નિમિત્તને, પરમાત્રને સ્પર્શવાથી રાગદ્વેષનો લેપ લાગે તે વ્યક્ત લેપ છે. માનસિક જોડાણ અવ્યક્ત લેપ છે. અંતરપરિણતિમાં કષાયરૂપ મનોયોગના પરિણામથી દ્રવ્યકર્મ, ભાવર્મ, નોકર્મ (નિમિત્તરૂપ બાહ્ય જગત) નિરંતર બંધાયા કરે છે. કષાય બે પ્રકારે; દૃષ્ટિની વિમુખતારૂપ મહાકષાય-અપરિમિત મોહકષાય અને રાગદ્વેષરૂપ પરિમિત ચારિત્રમોહરૂપ કષાય.

જ્ઞાનસિદ્ધ જીવો અર્થાત્ જ્ઞાનદશાવાન-આત્મજ્ઞાની-વિવેકજ્ઞાની જીવ હેય-ઉપાદેયના વિવેકને લઈને બંધાતા નથી. તેઓ બંધ, બંધનના લક્ષણો, બંધથી છૂટવાના ઉપાયો જાણે છે અને તેના માટે યોગ્ય પુરુષાર્થ પણ કરે છે. સત્સંગ, સ્વાધ્યાય, સંતસમાગમ, ચિંતન, મનન, તત્ત્વનિર્ણય, નિદિધ્યાસન વિગેરે કરે છે. અંતરપરિણતિમાં સ્વ-પરના વિવેકપૂર્વક બાહ્ય ઉદયને પ્રતિકારરહિત શાંતસ્વીકારભાવે આટોપે છે તે જ્ઞાનસિદ્ધ જ્ઞાની લેપાતા નથી.

### ગાથા-૨

**नाहं पुदगलभावानाम कर्ता कारयिताडपि च।**
**नानुमन्ताडपि चैत्यात्मज्ञानवान लिप्यते कथम ॥ ११॥२॥**

(**શબ્દાર્થ : न**= નથી, **अहं**= હું, **पुदगलभावानाम**= પુદ્‌ગલ (પૌદ્‌ગલિક) ભાવોનો, **कर्ता**= કર્તા, કરનાર, **कारयिता**= કરાવનાર, **अपि**= પણ, વળી, **च**= અને, **न**= નથી, **अनुमन्ता**= અનુમોદન કરનાર, **अपि**= પણ, **च**= અને, **इति**= એવા વિચારવાળો, **आत्मज्ञानवान**= આત્મજ્ઞાની, **लिप्यते**= લેપાય, **कथम**= કેમ.)

**ગુજરાતી ગદ્યાનુવાદઃ** 'હું પૌદ્‌ગલિક ભાવોનો કર્તા, કરાવનાર અને તેને અનુમોદન આપનાર નથી, એવા વિચારવાળો આત્મજ્ઞાની કેવી રીતે લેપાય?'

**વિશેષાર્થઃ** આત્મજ્ઞાની પુદ્‌ગલ ભાવોનો કર્તા, કરાવનાર અને અનુમોદન આપનાર નથી. શુદ્ધ નિશ્ચયનયથી તો આત્મા નિર્લેપ જ છે. પુદ્‌ગલ સાથેની સંયોગી અવસ્થામાં પુદ્‌ગલ સાથેની ત્રણ ક્રિયાથી અલિપ્તતા અનુભવે છે. (૧) હું પુદ્‌ગલોનો કર્તા નથી. હું તો કેવળ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી છું. (૨) હું પુદ્‌ગલ કર્મોનો કર્તા નથી.

"નોકર્મે કર્મે હું, હું મા વળી કર્મ ને નોકર્મ છે;
એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે"
- **સમયસાર**

ભાવકર્મ પોતે કરતો હોવા છતાં સ્વભાવગત નથી, ત્રિકાળી કર્તાપણું નથી. હું તો મારા જ્ઞાયકભાવનો જ કર્તા-ભોક્તા છું. પણ પર દ્રવ્યોનો, અઢાર પાપસ્થાનકરૂપ નોકર્મોનો તથા યોગપ્રવૃત્તિનો કર્તા-ભોક્તા નથી. પરવશતાથી કર્મો બાંધે તે જ્ઞાનીની લાચારી છે, નબળાઈ છે. પણ તેમાં કર્તા-ભોક્તાભાવ નહિ હોવાથી લેપાતા નથી. (૩) પર પદાર્થો-ચેતન કે અચેતન-પોતાના પારિણામિક ભાવથી પરિણમે છે. તેમની પર્યાયોનું અનુમોદન કરવું એ વિકાર વાસનાનો હેતુ છે. તે મારું સ્વરૂપ નથી, તેથી હું તેની અનુમોદના કરનાર નથી. પુદ્‌ગલાનુયાયી બનેલ કલુષિત ચેતના વડે કર્મનો લેપ થાય છે, પણ જ્ઞાનીને તો પરદ્રવ્યોના સંગનો વિચ્છેદ (ત્યાગ) વર્તે છે. તેથી તેઓ લેપાતા નથી. ભાવથી સર્વસંગપરિત્યાગી થયા છે. શુદ્ધ નિશ્ચયનયના કથન છે, પણ તે પ્રમાણે અનુભવવું એ તો જ્ઞાનીની ઘણી ઊંચી દશાની વાત છે.

### ગાથા-૩

**लिप्यते पुदगलस्कन्धो न लिप्ये पुदगलैरहम ।**
**चित्रव्योमाज्जनेणेव ध्यायन्निति न लिप्यते ॥११॥३ ॥**

(**શબ્દાર્થ : लिप्यते**= લેપાય છે, **पुदगलस्कन्धः**= પુદ્‌ગલોનો સ્કંધ, **न**= નથી, **लिप्ये**= લેપાતો,

**पुदगलैः**= પુદ્‌ગલો વડે, **अहम्**= હું, **चित्रव्योम**= વિચિત્ર આકાશ, **अज्जनेन**= અંજન વડે, **इव**= જેમ, **ध्यायन**= ધ્યાન કરતો આત્મા, **न**= નથી, **लिप्यते**= લેપાતો)

**ગુજરાતી ગદ્યાનુવાદઃ** 'પુદ્‌ગલનો સ્કંધ પુદ્‌ગલ વડે લેપાય છે. હું પુદ્‌ગલોથી લેપાતો નથી. 'જેમ અંજન વડે વિચિત્ર આકાશ' (લેપાતું નથી) તેમ ધ્યાન કરતો આત્મા લેપાતો નથી.'

**વિશેષાર્થઃ** પુદ્‌ગલનો સ્કંધ પુદ્‌ગલના સ્કંધ વડે લેપાય છે. હું પુદ્‌ગલોથી લેપાતો નથી. જેમ અંજન વડે આકાશ લેપાતું નથી. જીવ વિભાવદશામાં શુભાશુભ કર્મો બાંધે છે તે કાર્મણ શરીર છે. પૂર્વના કાર્મિક પુદ્‌ગલ સ્કંધો નવા કાર્મિક સ્કંધો સાથે બંધાય છે, પણ આત્મા લેપાતો નથી. જીવનું કાર્મણ શરીર પુદ્‌ગલરૂપે જ રહે છે અને આત્મા સાથે સંલગ્ન થાય છે તે માત્ર સંયોગ સંબંધ છે. એકરૂપ થઈ જવારૂપ તાદાત્મ્ય સંબંધ નથી. એ કાર્મણ શરીર આત્મપ્રદેશો સાથે ક્ષીર-નીરની જેમ એકક્ષેત્રાવગાહે રહેલા છે.

આકાશમાં મેઘધનુષ્ય પાણીની વરાળ અને સૂર્યના કિરણોનો અમુક પ્રકારે સંયોગ થવાથી ઉત્પન્ન થાય છે. આકાશ તો માત્ર અવગાહન આપે છે.

'પુદ્‌ગલોથી હું લેપાતો નથી, હું તો માત્ર જ્ઞાતા-દૃષ્ટા છું' આ શબ્દો માત્ર વાચક છે, પરદ્રવ્ય છે. દીર્ઘકાળના અભ્યાસથી તેનું વાચ્ય આત્મામાં પ્રગટે તેને સ્વસંવેદનરૂપ આત્માની અનુભૂતિ થાય છે અને ત્યારે કર્મબંધ અટકે છે. જ્યાંસુધી પરમાત્રમાં અહં-મમરૂપ માનસિક જોડાણ છે ત્યાંસુધી ઉપયોગ અંતર્મુખ નહિ થાય અને તેથી આત્માનુભૂતિ ન થાય. સ્નિગ્ધ સ્કંધ અને રુક્ષતાવાળો પુદ્‌ગલ સ્કંધ તે એકગુણ જઘન્ય (ઓછામાં ઓછી ચીકાશ કે રુક્ષતા) હોય તો તે અન્ય પુદ્‌ગલ સ્કંધ સાથે બંધાય નહિ. ''ન જઘન્ય ગુણાનામ'' - શ્રી તત્ત્વાર્થસૂત્ર

બે સમાન ચીકાશવાળાનો પણ બંધ થતો નથી, પણ વિસદૃશ સ્કંધો વચ્ચે બંધ થાય છે. બે ચીકાશવાળા સ્કંધો બે થી વધારે ગુણવાળા હોય તો બંધ થાય. ટૂંકમાં પુદ્‌ગલો જ પુદ્‌ગલ સાથે બંધ કરે છે અને તેમાં જીવદ્રવ્ય લેપાતો નથી. જીવ અને પુદ્‌ગલ વિષમ સ્વભાવવાળા હોવાથી તાદાત્મ્ય સંબંધ થતો નથી, માત્ર સંયોગ સંબંધ થાય છે અને તે પણ ઔપાધિક સંબંધ થાય છે.

આત્માની ક્ષયોપશમભાવરૂપે પ્રગટેલી શક્તિઓ જેટલા અંશે પરાનુયાયી બને છે, રાગદ્વેષ, મોહની વૃદ્ધિ થાય એ રીતે આત્માની શક્તિ વાપરે છે તેટલો તેટલો કર્મોનો આસ્રવ થાય છે અર્થાત્, વિભાવદશા એ જ કર્મબંધનું મુખ્ય કારણ છે. જીવની ચેતનાશક્તિ (જ્ઞાનદર્શન ઉપયોગ) અને વીર્યશક્તિ (પરિણમન)નો પર પદાર્થોમાં પ્રયોગ કરવો એ જ આસ્રવહેતુ છે અને તે જ શક્તિ સ્વરૂપ તરફ વાળે, આત્માના ગુણોના આવિર્ભાવમાં વાપરે તેટલો તેટલો સંવર થાય છે.

એકલા નિશ્ચયનયના વાક્યો તો સંગ્રહનયથી જે સત્તાસ્વરૂપ છે અને તેને એવંભૂતનયથી પ્રગટ થયેલું માની સ્વચ્છંદે પ્રવર્તે તે નિશ્ચય આભાસી છે, શુષ્કજ્ઞાની છે, કારણકે વાચકનું વાચ્ય પ્રગટાવ્યું નથી.

અબંધદશા કેટલી અને કેવી રીતે ? પરભાવરૂપ વિભાવમાંથી ઉપયોગને ખેંચીને-વ્યાવૃત્ત કરીને અંતર્મુખ કરે, આત્માના ગુણોના વિકાસમાં પ્રગટાવે તેટલા અંશે અબંધ દશા જાણવી.

જેટલા અંશે વિષયકષાયને, ચંચળતાને અનુસરે, જેટલા અંશે સંસારગત વહાલપ વર્તે છે, જેટલા અંશે ઉપયોગ પ્રતિભાસતા જ્ઞેયો પ્રત્યે અવકાશ લે છે, તેમાં એકત્વ-મમત્વ કરે છે તેટલા અંશે બંધ છે, બંધદશા છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ ઘાતીકર્મોના ક્ષયોપશમથી પ્રગટ થયેલ જ્ઞાનચેતના, દર્શનચેતના અને વીર્યશક્તિ વિષયકષાયમાં સંલગ્ન થાય તો તેના દ્વારા નવો કર્મબંધ થાય. તેમાં અઘાતીકર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલ સંસારસામગ્રી નિમિત્તરૂપ થાય છે.

અર્થાત્, પુણ્યોદય કે પાપોદયથી પ્રાપ્ત પરિસ્થિતિમાં આ શક્તિઓ જોડાય તો તે નવા કર્મબંધનું કારણ બને છે. પણ તે ક્ષયોપશમભાવના ગુણોના વિકાસમાં વપરાય, અંતર્મુખ થઈ સત્તાગત

**(અનુસંધાન પાના નં. ૮ પર)**

# ભાવના-પ્રભાવના

**બા.બ્ર. બિન્દુદીદી (રાજકોટ)**

પાપને શત્રુ રૂપે અને ધર્મને બંધુરૂપે સ્વીકાર કરવામાં જ શાસ્ત્રજ્ઞાનની સાર્થકતા છે, અને એવી સમજણ ધરાવનાર વ્યક્તિ જ નિશ્ચિત રૂપે અક્ષય સુખ પ્રાપ્ત કરી શકે છે. ભૌતિક જ્ઞાન તો સાંસારિક સંપદાને પ્રાપ્ત કરવા માટેનું સાધન છે. તે આત્મિક વૈભવ પ્રાપ્ત કરવા માટે કદી સહયોગી ન બની શકે.

સમ્યગ્દર્શનના આઠ અંગોમાં અંતિમ પ્રભાવના અંગ છે. આ પ્રભાવના અંગ માટે 'રત્નકરંડક શ્રાવકાચાર'માં ઘણી માર્મિક વાત કહેવામાં આવી છે. પ્રભાવનાનું સાધન કોને માનવું? તે કયો ભાવ છે કે કયું દ્રવ્ય છે કે જે જિનેન્દ્ર ભગવાનના શાસન માટે પ્રભાવનાનું કારણ બને છે?

अज्ञानतिमिरव्याप्तिमपाकृत्य यथायथम् ।
जिनशासन माहात्म्यप्रकाशः स्यात्प्रभावना ॥

**- રત્નકરંડકર શ્રાવકાચાર શ્લોક-૧૮**

અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવા માટે અન્ય કોઇ બાહ્ય પ્રકાશની આવશ્યકતા નથી હોતી. આવશ્યકતા હોય છે જ્ઞાનપ્રકાશની કે જેના માધ્યમથી આપણા પરિણામોમાં નિર્મળતા પ્રગટ થાય, હેય અને ઉપાદેયનો વિવેક જાગૃત થાય, હિતાહિતનો પર્યાપ્ત બોધ પ્રાપ્ત થાય. શબ્દ यथायथम् શબ્દ ઘણો અગત્યનો છે. કોઇપણ કાર્ય યથાશક્તિ કરવું. જેમ કે મનુષ્ય સાંસારિક કાર્યો જે હોંશથી, જોશથી, ઉલ્લાસ અને ઉત્સાહથી કરે છે, તેવી જ હોંશ, જોશ, ઉલ્લાસ અને ઉત્સાહથી ધાર્મિક કાર્યોમાં તન, મન, વચન અને ધનનાં ઉપયોગને જોડવા. ધન મુખ્ય નથી, પરંતુ તેના થકી થતાં ધાર્મિક કાર્યોની મુખ્યતા છે. વર્તમાનમાં એવી સમજણ પ્રવર્તે છે કે ધનવાન જ ધન ઉપાર્જન કરી તેને વાપરી શકે છે. પરંતુ એવું નથી. જો કે અનેક પ્રકારના આરંભસમારંભ થકી જે ધનાર્જન થાય છે તેને પુણ્યરૂપે પરિવર્તિત કરવા માટે ધનનો ત્યાગ પણ આવશ્યક છે. તો જેણે કોઇ વિશેષ આરંભ, પરિગ્રહાદિ નથી કર્યા, ધનાદિ પ્રાપ્ત નથી કર્યા તો તે ધનના ત્યાગ વિના પણ પોતાના પરિણામોને ઉજજવળ કરી શકે છે. શરીરના માધ્યમથી સેવા કરવાથી પણ મનુષ્ય ધાર્મિક ક્ષેત્રે વિકાસ કરી શકે છે, તો વચનોના માધ્યમ દ્વારા અન્ય જીવોને અભયદાન આપી, તેને સંબોધિત કરે તો તેનો પણ વિકાસ અવશ્ય સંભવિત હોય છે અને જેની પાસે તન અને વચનનું માધ્યમ નથી તે મન દ્વારા સમગ્ર વિશ્વના પ્રાણી માત્ર માટે સદ્ભાવના અવશ્ય કરી શકે છે.

सुखी रहे सब जीव जगतके, कोई कमी ना घबरावे ।
वैर पाप अभिमान छोड़ जग, नित्य नये मंगल गावे ॥

આવી પરમ ઉત્કૃષ્ટ ભાવના ભાવી પ્રત્યેક મનુષ્ય ધર્મભાવના કરી શકે છે અને અહીં ધનની કોઈ આવશ્યકતા હોતી નથી.

જે માધ્યમ દ્વારા અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થાય છે તે સઘળું ધર્મ અંતર્ગત છે. જે માધ્યમ થકી આપણને જૈને શાસનની પ્રભાવના કરવાનો પ્રકાશ પ્રાપ્ત થાય તે જ ખરો ધાર્મિક ભાવ છે. સ્વ-પર, બંનેના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં यथायथम् અર્થાત્ જ્યારે જેવી જેની આવશ્યકતા છે, તે પ્રમાણે જ કાર્ય કરવું એ यथायथम् છે. કોઇ એક વિશિષ્ટ કાર્ય જેમ કે કેવળ આહારદાન, કેવળ જ્ઞાનદાન કે એવા કોઇ એક માત્ર કાર્યથી કાર્યની પૂર્ણતા સંભવ નથી. કયા ક્ષેત્રમાં કેવી રીતે અને કેટલા સમય સુધી પોતાના તન-મન-વચન અને ધનનો ઉપયોગ, પ્રયોગ, કરવા છે તેનો વિવેક આવશ્યક છે.

દાનમાં પણ દાતાર માટે વિવેક આવશ્યક છે. "विधि द्रव्य दातृपात्र विशेषात्तद्विशेषः" દાન તે

દાતા અને પાત્રની મુખ્યતાથી ફળવાન બને છે. તેથી સુપાત્ર દાન જ ફળદાયી છે. પોતાના તન, મન, વચન અને ધનને જે કાર્યમાં જોડ્યા છે, સહયોગ આપ્યો છે, તેની યોગ્યતાનો વિવેક દાતામાં આવશ્યક છે. દાનમાં અનુકંપાદાન એ પણ એક પ્રકાર છે. પોતાના કે પોતાના પરિવાર સિવાય પણ અન્ય જીવો વિશે વિચારવું, તેમના દુઃખદર્દમાં સહાયરૂપ થવું, તેને દૂર કરવાનો પુરુષાર્થ કરવો ઈત્યાદિ ધર્મ ભાવનાની શરૂઆત છે. કૂવાનું ઉદાહરણ હંમેશાં યાદ રાખવું. જેમ જેમ કૂવાના પાણીનું વિતરણ થાય છે તેમ તેમ તેમાં નવા પાણીના સ્રોત ફૂટતા આવે છે. કૂવામાંથી જો પાણી સિંચવામાં ન આવે તો ઉપરના પાણીનો ભાર વધી જવાથી નીચેના પાણીની સરવાણી રુંધાઈ જાય છે. કોઈ એમ વિચારે કે કૂવામાંથી દરરોજ પાણી કાઢવાને બદલે અઠવાડિયે એકાદ વાર પાણી લેવું, તો એ અનુપાતથી કૂવામાં પાણી નહીં વધે. એ જ રીતે માનવી એમ વિચારે કે જીવનપર્યંત ખૂબ કામ કરી, ખૂબ કમાણી કરી, જીવનના અંતે કોઈ સુંદર ચેરિટેબલ ટ્રસ્ટ બનાવી તેના થકી પરોપકારના કલ્યાણમય કાર્યો કરીશું તો જીવન સાર્થક થઈ જશે. ભાવના સારી છે પરંતુ ધર્મભાવનામાં તેનું ગણિત બંધબેસતું નથી થતું. પ્રતિદિન થતી શુભક્રિયાનો હિસાબ તે પ્રમાણે ફળદાયી બને છે. વ્યયની અલ્પ ચિંતા રહે છે અને સંગ્રહ, પરિગ્રહની મોટી ચિંતા રહે છે. સૌથી વિશેષ સંકલ્પવિકલ્પ પરિગ્રહ-સંગ્રહના, રક્ષણના હોય છે. પરિગ્રહ અને સંગ્રહના વિકલ્પથી મુક્ત થવા માટે ત્યાગધર્મની ભાવના ભાવવી આવશ્યક છે. નહિતર આપણે સ્વયં, આપણા બંધની વ્યવસ્થા કરતા રહીએ છીએ.

જો કોઈ ધર્માત્મા કોઈ કારણવશાત્ ધર્મથી વિમુખ થતા જાય તો તેની સમસ્યાઓનું નિવારણ કરી તેને પુનઃ ધર્મ તરફ વાળવા એ પણ એક મહાન કાર્ય છે. નિઃસ્વાર્થભાવે કરેલા આ કાર્યમાં કર્મોની ઘણી નિર્જરા થાય છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતા કરતા પોતાની શક્તિ અનુસાર, અનુરૂપ માર્ગને પ્રશસ્ત કરવો, પ્રકાશિત કરવો એ શાસનની પ્રભાવના છે. સ્વામી સમન્તભદ્રની જેમ પૂજ્યપાદ સ્વામીએ તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં લખ્યું છે કે જ્ઞાન, તપ, પૂજા, વિધાન, ઈત્યાદિથી શાસનની પ્રભાવના થાય છે. મોટાં મોટાં વિધાનો કરવાથી ધર્મની અધિક પ્રભાવના થાય છે. વિધાનો નૈમિત્તિક હોય છે અને પૂજન હરહંમેશની ધર્મક્રિયા હોય છે. પૂજન મુખ્યત્વે વ્યક્તિગત હોય છે, તો વિધાન સામુહિક. પૂજનમાં ભાવનાની મુખ્યતા હોય છે, પ્રભાવનાની નહીં. વિધાનોમાં થતાં ઉત્સવો શ્રાવકો, ભક્તોને ધર્મમાર્ગ ભણી વાળવા માટેના સુંદર સાધનો છે. આવા વિધાનોની સહુથી મોટી ફલશ્રુતિ વાત્સલ્ય ભાવનાનો વિકાસ, વૃદ્ધિ છે. સાથે સાથે સાધકના તપની પણ વૃદ્ધિ થાય છે. વિધાનોમાં પ્રગટ થતાં, ઉલ્લસિત થતાં સામુહિક ભાવોથી અનેક જીવોનું જલદી કલ્યાણ થઈ શકે છે એમ પુરાણ ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ધર્મમાર્ગના પ્રેમી જીવોએ પુરાણ ગ્રંથોનો અભ્યાસ, અધ્યયન કરવા જોઈએ. સઘળી ક્રિયાઓ કરતા કરતા તીર્થંકર પરમાત્માએ પોતાના જીવનકાળને કઇ રીતે વ્યતીત કર્યો તેનું અવલોકન કરવું જોઈએ. આપણી ધર્મભાવનાને સુદઢ કરવા માટે પુરાણોનો અવશ્ય સ્વાધ્યાય કરવો જોઈએ. પ્રત્યેક વ્યક્તિ પૂર્વના સુસંસ્કાર સાથે જન્મી હોય છે. આવશ્યકતા તેને જાગૃત કરવાની હોય છે. થોડી ફૂંક મારતા રાખ ઊડી જઈ, જેમ અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેમ ક્યારેક થોડો ઉપદેશ પણ સંસ્કારી વ્યક્તિના હૃદયમાં હલચલ ઉત્પન્ન કરે છે. વિધાનાદિ, ઉપદેશાદિ ધાર્મિક કાર્યો દ્વારા સ્વયંના ધાર્મિક ભાવો ઉન્નત, સમૃદ્ધ અને પ્રૌઢ બને છે. સ્વાધ્યાયની રુચિ વધારવા માટે પણ પુરાણોનો અભ્યાસ સહયોગી છે. પુરાણોમાં સમાવિષ્ટ પુરાણ-પુરુષોના ઇતિહાસને સાંભળવાથી, જાણવાથી, વાંચવાથી આપણી ભીતર મોક્ષમાર્ગ પ્રત્યેની જિજ્ઞાસા પ્રબળ બને છે. ભગવાન આદિનાથ, ભગવાન મહાવીરનું જીવન કેવું હતું કે

તેઓની દીક્ષા ઇત્યાદિના ઇતિહાસથી આપણામાં ધર્મભાવના સ્વયં જાગૃત થઈ જાય છે. એ મહાપુરુષોએ પ્રશસ્ત કરેલા મોક્ષમાર્ગને જાણી, એ માર્ગ પર ચાલી નીકળવાના ઉત્તમ ભાવો ઉત્પન્ન થાય છે.

સ્વામી સમંતભદ્ર જેવા મહાન આચાર્યોએ આપણામાં જાગૃતિ લાવવા, આપણી ઉન્નતિ માટે આપણને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય તે માટે અનેક શાસ્ત્રોની રચના કરી છે. રત્નકરંડક શ્રાવકાચારના અધ્યયનથી શ્રાવકો માટે કર્મોની નિર્જરા કરવામાં સુગમતા રહે છે. ભાવના અને સંકલ્પશક્તિનો વિકાસ થાય છે. સ્વાધ્યાય અવશ્ય કરવો. દેવદર્શન, અભિષેક, પૂજન ઇત્યાદિ સાથે સાથે સ્વાધ્યાયનો ક્રમ અવશ્ય રાખવો. અલબત્ત પૂજનમાં પણ એક પ્રકારે સ્વાધ્યાય થઇ શકે છે.

આગળ જણાવ્યું તે પ્રમાણે વિધાનોના આયોજનથી જૈન શાસનની અત્યાધિક પ્રભાવના થાય છે. સિદ્ધચક્રમંડલ વિધાન એ એક ઉત્કૃષ્ટ વિધાન છે. તેમાં આત્માથી પરમાત્મા, સિદ્ધ બનવાની પ્રક્રિયા દર્શાવી છે. સિદ્ધના સ્વરૂપને સમજી શકશે તેને સમયસાર અને આ વિધાનમાં કોઇ ફરક નહીં જણાય. સમયસારમાં શુદ્ધ આત્મતત્ત્વનું જ પ્રરૂપણ છે. જે સિદ્ધચક્ર મંડલ વિધાન પૂર્ણ ગદ્‌ગદ્ ભાવોથી કરશે, સાંભળશે તો તેને સમજાશે કે મારું સ્વરૂપ પણ સિદ્ધ સમાન છે, હું પણ પરમાત્મા બની શકું છું. પરંતુ વર્તમાન પર્યાયમાં તેના પર અજ્ઞાનનો લેપ લાગી ગયો છે. તો પુરુષાર્થ તે અજ્ઞાન તિમિરને હટાવવાનો કરવાનો છે.

કોઇ જીવની સ્વાધ્યાય ઇત્યાદિ કરવાની ક્ષમતા નથી, તો તેણે પૂર્ણ ઉત્સાહથી, ભાવથી, રુચિથી જાપ કરવા. આચાર્ય ભગવંતોએ પણ ણમોકાર મંત્રના જાપ કરવાનું શાસ્ત્રમાં સૂચવ્યું છે. આ પણ એક પરમ સ્વાધ્યાય છે. વર્તમાનમાં એક એવી સમજણ પ્રવર્તી રહી છે કે કેવળ શાસ્ત્ર-સ્વાધ્યાયથી કર્મોની નિર્જરા થાય છે અને તે થકી જ પ્રાપ્તિ સંભવે છે પરંતુ એ એકાકી ધારણા સાચી નથી. ણમોકારમંત્રના જાપ થકી જે પોતાના કર્મોનો ક્ષય કરવા ઇચ્છે છે તેને પણ સ્વાધ્યાયશીલ સમજવા. કારણ કે પંચપરમેષ્ઠીનું પૂર્ણ સ્વરૂપ, સમગ્ર તત્ત્વ તેમાં સમાવિષ્ટ છે. પંચપરમેષ્ઠીના ત્રૈકાલિક સ્વરૂપનું ચિંતન, સ્મરણ કરવાથી સમસ્ત તત્ત્વોનું ચિંતન થઇ જાય છે. ઘણા મોટા સાધકો, સંત-સાધુઓ પણ અહર્નિશ પંચ પરમેષ્ઠીના જાપ કરે છે. કર્મનિર્જરા તો ભાવો પર આધારિત છે. સાત્ત્વિક ભાવો, વિકલ્પ રહિત ભાવો કર્મોની નિર્જરા માટેનાં વિશેષ કારણો, નિમિત્તો બને છે. ઉત્કૃષ્ટ ચારિત્રના પાલનથી ફળની પ્રાપ્તિ કરનાર સાધુ-સાધકો માટે ણમોકાર મંત્રનું સ્મરણ પણ કેવળજ્ઞાનનું નિમિત્ત બની શકે છે. જે અભણ છે તેને માટે જપ સાધન ઉત્કૃષ્ટ સાધન છે. નિર્વિકલ્પ થઇને જાપ કરવાથી કર્મોની નિર્જરા છે. વિભાવભાવોથી ભરપૂર અજ્ઞાની જીવ મંત્રના કરોડો જાપ કરે તો પણ તેને કર્મની નિર્જરા નથી. હા ! સામાન્ય પુણ્યબંધ થાય છે.

જે જીવો અલ્પજ્ઞ છે કે જેઓને ગ્રંથ/શાસ્ત્રજ્ઞાન નથી તેવા જીવો માટે શબ્દજ્ઞાન રહિત એવા મુનિ શિવભૂતિ જેવા મહાન સાધક ઉત્કૃષ્ટ પ્રેરણાદાયક ઉદાહરણ છે કે જેઓ જ્ઞાનની મર્યાદા છતાં જેમણે મંત્રસાધના થકી સ્વ-કલ્યાણ કરી સિદ્ધપદને પામી ગયા.

આવા મહાન આચાર્યો, મુનિઓના જીવનના અધ્યયન થકી, પૂજન, વિવિધ વિધાનો ઇત્યાદિના માધ્યમ થકી પોતાના આર્ત્ત રૌદ્રધ્યાનમય જીવનથી હટીને, જીવનનો કેટલોક સમય ધાર્મિક અનુષ્ઠાનમાં પરોવી, સ્વ-પરના પરમાર્થની ભાવના અને પ્રભાવના કરવી એ સાધક, શ્રાવકનું કર્તવ્ય છે.

અહિંસા પરમો ધર્મની જય હો !

**(સાભાર 'વિદ્યાવાણી')**

# ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામીના જુદા જુદા નામો

❋ ❋ ❋ ❋ ❋ ❋ **સંકલનઃ- પારુલબેન ભરતકુમાર ગાંધી** ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋

ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના મુખ્ય બે નામ 'મહાવીર' અને 'વર્ધમાન' બંને સામાન્ય રીતે ખૂબ પ્રચલિત છે. મહાવીરસ્વામી વિષે વધુ માહિતી આપણને 'આચારાંગસૂત્ર'માંથી મળે છે. જુદી જુદી જગ્યાએ આગમોમાં અને જૈન સાહિત્યમાં તેમના જે નામોનો ઉલ્લેખ મળે છે તે જોઈએ તો....

(૧) **વર્ધમાન** :- મહાવીરસ્વામી માતાના ગર્ભમાં આવતાં રાજ્યમાં ધન-ધાન્ય-સંપત્તિ વગેરેમાં વૃદ્ધિ થવા લાગી. આથી માતા-પિતાએ તેમનું ગુણનિષ્પન્ન નામ વર્ધમાન પાડ્યું.

(૨) **શ્રમણ** :- કર્મોને કાપવા માટે જેમણે વિશેષ શ્રમ કર્યો, તેના માટે શ્રમણ શબ્દ લેવામાં આવ્યો. એકબાજુ ૨૩ તીર્થંકરોના કર્મો મૂકીએ અને એકબાજુ એકલા મહાવીરસ્વામીના કર્મો મૂકીએ તો પણ મહાવીરસ્વામીના કર્મો વધી જાય. આ કર્મોને કાપવા તેમને કઠિન પુરુષાર્થ, વધારે પુરુષાર્થ કરવો પડ્યો, એટલું જ નહિ તેમણે વિશેષ તપ પણ કર્યા છે. આ બંનેને કારણે ગુણનિષ્પન્ન નામ શ્રમણ પડ્યું.

(૩) **મહાવીર** :- ભગવાને અનેક કષ્ટો, પરિષહો, ભીષણ ઉપસર્ગો સહન કર્યા, તે પણ સમભાવે. સંગમે છ મહિના ઉપસર્ગો આપ્યા છતાં ભગવાનની આંખમાં તે માટે આંસુ ન આવ્યા. આંસુ આવ્યા તો એ માટે કે આટલા કર્મ બાંધે છે તે કેવી રીતે ભોગવશે! વળી, બાળપણમાં ઈન્દ્રે દેવોની સભામાં બાળ વર્ધમાનના બળના વખાણ કર્યા. તે સાંભળી દેવોએ તેમના બળની પરીક્ષા કરી; જેમાં બાળ વર્ધમાન સાંગોપાંગ ખરા ઊતર્યા. આથી તેમનું ગુણનિષ્પન્ન નામ મહાવીર પાડ્યું. જે બાળક ભવિષ્યમાં પણ પોતાના અનુપમ બળ અને આત્મશક્તિથી દારુણ દુઃખો સહન કરીને વાસ્તવમાં મહાવીર બનશે.

(૪) **વિદેહદિન્ન** :- 'આચારાંગ સૂત્ર'ના, ૨૪ મા અધ્યયનમાં, સૂત્ર ૧૭ માં લખ્યું છે કે - तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे णाये, णायपुत्ते णायकुल णियते, विदेहे, विदेहदिण्णे, विदेहजच्चे, विदेहसूमाले। ભગવાનનું આ નામ માતા ત્રિશલાના કુળ પરથી પાડવામાં આવ્યું છે. માતા ત્રિશલા વૈશાલી ગણાધ્યક્ષ ચેટકની બહેન હતાં. ત્રિશલાનું અપરનામ વિદેહદત્તા હતું. આ ત્રિશલાના પુત્ર એટલે કે વર્ધમાનનું નામ વિદેહ અને વિદેહદિન્ના એમ થયું.

(૫) **જ્ઞાતપુત્ર** :- માતાના કુળને કારણે વિદેહદિન્ના નામ પડ્યું. તે રીતે સિદ્ધાર્થ રાજા જ્ઞાતકુળના હોવાથી, પિતાના વંશને કારણે પ્રભુને णाय - णायपुत्त - ज्ञातपुत्र ને નામે ઓળખવામાં આવે છે. 'જ્ઞાતાધર્મકથા' નામનું છઠ્ઠું અંગ છે તેના માટે એમ કહી શકાય કે જ્ઞાત અથવા જ્ઞાતપુત્ર મહાવીર, તેમણે કહેલી ધર્મકથા એટલે જ્ઞાતાધર્મકથા. દિગંબર પરંપરામાં પણ રાજ્યાર્તિકારે "ज्ञातृधर्मकथा" કહીને જ્ઞાતૃપદનો સ્વીકાર કર્યો છે. આ રીતે જ્ઞાતપુત્ર નામ પડ્યું છે.

(૬) **વૈશાલિય** :- બિહારની એક પ્રાચીન નગરીનું નામ વિશાલા હતું. ત્રિશલાદેવી વિશાલાનગરીના રહેવાસી હતાં. આથી ત્રિશલાનું અપર નામ 'વિશાલા' થયું. આ વિશાલાનો પુત્ર એટલે વૈશાલિક નામ પડ્યું. "विशालायाः आत्यम्- वैशालिकः" - પ્રાકૃત વૈશાલિય.

(૭) **मुणि** :- 'આચારાંગ સૂત્ર'માં ઘણી જગ્યાએ ભગવાન મહાવીર માટે "मुणि" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભગવાનનો વાણી પર સંયમ અસાધારણ હતો. સાડા બાર વર્ષની કઠોર સાધનામાં વચન-પ્રયોગ ઘણો ઓછો કર્યો હતો. આથી અસાધારણ મૌન ગુણને કારણે 'મુનિ' નામ પડ્યું.

એવી રીતે 'माहण' શબ્દ પણ ભગવાન માટે પ્રયોજાયો છે. માહણ- બ્રાહ્મણ અર્થાત્ જેણે બ્રહ્મને જાણ્યો તે બ્રાહ્મણ છે. માહણ શબ્દનો અર્થ મા-હણો એટલે હણો નહિ તે રીતે પણ સમજાવાયો છે.

(૮) **સન્મતિ** :- કોશકાર મહાકવિ ધનંજયે પોતાની 'ધનંજયમાળા'માં ભગવાન મહાવીરના નામનો

ઉલ્લેખ આ રીતે શ્લોકમાં કર્યો છે -

सन्मति महति वीरः, महावीरोऽन्त्य काश्यपः ।
नाथान्वयः वर्धमानः, यतीर्थमिह सांप्रतम् ॥

આમાં છ નામનો ઉલ્લેખ છે-સન્મતિ, મહતિ વીર, મહાવીર, અન્ત્ય કાશ્યપ, નાથાન્વય અને વર્ધમાન. આમાં વર્ધમાન - મહાવીર વિષે પહેલા જોયું. સન્મતિનો અર્થ જેની બુદ્ધિ સત્‌રૂપ છે, અચલ છે, શાશ્વત છે. વિભાવથી જેમની બુદ્ધિમાં લેશમાત્ર પરિવર્તન નથી થતું તે સન્મતિ. ઉત્તર પુરાણ (૭૪/૨૮૨) માં એક કથા આવે છે કે એકવાર સંજય- વિજય નામના જંઘાચરણ (ચારણ રિદ્ધિધારી) મુનિઓના મનમાં તત્ત્વવિષયક શંકા ઉત્પન્ન થઈ. નિવારણ માટે બાળક વર્ધમાન પાસે આવ્યા. વર્ધમાનને જોતાં જ તેમની શંકાનું નિવારણ થતાં એ મુનિઓએ બાળ વર્ધમાનને 'સન્મતિ' નામથી સંબોધિત કર્યા. આચાર્ય સિદ્ધસેન દિવાકરે પોતાના દ્વારા રચાયેલ ગ્રંથને પ્રભુ નામ પરથી 'સન્મતિ પ્રકરણ' નામ આપ્યું. આમ, પ્રભુનું આ નામ અત્યંત પ્રાચીન છે.

**(૯) મહતિ વીર :-** ભગવતી આદિ અંગ સૂત્રોમાં અને ઔપપાતિક આદિ ઉપાંગોમાં કહ્યું છે કે - "समणे भगवं महावीरे तीसे महति महालियाए परिसाए धम्मं आइक्खयइ" અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીરની તે મહાનથી મહાન, બધાથી મોટી પરિષદને ધર્મ કહે છે. આમ, મહાવીર નામનો સંબંધ ભગવાનની મહાન ધર્મપરિષદ સાથે જોડવામાં આવ્યો છે તે યુક્તિસંગત લાગે છે.

**(૧૦) અન્ત્ય કાશ્યપ :-** 'સૂત્રકૃતાંગ'ના ત્રીજા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં અને 'દશવૈકાલિક'ના ચોથા અધ્યયનમાં ભગવાનને કાસવ - કાશ્યપ શબ્દથી સંબોધન કરવામાં આવ્યું છે. ભગવાનનું ગોત્ર કાશ્યપ હતું. કાશ્યપ ગોત્રવાળા ભગવાન અંતિમ તીર્થંકર હતાં. આથી તેમનું આ નામ પડ્યું છે.

**(૧૧) દેવાર્ય :-** આચાર્યપ્રવર શ્રી હેમચંદ્રે પોતાના 'અભિધાન ચિંતામણિ નામમાલા' માં ભગવાન વીરના નીચે પ્રમાણે નામ બતાવ્યા છે- वीर वरमवीर्यकृता ।।२९।। महावीरः वर्धमानः देवार्यः ज्ञातनन्दनः ।।३०।। જ્ઞાતનંદન તે જ્ઞાતપુત્રનું પર્યાયવાચી છે. અન્ત્યકાશ્યપ તથા ચરમતીર્થકૃતનો પણ સરખો અર્થ થાય છે. દેવાર્ય શબ્દમાં દેવ અને આર્ય એ શબ્દ સમાવિષ્ટ છે. તેને દેવરૂપ આર્ય અથવા દેવોના આદરણીય અથવા દેવોના સ્વામી અર્થ થઈ શકે છે. 'આવશ્યક સૂત્ર'ની શ્રી હરિભદ્રરચિત વૃત્તિમાં ઘણી જગ્યાએ 'દેવજ્જ-દેવાર્ય' પદથી સંબોધન થયું છે. આ ઉપરાંત ભગવાન મહાવીર માટે નીચેના નામોનો પણ ઉપયોગ થયો છે; જેમાં વીર, ત્રિશલાતનય, વૈશલેય, સિદ્ધાર્થસુત નામ ગણાવી શકાય.

**સંદર્ભગ્રંથ** - પંડિત બેચરદાસજી દોશી, જૈન વિદ્યા - લાહોર.

**મોક્ષમાર્ગ પર આગળ વધવા માટે**

પીવા જેવી કોઈ વસ્તુ હોય તો તે ક્રોધ,
ખાવા જેવી કોઈ વસ્તુ હોય તો તે ગમ,
બોલવા જેવી કોઈ વસ્તુ હોય તો તે સત્ય,
કરવા જેવી કોઈ વસ્તુ હોય તો તે દયા,
લેવા જેવી કોઈ વસ્તુ હોય તો તે જ્ઞાન,
દેવા જેવી કોઈ વસ્તુ હોય તો તે દાન,
છોડવા જેવી કોઈ વસ્તુ હોય તો તે અહંકાર,
જીતવા જેવી કોઈ વસ્તુ હોય તો તે મન,
ત્યાગવા જેવી કોઈ વસ્તુ હોય તો તે ઈર્ષ્યા,
પરખવા જેવી કોઈ વસ્તુ હોય તો તે બુદ્ધિ,
સફળ થવા માટે, મોક્ષમાર્ગે આગળ વધવા માટે કોઈ વસ્તુ હોય તો તે પુરુષાર્થ-પરિશ્રમ.

**★ કોઇએ કરેલી ભૂલથી એમને ઉતારી પાડવા એ તમારા અહંકારનું પ્રદર્શન છે, પરંતુ એમને સાચો માર્ગ દેખાડવો એ તમારા સંસ્કારનું દર્શન છે.**

**★ દુનિયામાં સૌથી ઓછા વજનવાળું હથિયાર જીભ છે. એના ઘા દેખાતા નથી પણ સીધા હૃદયમાં લાગે છે.**

**★ ખુશ એ માણસ હોય જે દરરોજ પોતાનું મૂલ્યાંકન કરે.**

## શક્તિતઃ તપ ભાવના

પાના નં. ૧૯ પરથી ચાલુ...

**સાવધાનીઓ :-**

(૧) પોતાની તથારૂપ ભૂમિકા વિના એકદમ આવેશમાં આવીને એકાંતવાસ કરવો જોઇએ નહીં, નહિ તો એકાંતમાં જઇને ધર્મધ્યાનની જગ્યાએ આર્ત્તધ્યાન વધારે થાય છે કારણ કે જયાં સુધી આત્મજ્ઞાનની પરિપક્વતા ન આવે ત્યાં સુધી એકલા રહેવાથી અંતરમાં સૂક્ષ્મરૂપથી ભય રહ્યા કરે છે, જે આર્ત્તધ્યાનનું સ્વરૂપ છે, માટે પ્રથમ કોઇ (સાધર્મી) સાથે એકાંતનો અભ્યાસ કરવો જોઇએ, ત્યારબાદ તથારૂપ પ્રબુદ્ધતા અને નિર્ભયતા આવી જાય પછી તે એકલો પણ રહી શકે છે.

(૨) આ કાળમાં વધારે એકાંતવાસમાં ન રહીને સત્સંગમાં રહેવું જોઇએ એવી આગમઆજ્ઞા છે. તેથી અભ્યાસ માટે થોડું એકાંત સેવન કરવું અને ફરી પોતાના સંઘમાં આવી જવું. માત્ર ધ્યાન-સ્વાધ્યાય માટે એકાંતમાં જવું અથવા ક્યારેક નિર્ભયતાની પરીક્ષા કરવા માટે રાત્રે એકાંત-નિર્જન વનમાં પણ રહી શકાય પરંતુ ક્યારેક-ક્યારેક જ રહેવું.

(૩) મનની વૃત્તિઓને સૂક્ષ્મ રીતે પકડવાનું સામર્થ્ય હોય તો જ એકાંતસેવન કરવું જોઇએ. નહીં તો થાય છે આર્ત્તધ્યાન અને જીવ માને છે ધર્મધ્યાન, જેથી ભ્રમદશા બની રહે છે.

(૪) એકાન્ત સેવન ગુરુઆજ્ઞા વિના કરવું જોઇએ નહીં કારણ કે શ્રીગુરુ પોતાની અસાધારણ બુદ્ધિથી શિષ્યની યોગ્યતા જાણે છે. આપણે યોગ્ય હોઇશું તો આજ્ઞા આપશે તથા જો અયોગ્ય હોઇશું તો સંઘમાં રહીને અભ્યાસ કરવાનું કહેશે. જો ગુરુઆજ્ઞાને તોડીને સ્વચ્છંદથી એકાંતસેવન કરીશું તો નિશ્ચિત છે કે લાભ કરતા ઘણું વધારે નુકસાન થશે એવો પૂર્વકાલીન યોગીઓનો અનુભવ છે.

(૫) સ્વચ્છંદના સ્વરૂપને સારી રીતે સમજી લેવું જોઇએ, નહીં તો એકાંતના બહાને જીવ સ્વચ્છંદનું પોષણ કરે છે. ક્યાંક એવું તો નથી કે અન્ય લોકોની સાથે તાલમેલ બેસતો નથી માટે તેમનાથી બચવા એકલો રહે છે કે લોકોમાં મોટો દેખાવા એકાંતનો ઢોંગ કરે છે ઇત્યાદિ મનની સૂક્ષ્મ વૃત્તિઓનું નિરીક્ષણ કરીને પ્રબુદ્ધતાપૂર્વક ગુરુઆજ્ઞાથી એકાંત સેવન કરવું જોઇએ, જેના અનેકવિધ લાભ છે.

■■■


### ફોર્મ નં. ૪, નિયમ : ૮

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા - ૩૮૨૦૦૭.<br>(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)<br>જિ. ગાંધીનગર. ફોન : ૯૪૨૮૬૬૨૩૮૬, ૯૪૨૮૬૬૨૩૭૬ |
| ૨. | **પ્રકાશન-અવધિ** | : | માસિક |
| ૩. | **મુદ્રક-પ્રકાશક-માસિક** | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨૪૨૬. |
| ૪. | **તંત્રીનું નામ** | : | શ્રી મિતેશભાઇ એ. શાહ - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા - ૩૮૨૪૨૬. |

હું નીતિનભાઇ આઇ. પારેખ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

નીતિનભાઇ આઇ. પારેખ - પ્રમુખ

કોબા, તા. ૧-૪-૨૦૨૬

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

# કર્મનો ખેલ

ભાનુબેન ડી. શાહ

જગતની તમામ જીવસૃષ્ટિ પછી પશુ, પક્ષી, પ્રાણી, નારકી, નિગોદસ્થિત, સંજ્ઞી, અસંજ્ઞી, વિકલેન્દ્રિય, પર્યાપ્તા કે અપર્યાપ્તા કોઈપણ હોય, સતત પ્રવૃત્તિમાં પરોવાયેલી રહે છે. પોતાના જીવન-નિર્વાહ, ઉદરપૂર્તિ, સ્વજનો પ્રતિની ફરજો, ધન ઉપાર્જન, સંતાનોના શિક્ષણ-સ્વાસ્થ્ય વગેરે માટે સતત ક્રિયાત્મક રહેવું પડે છે. ક્રિયા વગર કોઈનું જીવન શક્ય નથી. ક્રિયા એટલે કર્મ. કર્મ શબ્દ લોકોના વિચારમાં, ઉચ્ચારમાં અનેકવાર બોલાતો હોય છે. 'અમારા કર્મ પાધરા છે તો વેપારમાં નફો મળ્યો, અમારા કર્મ નબળા છે તો અસાધ્ય બીમારી આવી પડી, અમારા કર્મ નબળા છે તો પરિવાર પ્રતિકૂળ મળ્યો' વગેરે. તેઓ કર્મને નસીબના અર્થમાં દેહલક્ષી દૃષ્ટિથી જોતા રહે છે, પણ જૈન દર્શનમાં કર્મનો અર્થ વિશિષ્ટ રીતે સમજાવવામાં આવ્યો છે.

આના માટે કર્મતંત્રનો સ્વીકાર કરવો પડે છે. કર્મનું ગણિત સો ટકા સત્ય છે, તેમાં કદી ભૂલ થતી નથી. મોટા ભાગના દરેક જીવોનું વર્તમાન કર્મસહિત જ છે. કર્મ સૌને વળગેલાં જ છે. આત્મા જો કર્મોનો કર્તા હોય તો જ કર્મોનો સ્વીકાર થાય. જગતમાં બે દ્રવ્યો મુખ્ય છે-એક આત્મદ્રવ્ય અને બીજું પુદ્‌ગલ દ્રવ્ય છે. આ બે દ્રવ્ય વચ્ચેનો ખેલ કર્મની રચના કરે છે. આત્મા નિત્ય છે, શાશ્વત છે, નિરંજન, નિરાકાર, અમર્ત્ય છે. જ્યારે પુદ્‌ગલ દ્રવ્ય, જડ, અચેતન, જ્ઞાનવિહીન, સંવેદનરહિત પરમાણુઓનો જથ્થો છે. આ બેના સંયોગથી કર્મો બંધાતા હોય છે. કર્મ વિશેની થોડી ગેરસમજ પણ ધ્યાનમાં લેવી જોઈએ. એકલો આત્મા કર્મનો કર્તા નથી. નિશ્ચયનયથી તે કર્મશુદ્ધ, કર્મરહિત છે. કર્મ જ કર્મનો કર્તા છે. એકમાંથી બીજું, બીજામાંથી ત્રીજું એમ કર્મો બંધાયા કરે છે. આ પુદ્‌ગલની એક સ્વાભાવિક પરિણતિ છે. તેમાં આત્માને કોઈ સંબંધ નથી. કર્મ પોતાની મેળે સાહજિક રીતે બંધાતા નથી. કર્મ જીવનો ધર્મ છે એવું હોય તો જીવ કર્મથી કદી મુક્ત થાય નહીં, તેથી મોક્ષની વાત ઉદ્‌ભવે જ નહીં. આત્મા અસંગ નથી, પણ પુરુષાર્થથી પરમાર્થે તે અસંગ થઈ શકે છે. અત્યારે તો તે કર્મના સંગમાં છે. આપણી સત્ત્વ, રજસ, તમસ પ્રકૃતિથી અથવા ઈશ્વરઇચ્છાથી કર્મો બંધાય છે એવું પણ નથી. તેથી કર્મ શું છે, કોના થકી કેવી રીતે બંધાય છે તેનું જ્ઞાન હોવું જરૂરી છે.

આપણો આત્મા હરપળે, હરક્ષણે, હર સમયે કોઈ ને કોઈ ભાવમાં રહેતો હોય છે. પછી તે રાગદ્વેષાદિ અશુભ હોય કે દાન, શીલ, તપ જેવા શુભ ભાવ હોય. આ ભાવને કોઈપણ નિમિત્ત મળતા, તે કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરે છે. શુભાશુભ ભાવોને કારણે આત્મામાં હલચલ, કંપન, સ્પંદન, તરંગો ઉઠે છે. તેથી જગતમાં ઠાંસોઠાંસ ભરેલી કાર્મણવર્ગણાઓને આત્મા પોતાના તરફ આકર્ષે છે, તે આત્માને ચોંટે છે, વળગે છે, આવરિત કરે છે અને કર્મ બંધાય છે. કાર્મણવર્ગણાઓ કર્મબંધનું કારણ બને છે. "રાગ, દ્વેષ, અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ" તેથી રાગદ્વેષાદિના ભાવો સહિત જીવ કોઈપણ નિમિત્ત મળતાં જે પરિણતિમાં આવે છે તેને કર્મ કહેવામાં આવે છે. શુદ્ધ અથવા અશુદ્ધ અધ્યવસાયવાળી આત્માની પરિણતિ-તેને પણ કર્મ કહે છે.

"હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ."

આપણો આત્મા પ્રેરણાબળ પૂરું પાડે છે. તેથી કર્મબંધનું કામ થતું રહે છે. જડમાં પ્રેરણા આપવાની શક્તિ નથી. જડના ધર્મો રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ છે. તેથી તે જાણવાનું, દેખવાનું, વિચારવાનું, પ્રેરણા આપવાનું કામ કરી શકે નહીં. ચેતનનું ચાલકબળ કાર્મણવર્ગણાઓને પોતાના તરફ ખેંચવાનું કામ કરે છે. આત્મા અરૂપી છે, જડ રૂપી છે છતાં અરૂપી આત્મા જડ એવી કાર્મણ વર્ગણાઓને ગ્રહણ કરે છે. અજ્ઞાન તથા મોહયુક્ત અવસ્થામાં આ કામ થાય છે, જેની જીવને ખબર નથી. શ્રીમદ્‌જી

કહે છે કે, અનંતકાળથી આ જીવ સમયે સમયે અનંત કર્મોનો વ્યવસાયી છે અને તેનું કારણ જીવની અજ્ઞાનતા, મોહ, મિથ્યાત્વ, વિપરીત માન્યતા છે. એકવાર જો કર્મનો ઉદય થાય તો ગમે તેવી ઉચ્ચ પદધારી વ્યક્તિ પણ તેને રોકી શકતી નથી. આપણા મહાવીર સ્વામીને પણ જડ કર્મોએ ખૂબ પરેશાન કર્યા છે અને તેમાંથી તેમને મુક્ત થવું પડ્યું છે. ટૂંકમાં આત્માની પ્રેરણા વગર કર્મ જીવને ચોંટતા નથી. આ જીવન આત્મા અને કર્મના સંયોગથી થતી ક્રીડા છે, રમત છે અને તે સતત ચાલતી રહે છે.

આપણું શરીર, મન, ઇન્દ્રિયો, શ્વાસ, આયુષ્ય, મનોવૃત્તિઓ, વિષયની ચાહનાઓ, કષાયો, રાગદ્વેષ, આપણો વર્તમાન આત્મા-બધા પુદ્‌ગલમાં રચ્યાપચ્યા છે. તેના તરફનો આપણો ગમતો ભાવ તેને વિભાવ કહેવામાં આવે છે. આ સર્વથી અલિપ્તતાને સ્વભાવ કહેવામાં આવે છે.

"ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહીં નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ."

ચેતન જો પોતાના શુદ્ધ સ્વભાવમાં રમે, તેમાં ઠરે, સ્થિર રહે તો તે નિજભાવનો કર્તા છે. પણ પોતાના સ્વરૂપને ભૂલીને પર પદાર્થો, વ્યક્તિઓ, સંબંધો વગેરે સંયોગી ભાવમાં રમણ કરે તો તે કર્મનો કર્તા બને છે. જીવ વિભાવ પરિણામમાં વર્તે તો કર્મોથી બંધાય છે અને સ્વભાવ પરિણામમાં વર્તે તો કર્મ બંધાતા નથી. પ્રત્યેક જીવે આ વાત ખાસ યાદ રાખવા જેવી છે કે ચેતન જો કરે છે તો જ કર્મ બંધાય છે, ચેતન જો ન કરે તો કર્મ બંધાતા નથી. આત્માના વિભાવયુક્ત પરિણામને કારણે પુદ્‌ગલવર્ગણાઓ જીવની સાથે બંધાઈને કર્મબંધ કરે છે.

જૈન શાસ્ત્રો કહે છે કે જીવની બે અવસ્થા છે - એક અજ્ઞાન અને અભાન અવસ્થા, બીજી જ્ઞાનયુક્ત, સભાન અવસ્થા. અજ્ઞાન અવસ્થામાં જીવ અનેક પ્રકારની મિથ્યા કલ્પનાઓ, મિથ્યા ભ્રાંતિઓ, તેનું અહંપણું, મમત્વ, દેહને આત્મા માનવાની અને દેહને જ દૃષ્ટિમાં રાખવાની ઘેલછા, તમામ દૈહિક સંબંધોમાં એકરૂપતા, તાદાત્મ્યતા વગેરેના કારણે તેનામાં ગમતું-અણગમતું, ઈષ્ટપણું - અનિષ્ટપણું, માન-અપમાન, હાસ્ય-ખેદ, આર્તધ્યાન-રૌદ્રધ્યાન વગેરેના ભાવો સતત ઉઠ્યા કરે છે. કાર્મણવર્ગણાના પરમાણુઓ જીવની આસપાસ રહે છે. તેથી જીવ જો રાગદ્વેષના, મોહમમત્વના, આસક્તિના, લીનતાના ભાવમાં હોય તો આ જડ પરમાણુઓ જીવ તરફ ખેંચાય છે અને કર્મના રૂપમાં દ્રવ્યકર્મ તરીકે પરિવર્તિત થાય છે. આ કર્મબંધારણમાં જીવના પ્રકૃતિ, પ્રદેશ, રસ, સ્થિતિ વગેરે આવી જાય છે. એટલે કર્મબંધ થતો રહે છે. આઠ પ્રકારના કર્મોમાંથી કયા કર્મનો બંધ પડ્યો, કર્મ બાંધતી વખતે કેવો રસ હતો તીવ્ર કે મંદ, તેના ભોગવટાની સ્થિતિ વગેરે નક્કી થાય છે. આવાં કર્મો ઉદયમાં આવે ત્યારે તેના ભોગવટામાં જીવ ફરી નવાં કર્મો બાંધે છે અને આમ કર્મોનું ચક્ર અનંતકાળ સુધી ચાલ્યા જ કરે છે. જીવમાં જ્યાં સુધી પર ભાવોનું, પર દ્રવ્યોની રુચિનું ગ્રહણ થયા કરે છે ત્યાં સુધી તેનો સંસાર ચાલ્યા કરે છે, અંત આવતો નથી.

જીવનમાં બે ધારા સતત ચાલતી રહે છે- એક આત્મભાવની અને બીજી કર્મભાવની. વિભાવભાવમાં રહેતો જીવ આત્મભાવમાં રહી શકતો નથી. જો આત્મભાવ પર લક્ષ્ય બાંધે તો પોતાનો આંતરિક ખજાનો, આંતરવૈભવ જેવી અનંત મૂડીને, સંપદાને, ઐશ્વર્યને પામી શકે છે. કબીર કહે છે કે, "કબીર સબ જગ નિર્ધના, ધનવંતા નહીં કોઈ, ધનવંતા સબ જાનિયે, રામનામ ધન હોઈ." મીરાંબાઈ પણ કહેતા હતા, "એ જી મૈંને રામ રતન ધન પાયો." આવા લોકોત્તર ધનને પામવા માટે 'આત્મા સો પરમાત્મા'નું રટણ લગાવવું જોઈએ. "સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય." પ્રત્યેક જીવમાં પરમાત્મ તત્ત્વ સમાન રીતે રહેલું છે પણ અત્યારે તે અપ્રગટ છે. તેને પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરવાનો છે. હોવું અને પ્રગટવું તેના વચ્ચે જે અંતર છે, તેને ટાળવાનો જે શ્રમ, મથામણ છે તે જ અધ્યાત્મનો પંથ છે. જો આપણે અધ્યાત્મ માર્ગે પરમાર્થ સાધવા માટે આગેકદમ થવું હોય તો શું કરવું તે વિચારવું પડે. દેહાતીત થવું અને મોક્ષમાર્ગ પકડવો તે આપણું જીવનધ્યેય છે.

"સિદ્ધો જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય,
કર્મમેલકા અંતરા, બુઝે વીરલા કોય."

પ્રત્યેક જીવ સત્તાથી સિદ્ધ સ્વરૂપ છે. જીવ પોતે જ સિદ્ધ છે અને પામવામાં કર્મોની મલિનતા મોટામાં મોટો અંતરાય છે. જો ભાવમળ દૂર થાય તો આત્મદ્રવ્ય પોતાના અસલ સ્વરૂપમાં, સ્વભાવમાં આવી જાય. છતાં એ આવી સાધના, બહુજ જૂજ વ્યક્તિઓ કરી શકે છે ને પામી શકે છે. પ્રત્યેક વ્યક્તિ વીરલ કે અદ્વિતીય નથી કે જે સિદ્ધત્વ સુધી પહોંચી શકે.

"રાગદ્વેષ દો બીજસે, કર્મબંધકી વ્યાધ,
આત્મજ્ઞાન, વૈરાગ્યસે, પાવે મુક્તિ સમાધ."

આત્માને કર્મબદ્ધ કરનાર મજબૂત મૂળિયું રાગદ્વેષ અને તેમાંથી નીપજતાં તમામ પ્રકારના દુર્ભાવો છે. આ મૂળિયું જીવને સંસારના વટવૃક્ષમાં વીંટળાયેલો રાખીને સુખદુઃખનો સદૈવ અનુભવ કરાવે છે. દેહ તો વેદનાની મૂર્તિ છે અને આ વેદના આપનાર દેહાત્મબુદ્ધિ છે. તેથી જીવ ત્રિવિધ તાપમાં ત્રસ્ત, ગ્રસ્ત, સંતપ્ત રહે છે, પણ જો તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ભણી વળે તો વૈરાગ્ય આપોઆપ આવી જાય છે અને સમાધિ દ્વારા કર્મોથી મુક્તિ મેળવી શકે છે. સમાધિ આત્મા સાથે ઐક્ય સાધે છે અને જીવ કર્મોથી અલિપ્ત થાય છે.

"જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ્ય જનમકું પાય,
આત્મજ્ઞાન વૈરાગ્યસે, ધીરજ ધ્યાન લગાય."

દ્રવ્યકર્મો અને ભાવકર્મો જીવ સાથે ઘુંટાઈ ગયા છે, ઘોળાઈ ગયા છે. તેથી આત્માને કર્મોથી ભિન્ન, અલગ કરવાની ધૂનમાં નિત્ય રહેવાનું છે. અમૂલ્ય મનુષ્ય જન્મ સંસારના ભ્રામક, આભાસી સુખો ભોગવવા માટે મળ્યો નથી, પણ સમસ્ત કર્મોથી મુક્ત કરીને આત્માને સ્ફટિક જેવો શુદ્ધ, ધવલ કરવા માટે મળ્યો છે. આ કાર્ય માટેનો સચોટ, રામબાણ ઉપાય આત્મજ્ઞાન છે. આત્મપ્રાપ્તિ ધીરજથી, ધ્યાનમાં સ્થિર થવાથી પામી શકાય છે. આ કામ ઝડપથી એકાદ જન્મમાં કદાચ સફળ થાય તેવું નથી, એના માટે ઘણો સમય કે ઘણા જન્મો લાગી જાય તેવું પણ બની શકે છે.

"શુદ્ધ ચેતન ઉજ્જવલ દરવ, રહ્યો કર્મમલ છાય;
તપ સંયમસે ધોવતા, જ્ઞાનજ્યોતિ બઢ જાય."

વસ્ત્ર તો શ્વેત છે પણ તેના પર મેલ ચઢી ગયો છે, તેને સાબુથી ઘસતા ને પાણીથી ધોતાં વસ્ત્ર મૂળ સ્વરૂપમાં આવી જાય છે. તે રીતે જ આપણો આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોતિમય દ્રવ્ય છે પણ કર્મોનો પડદો, કર્મોનું આચ્છાદન, વાદળાંઓ સૂર્યના પ્રકાશને ઢાંકી દે અને સૂર્ય હોવા છતાં તે દેખાય નહીં તેવું આત્માનું થાય છે. વાદળ હટતાંજ સૂર્યનું તેજ દ્દષ્ટિગોચર થાય છે, તેમ કર્મો હટતાંજ આત્મા ઉજ્જવળ, આભામય છે તે દેખાઈ આવે છે. આ આડશને બાર પ્રકારના તપ અને સંયમ, ત્યાગ, મનો- નિયંત્રણથી દૂર કરવામાં આવે તો તેનો સ્વપર પ્રકાશક ગુણ દૃશ્યમાન થાય છે. જ્ઞાનસ્વરૂપ આત્માની જ્ઞાનજ્યોતિમાં ત્વરિત વૃદ્ધિ થાય છે.

"કર્મ પુદ્‌ગલ રૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુ રૂપ હૈ, બિછડ્યા પદ નિર્વાણ"

કર્મો જડ છે, અચેતન છે, તેનામાં જાણવા-જોવાની શક્તિ બિલકુલ છે જ નહીં. જ્યારે જીવ અનંત જ્ઞાનનો ધણી છે, પણ ચેતન જીવ અને પુદ્‌ગલરૂપ કર્મો બંનેનો સંગ-સાથ-સમાગમ થવાથી જીવ ચારગતિ અને ચોર્યાસી લાખ જીવયોનિમાં જન્મ લઈને અનેક રૂપ ધારણ કરે છે. જન્મ સાથે મરણ જોડાયેલું છે. જીવ કર્મશુદ્ધ નહીં હોવાથી સામાન્ય જનના નિધનને મૃત્યુ કહેવામાં આવે છે, જ્યારે કર્મશુદ્ધ તીર્થંકરોના દેહાંતને નિર્વાણ કહેવામાં આવે છે. જીવ અને કર્મોના આ ખેલને કારણે પ્રત્યેક જીવ નિર્વાણને પામી શકતો નથી.

"ફૂલ અત્તર, ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બંધ્યો મમતા પાય."

આત્મા અરૂપી, અમૂર્ત છે. તેથી સામાન્ય જીવને તે દેખાતો નથી. રૂપી અને મૂર્ત દેહ દેખાય છે. તેથી દેહલક્ષી ક્રિયાઓ નિરંતર ચાલ્યા કરે છે. દેહ સાથેજ જીવ મમતાથી, આસકિતથી, રાગથી બંધાયેલો રહે છે. જેમ ફૂલોમાંથી અત્તર, દૂધમાંથી ઘી અને તલમાંથી તેલ મળે છે, પણ તેમાં હોવા માત્રથી તેનું અસ્તિત્વ દેખાતું નથી. તેને બહાર

લાવવા માટે તેના પર ઘણી પ્રક્રિયાઓનો મારો ચલાવવો પડે છે ત્યારે પ્રાપ્ત થાય છે. તેવી રીતે જડ કર્મો સાથે લિપ્ત થયેલા આત્માને ધ્યાન, સાધના, સમાધિ દ્વારા અલિપ્ત કરીને તેના અસલી સ્વરૂપ, સ્વભાવને પ્રગટ કરવો પડે છે. પુરુષાર્થ વિના કાંઈજ મળતું નથી.

"જયું બંદર મદિરા પીયા, બિછુ ડંકિત ગાત;
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોકા ઉત્પાત."

કર્મોની હાજરી જીવને અતિ પીડાદાયક, વેદનામય છે. અશાંતિ, અસુખ, વ્યથા, અંતરદાહ, વ્યાકુળતા જીવને સ્વસ્થ કે સ્થિર રહેવા દેતા નથી. ઉદાહરણથી સમજાવે છે કે વાંદરાને દારૂ પીવડાવીએ, વીંછી શરીર પર ડંખ મારે, ભૂતના વળગાડવાળો ચિત્રવિચિત્ર વર્તન કરે તો લોકો તેનાથી ત્રાહિમામ થઈ જાય છે; તેવી રીતે કર્મો પણ જીવમાં ઉત્પાત, ઉદ્વેગ, ઉચાટની પરિસ્થિતિ ખડી કરી દે છે. કર્મો સાથે સંકળાયેલો જીવ મૂઢ બની જાય છે. તેથી આવા દુઃખદાયક, પીડાદાયક કર્મોને દૂર કરીએ તો જ ચૈતન્યનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

"બાંધ્યા બિન ભુગતે નહીં, બિનભુગત્યાં ન છૂટાય;
આપ હી કર્તા ભોગતા, આપહી દૂર કરાય."

કર્મો આત્મા સાથે બંધાયેલા હોય તેને ભોગવવા પડે છે. તેમાંથી પસાર થયા વગર છૂટકારો મળતો નથી. જે જીવ કર્મો સાથે જોડાય છે તેને કર્મો બંધાય છે અને તેમાંથી તેણે સ્વયંજ મુક્ત થવું પડે છે.

"બાંધ્યા સોહી ભોગવે, કર્મ શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ."

જે જીવ શુભ કે અશુભ ભાવ કરીને કર્મો બાંધે છે તેને જ તેની પીડા સહન કરવી પડે છે. આમાં ભાગીદાર કોઈ થતું નથી. તેથી ચિત્તને દુષ્ટ ભાવો, કષાયોથી મુક્ત કરીને, સમાધિમાં સ્થિર થઈને, આત્માને તેમાં પરોવીએ અને તેની સાથે એકરૂપ થઈએ તો કર્મોની નિર્જરા થાય છે અને આત્મા કર્મમુક્ત, નિર્લેપ, સ્વચ્છ, શુદ્ધ બને છે.

છેલ્લે કહીએ તો જીવ કર્મોના પ્રભાવથી, અજ્ઞાન-મિથ્યાત્વથી, રાગદ્વેષ-આસકિતથી, વસ્તુ-સંપત્તિ વગેરેના માલિકીભાવથી કર્મબદ્ધ બનતો રહે છે અને તેનું સંસાર પરિભ્રમણ અનંતકાળ સુધી ચાલતું રહે છે. જો તે નિજભાનમાં રહે તો કર્મોના કર્તા-ભોક્તાભાવથી સ્વાધીન થઈ શકે છે સંપૂર્ણ કર્મવિહીન બનીને પરમાત્મ સ્વરૂપને સાધ્ય કરી શકે છે, અનંત, અવ્યાબાધ, સુખધામ સિદ્ધદશામાં આરૂઢ થઈ શકે છે.

તેથી સત્તામાં રહેલી સિદ્ધત્વની શક્તિને પુરુષાર્થ દ્વારા પ્રગટ કરીને આત્મા અને કર્મોના સંયોગી ખેલમાં જ્વલંત સફળતા, જીત હાંસલ કરીએ એવી સર્વ જીવો માટે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## સમાધિતંત્રનું અમૃતરસપાન ....

**પાના નં. ૨૫ પરથી ચાલુ...**

નિરંતર રહે. દિવસ રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. શુદ્ધ સ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય અરીસામાં પ્રતિબિંબ રૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્ય દ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મના ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદા છે. આ ભાવોની સમ્યક્ સુવિચારણા પ્રત્યેક સાધકે કરવી પરમ આવશ્યક છે.

"બુદ્ધિને હિત જ્યાં લાગે, શ્રદ્ધા તેમાં જ ચોંટતી;
શ્રદ્ધા જ્યાં ચોંટતી ત્યાં જ, ચિત્તની લીનતા થતી ॥૯૫॥"

**- પૂજ્ય બ્રહ્મચારીજી**

"જેમાં મતિની મગ્નતા, તેની થાય પ્રતીત;
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન॥૯૫॥"

**- શ્રી છોટાલાલભાઈ ગાંધી**

स्वामी ! जहाँ मनुज बुद्धि लगी रही है,
होती नितान्त उसकी रुची भी वहीं है ।
होती यदा रुचि जहाँ अयि भव्य !मित्र,
होता सुलीन मन है वह नित्य तत्र ॥९५॥

**- પૂ. વિદ્યાસાગરજી મહારાજ (ક્રમશઃ)**

## સમાજ-સંસ્થા દર્શન

### સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદો માટે છાશવિતરણ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા મેડિકલ સેવાઓ, રક્તદાન શિબિર, ગુરુકુળ સંચાલન દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચન, કપડાં વિતરણ આદિ સમાજોપયોગી પ્રવૃત્તિઓ પણ ચાલી રહી છે. પૂજ્યશ્રી આત્માનંદજીની આજ્ઞા અને શુભાશીર્વાદથી છેલ્લા ઘણા વર્ષોથી સંસ્થા દ્વારા જુદાં જુદાં સ્થળોએ નિઃશુલ્ક છાશકેન્દ્રો ચલાવવામાં આવે છે; જેથી જરૂરતમંદ લોકો માટે છાશનું વિતરણ થઇ શકે.

પૂજ્ય બહેનશ્રી તથા બા.બ્ર.પૂ. સુરેશજીના સાન્નિધ્યમાં તથા સંસ્થાના માનનીય ટ્રસ્ટીવર્યોની હાજરીમાં તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ છાશકેન્દ્રોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. નવા કોબા, જૂના કોબા, વાઘોડિયા તલાવડી, નભોઈ, મહાવીરપુરમ વગેરે કેન્દ્રો પરથી જરૂરતમંદોને છાશવિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કસ્તૂરબા વિદ્યાલય, સંસ્થાના કર્મચારીઓ તથા જરૂરતમંદોને છાશવિતરણ કરવામાં આવે છે. એક દિવસનો છાશકેન્દ્રો ચલાવવાનો અંદાજિત ખર્ચ રૂા. ૫૦૦૦/- આવે છે. છાશકેન્દ્રો દ્વારા કુલ ૫૫૦ જેટલા પરિવારો (૩૦૦૦ વ્યક્તિઓ) ને વ્યક્તિદીઠ ૨૫૦ ગ્રામ છાશનું વિતરણ કરવામાં આવે છે. આ સેવાકાર્યના યજ્ઞમાં શ્રી ભૂપતસિંહ ડાભી, શ્રી અરુણભાઈ બગડિયા, શ્રી દીપકભાઈ શેઠ, ભોજનાલય સ્ટાફ, શ્રી કિરણ વાલ્મિકી, શ્રી સુનીલ રાવળ, શ્રી રાહુલ રાવળ, શ્રી રમેશભાઈ ઠાકોર વગેરે સેવાભાવી સેવકો નિઃસ્વાર્થભાવે સેવાઓ આપી રહ્યા છે. સર્વે સેવાભાવી મહાનુભાવોના સેવાકાર્યની અનુમોદના કરીને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

તા. ૦૧-૦૪-૨૦૨૬ થી ઉપરોક્ત છાશકેન્દ્રોનો શુભારંભ કરવામાં આવ્યો. આ સેવાકાર્યના યજ્ઞ માટે આર્થિક યોગદાન આપીને પુણ્યાર્જન કરવા સર્વે દાનવીર મહાનુભાવોને વિનંતી કરીએ છીએ. આ સત્કાર્ય માટે આર્થિક યોગદાન આપનારા સર્વે દાતાઓને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. આ નિઃશુલ્ક સેવા અંતર્ગત દૂધ તથા વિતરણ વ્યવસ્થાના ખર્ચને પહોંચી વળવા માટે એક દિવસનો સેવા-લાભ (નકરો) રૂા. ૫૦૦૦/- (અંકે પાંચ હજાર) રાખવામાં આવ્યો છે. આ સેવાકાર્યમાં યોગદાન આપવા ઈચ્છતા પુણ્યશાળી મહાનુભાવોને નીચે દર્શાવેલ સેવકોનો સંપર્ક કરવા વિનંતી. (૧) શ્રી નીતાબેન લોઢિયા (મેનેજરશ્રી) (મો) ૯૭૨૩૩૫૦૩૬૯ (૨) શ્રી અલ્પેશભાઈ કોઠારી (એકાઉન્ટન્ટ) (મો) ૯૯૧૩૬૮૪૫૧૫ (૩) શ્રી બિપીનભાઈ મણિયાર (ટ્રસ્ટી) (મો) ૯૮૨૫૦૩૬૬૧૬ (૪) ડૉ. રાજેશભાઈ સોનેજી (ટ્રસ્ટી) (મો) ૯૮૨૪૦૪૭૬૨૧. ઓનલાઇન ફંડ ટ્રાન્સફર અથવા બેંકમાં રકમ જમા કરાવ્યા બાદ તેની વિગતો સાથે દાતાના પાનકાર્ડની કોપી ઉપરોક્ત કોઇપણ મોબાઇલ નંબર પર વોટ્સઅપ દ્વારા મોકલી આપવા વિનંતી છે, જેથી રસીદ આપી શકાય.

### વિદ્યાર્થીઓ માટે રાહતદરે ફુલસ્કેપ ચોપડા વિતરણ અંગે વિજ્ઞપ્તિ

વિદ્યાર્થીઓ માટે રાહતદરે ફુલસ્કેપ ચોપડા વિતરણની સેવાઓ ૧ એપ્રિલથી શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ પ્રસ્તુત કરી ફુલસ્કેપ ચોપડાઓ મેળવી લેવા વિનંતી. એક નંગ ફુલસ્કેપ ચોપડાની કિંમત રૂા.૨૦/- રાખવામાં આવી છે. આ માટે આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી (રાજકોટ) તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે.

### સંસ્થામાં ચૈત્ર માસની આયંબિલની ઓળી સંપન્ન

આપણી સંસ્થામાં નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ ચૈત્ર માસની આયંબિલની ઓળી કરી હતીઃ-

(૧) બા.બ્ર.શ્રી છાયાબેન શેઠ, (૨) શ્રી હંસાબેન ભાવાસાર, (૩) શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ, (૪)શ્રી સુશીલાબેન કારાણી

તા. ૦૩-૦૪-૨૦૨૬ ના રોજ તપસ્વીઓને પારણા કરાવવામાં આવ્યા. કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પોતાની શક્તિ અનુસાર છૂટક આયંબિલ પણ કર્યા હતા. સર્વે તપસ્વી ભાઈ-બહેનોના તપની અનુમોદના કરીને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં પૂજ્ય મહાસતીજીઓનું શુભાગમન

પૂ. આચાર્યશ્રી શિવમુનિજી તથા પૂ. શ્રી ધર્મમુનિજી મહારાજના આજ્ઞાનુવર્તી પૂ. અપૂર્વપ્રજ્ઞા આદિ ઠાણા-૪ (હરિયાણા) આપણી સંસ્થામાં પધાર્યા હતા. તેઓશ્રીના વ્યાખ્યાનનો અને વૈયાવચ્ચનો સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

## સાબરકાંઠા વિસ્તારમાં સત્સંગ મેળાવડા સાનંદ સંપન્ન

સાબરકાંઠાના વિવિધ વિસ્તારોમાં માર્ચ માસમાં સત્સંગ મેળાવડા સંપન્ન થયા; જેમાં આપણી સંસ્થામાંથી પૂ. બા.બ્ર.સુરેશજીએ ઉપસ્થિત રહીને સૌને સત્સંગ-સ્વાધ્યાયનો લાભ આપ્યો હતો. (૧) તા. ૧૪-૦૩-૨૦૨૬ ના રોજ જામડા (હિંમતનગર) મુકામે સત્સંગ મેળાવડો યોજાયો હતો. (૨) તા. ૧૫-૦૩-૨૦૨૬ ના રોજ વસાણા ગામમાં સત્સંગ મેળાવડો યોજાયેલ. (૩) તા. ૨૬-૦૩-૨૦૨૬ ના રોજ શ્રી રામનવમી નિમિત્તે લક્ષ્મીપુરા ગામમાં સત્સંગ મેળાવડો યોજાયો હતો. પૂ. સુરેશજીએ 'વૃત્તિઓને કેવી રીતે જીતવી ?' તથા 'અન્યાય, અનીતિ, અભક્ષ્યનો ત્યાગ' વિષય પર રસપ્રદ શૈલીમાં સ્વાધ્યાય આપ્યા હતા. (૪) તા. ૦૧-૦૩-૨૦૨૬ ના રોજ વિશ્વ હિંદુ સંમેલન રાયસણ (જિ. ગાંધીનગર) ગામમાં યોજાયું હતું; જેમાં આપણી સંસ્થામાંથી બા.બ્ર.પૂ. સુરેશજીને નિમંત્રણ મળેલ. આ સંમેલનમાં પૂ. સુરેશજીનું અભિવાદન (બહુમાન) કરવામાં આવ્યું હતું. (૫) તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રોજ હૂંજ (ભિલોડા) ગામમાં સત્સંગ મેળાવડો યોજાયો હતો.

## સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ તથા મુલાકાતો

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ-ગુરુકુળ' ના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ તથા મુલાકાતો નીચે મુજબ છેઃ (૧) વિદ્યાર્થીઓ મહુડી જૈન તીર્થના દર્શનાર્થે ગયા હતા. આ ઉપરાંત 'મીની અમરનાથ' ની મુલાકાત લીધી હતી અને રાઇડ્સનો આનંદ માણ્યો હતો. (૨) ગુરુકુળમાં આદ. ડૉ. તિષ્નાજી જૈન પધાર્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને એકાગ્રતા, ધ્યાન તેમજ શરીરમાં રહેલા વિવિધ ચક્રોનું મહત્ત્વ અને તેને કેવી રીતે જાગૃત કરવા વગેરે બાબતોની સમજ આપી હતી.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| માર્ચ -૨૦૨૬ દાતાશ્રીઓની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | સ્થળ | રકમ | દાન |
| ૧ | શ્રી નીલીમાબેન ગુણચંદ્રજી સરૈયા | અમદાવાદ | ૧૨૦૦૦ | જીવદયા, ગુરુકુળ, સાધારણ, જ્ઞાનદાન |
| ૨ | શ્રી અનિલભાઈ વિરજીભાઈ સોનેજી | અમદાવાદ | ૨૫૦૦૦ | દિવ્યધ્વનિ સહયોગ, છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૩ | શ્રી હિતેન્દ્રભાઈ પ્રતાપરાય મહેતા | પુના | ૨૫૦૦૦ | ભોજનાલય |
| ૪ | શ્રી ડૉ. પરેશભાઈ આર. મહેતા | અમદાવાદ | ૧૦૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | શ્રી અશ્વિનભાઈ ભીખાભાઈ શાહ | USA | ૧૫૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૬ | શ્રી હેમલબેન બી. શાહ | USA | ૧૫૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૭ | શ્રી મહેન્દ્રભાઈ શરતચંદ્ર મહેતા | પુના | ૧૦૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૮ | શ્રી ચંદ્રિકાબેન વીરચંદભાઈ પંચાલી | બોટાદ | ૧૫૧૦૦૦ | ભોજનાલય કાયમી તિથિ |
| ૯ | શ્રી ચંદ્રિકાબેન વિપાણી<br>હસ્તે : શ્રી સંજીવભાઈ વિપાણી | USA | ૬૪૦૦૦ | સાધારણ, જીવદયા |
| ૧૦ | શ્રી તરલાબેન દિનેશચંદ્ર બાવીશી | કોબા | ૫૦૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૧૧ | શ્રી બીનાબેન જયકાંતભાઈ સોમાણી | અમદાવાદ | ૧૫૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૧૨ | શ્રી દક્ષેશભાઈ મચ્છર | અમદાવાદ | ૧૫૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૧૩ | શ્રી બકુલભાઈ પી. પારેખ | ચેન્નઈ | ૧૦૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૧૪ | શ્રી દિનેશભાઈ આર. સોની | અમદાવાદ | ૧૦૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૧૫ | શ્રી સુધાબેન પ્રફુલ્લભાઈ લાખાણી | કોબા | ૨૨૨૨૨૨ | અતિથિભવન |
| ૧૬ | શ્રી અમનકુમાર જૈન | દિલ્હી | ૧૧૦૦૦ | સાધુ-ત્યાગી વૈયાવચ્ચ |
| ૧૭ | Arpan Newborn Care Centre<br>હસ્તે : ડૉ. આશિષભાઈ એ. મહેતા | અમદાવાદ | ૧૬૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬ |
| ૧૮ | Chamberlains UK LLP<br>હસ્તે : શ્રી રમેશભાઈ શાહ | London | ૨૪૦૯૦૦ | મેડિકલ સહયોગ |
| ૧૯ | શ્રી ભરતભાઈ શરતચંદ્ર મહેતા | પુના | ૧૦૦૦૦ | છાશકેન્દ્ર-૨૦૨૬, ગુરુકુળ |

## વૈરાગ્ય સમાચાર



**[૧] મુંબઈ :-** આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુ **ભાઈશ્રી હસમુખભાઈ મેઘજી છેડા**નું તા. ૦૮-૦૩-૨૦૨૬ ના રોજ ૭૩ વર્ષની વયે દેહાવસાન થયું છે.


શ્રી હસમુખભાઈનો જન્મ તા. ૦૬-૦૪-૧૯૫૨ ના રોજ મુંબઈમાં થયો હતો. નાનપણથી જ તેઓમાં સાદગી અને પરોપકારના સંસ્કારો દૃષ્ટિગોચર થતા હતા. નાનપણથી જ તેઓને વાંચન-લેખનનો ખૂબ શોખ હતો. અભ્યાસની સાથે સાથે તેઓ દુકાનમાં પણ મદદરૂપ થતા અને પોતાના નાના ભાઈ-બહેનોને અભ્યાસમાં સહાય કરતા તેમજ ઘરની જવાબદારીઓ પણ નિભાવતા હતા. ધંધો કરતાં કરતાં તેઓએ ડી.ફાર્મ નો કોર્સ પૂર્ણ કર્યો હતો; જે તેઓની શીખવાની ધગશ અને ઉત્સાહ દર્શાવે છે. તેઓ સારા પુસ્તકો ખરીદી લેતા અને તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતા. પોતાના સંતાનોમાં પણ તેઓએ સદ્વાંચનની આદત વિકસાવી હતી. તેઓને આયુર્વેદમાં ઊંડો રસ હતો. આયુર્વેદના પુસ્તકો વાંચીને તેઓએ આ જ્ઞાન સંપાદિત કર્યું હતું. નવું નવું શીખતા રહેવું અને અપનાવતા રહેવું - એ તેઓના જીવનની નોંધપાત્ર વિશેષતા હતી. આયુર્વેદના અભ્યાસથી તેઓએ પાઉડરનો કાડો બનાવ્યો હતો અને નજીવી કિંમતમાં લોકોના સ્વાસ્થ્ય અર્થે તે કાડો પૂરો પાડતા.

તેઓ સાંતાક્રુઝ સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર કેન્દ્રમાં સત્સંગ અર્થે જતા, જે તેઓના જીવનમાં ઊંડું અને સકારાત્મક પરિવર્તન લાવવામાં નિમિત્તરૂપ બન્યું. તેઓએ પોતાના સંતાનોમાં ઉચ્ચ અભ્યાસ સાથે સુસંસ્કારોનું સિંચન કર્યું હતું. તેઓ પોતાના પરિવારજનોને કહેતાં કે જીવનમાં માત્ર ભૌતિક પ્રગતિ જ નહિ, ધર્મ તરફ

પણ આગળ વધીએ. જીવનમાં અધ્યાત્મ આવશ્યક છે. જીવનમાં થોડો સમય ધર્મ અને આત્મચિંતન માટે પણ ફાળવવો જોઈએ. પોતાના સંતાનો પ્રત્યેની જવાબદારી પૂર્ણ કર્યા બાદ ઈ.સ. ૨૦૧૬ માં તેઓએ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો કે હવે જીવનનો બાકીનો સમય પૂર્ણરૂપે ધર્મ અને આધ્યાત્મિકતા માટે સમર્પિત કરવો અને તેઓ કોબા આશ્રમમાં રહેવા માટે આવી ગયા અને પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં અધ્યાત્મક્ષેત્રે પ્રગતિ કરતા રહ્યા.

'યથા નામ તથા ગુણ' અનુસાર તેઓનો હસમુખો અને મળતાવડો સ્વભાવ હતો. સંસ્થાના દરેક મુમુક્ષુને અને સંસ્થાને મદદ કરવા માટે તેઓ તત્પર રહેતા. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને દૃઢ ભક્તિભાવ અને સમર્પણભાવ હતો. તેઓએ પોતાની જીવનરૂપી લત્તાને સુસંસ્કારરૂપી જળથી સદા નવપલ્લવિત રાખી હતી. સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેમજ આગામી બે-ચાર ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**[૨] મુંબઈ :-** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગનો લાભ લેતા **આદ. મહેન્દ્રભાઈ હિંમતલાલ વોરા**નું તા. ૨૭-૦૩-૨૦૨૬ ના રોજ ૭૬ વર્ષની વયે દેહાવસાન થયું છે.



તેઓ સરળ, નિખાલસ અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હતા. 'અહિંસા પરમો ધર્મ' સૂત્રને તેઓએ પોતાના જીવનમાં આત્મસાત્ કર્યું હતું. તેઓને વીતરાગમાર્ગ, સત્‌દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઊંડી આસ્થા હતી. તેઓ દુઃખી જીવોના દુઃખ દૂર કરવા સદા તત્પર રહેતા. 'परोपकाराय सतां विभूतयः' અનુસાર તેઓના જીવનમાં ઉત્કૃષ્ટ પરોપકાર દૃષ્ટિગોચર થતો હતો. તેઓ કોમળ હૃદયના હતા. કોઈનું દુઃખ જોઈને તે દૂર કરવા મદદરૂપ થતા. સાધુ-સંતોની સેવામાં સદા અગ્રેસર રહેતા. શ્રાવકના મુખ્ય આવશ્યક એવા દાનધર્મને તેઓએ જીવનમાં અગ્રિમતાના ધોરણે અંગીકાર કર્યો હતો. તેઓ ગુપ્તદાનમાં માનતા હતા. જીવદયા તો તેઓના લોહીના પ્રત્યેક કણમાં વણાયેલી હતી. તેઓ પોતાના ખિસ્સામાં પૂંઠાનું નાનું કાર્ડ રાખતા. ચાલતી વખતે રસ્તામાં કોઇ જીવજંતુ દેખાય તો તેને યત્નાપૂર્વક લઈને તેઓ સલામત જગ્યાએ મૂકતા. શરીરની સ્વસ્થતા હતી ત્યાં સુધી તેઓ દરરોજ ઓછામાં ઓછી ત્રણ સામાયિક કરતા. સ્વાધ્યાય, સદ્‌વાંચન, ભક્તિ તેમજ પરોપકારના કાર્યોમાં તેઓ અવિરતપણે પ્રવર્તતા હતા. પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી તથા બા.બ્ર. પૂ. સુરેશજી પ્રત્યે તેઓને અનન્ય શ્રદ્ધા હતી. છેલ્લા ચાર-પાંચ વર્ષમાં તો તેઓના જીવનમાં આત્મસાધનાની મુખ્યતા રહી હતી. તેઓ કોબા આશ્રમમાં રહીને સાધના કરતા હતા. તેઓએ પોતાની જીવનરૂપી લત્તાને સદ્‌ગુણોરૂપી જળના સિંચન દ્વારા સદા નવપલ્લવિત રાખી હતી. તેઓના દેહાવસાનથી તેઓના કુટુંબીજનો અને સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ, શાતા અને સદ્‌ગતિ અર્પે તેમજ આગામી બે-ચાર ભવમાં તેઓ પંચમગતિને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૩] હિંમતનગર :-** સંસ્થામાં પ્રસંગોપાત પધારીને સત્સંગનો લાભ લેતા મુમુક્ષુ **આદ. શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ**નું તા. ૨૬-૩-૨૦૨૬ ના રોજ ૯૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે વિશેષ ભક્તિભાવ હતો. સંસ્થામાં અવાર-નવાર પધારીને તેઓ સ્વાધ્યાયનો લાભ લેતા હતા. ચીવટ, સાદગી, નિખાલસતા જેવા ગુણો તેઓમાં દૃષ્ટિગોચર થતા હતા. તેઓ 'દિવ્યધ્વનિ' ના આજીવન સભ્ય હતા. સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ, શાતા, સદ્‌ગતિ અર્પે અને થોડા ભવમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા છાશવિતરણ વેળાએ










આયંબિલની ઓળીના તપસ્વીઓના પારણા




વિશ્વ હિંદુ સંમેલન દ્વારા બા.બ્ર.પૂ.શ્રી સુરેશજીનું અભિવાદન

Registered under RNI No. : GUJGUJ/2008/25883

Permitted to post at Ahmedabad Unaccountable L1 on 15th of every month under Postal Regd. No. : G-GNR-356
issued by DY.SPO Gandhinagar Valid upto 31-12-2026 - Publication Date 15th of every month

**ઉનાળાની ઋતુમાં ગરમીનો પ્રકોપ વધશે. પાણીના અભાવમાં કોઇ પશુ-પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના આંગણે, વરંડા કે અગાસી પર પાણીથી ભરેલા કૂંડા તથા પક્ષીઓ માટે ચણ  મૂકવા માટે કોબા પરિવાર આપને નમ્ર નિવેદન કરે છે.**



## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૨૬ ના અંક માટે નીચેના પ્રત્યેક દાનવીર મહાનુભાવોનો
રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ સાંપડ્યો છે. સંસ્થા તેઓશ્રીઓના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૧ **સ્વ. માતુશ્રી શારદાબેન રમણલાલ શાહ (નરોડાવાળા) ના સ્મરણાર્થે**
**હસ્તે : શ્રી ડૉ. હેમંતભાઈ રમણલાલ શાહ**

૨ **દેવ, અવી અને રીના સમીર ખંધાર (L.A., USA)**

૩ **શ્રીમતી નીલાબેન તરુણભાઈ વખારીયા, સાયન (ઇ), મુંબઈ**

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 426. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,